JET CARGO
Jay Jyot Group
PICKED UP. DELIVERED.
ઈન્ટરનેશનલ કુરિયર સર્વિસ
ઘર વપરાશની વસ્તુઓ (હાઉસ હોલ્ડ આઈટમ) મોકલવા માટેનો શ્રેષ્ઠ વિકલ્પ.
USA - UK - CANADA - UAE
AUSTRALIA - GERMANY Etc.
૨૦/સરદારનગર મેઈન રોડ, સર્વેશ્વર ચોક પાસે, રાજકોટ-૩૬૦૦૦૧
+91 83209 88001 +91 98249 30350

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ચૈત્ર વદ -૪ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૭-૪-૨૦૨૫ - ગુરૂવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૯ અંક : ૨૦૦ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

સ્પેશ્યલ થેપલા મિક્સ
MGC™
મધુભાઈ ગોરધનભાઈ ચેવડાવાળા
લીમડા ચોક • રૈયા રોડ • કોઠારીયા રોડ • અમીન માર્ગ • નાના મૌવા રોડ • શીતલ પાર્ક • જામનગર રોડ • યુની. રોડ • આનંદ બંગલા ચોક • કુવાડવા રોડ • બાપા સીતારામ ચોક

શેરબજારમાં તેજીનો અસલી રંગ; સેન્સેકસમાં ૧૫૫૦ પોઈન્ટનો ઉછાળો ૯

ત્રિકોણબાગ પાસે ટાઈટન વર્લ્ડ શો-રૂમમાંથી ૭૨ લાખની બેખૌફ ચોરી ૮

શનિ-રવિ બે દિવસ સૌરાષ્ટ્ર-કચ્છના મેડિકલ ફિલ્ડ માટે ઉપયોગી ફિઝિશિયન કોન્ફરન્સ ૧૪

### વકફ કાયદાને પડકારતી ૭૩ થી વધુ અરજી પર સુપ્રિમ કોર્ટમાં સતત બીજા દિવસે સુનાવણી

# વકફ કાનૂન મામલે 'યથાવત સ્થિતિ'નો આદેશ: બોર્ડમાં નિમણુંક નહીં થઈ શકે



નવી દિલ્હી તા.૧૭

વકફ (સુધારા) કાયદા ૨૦૨૫ ની બંધારણીય કાયદેસરતાને પડકારતી અરજીઓ પરની સુનાવણીમાં આજે કેન્દ્ર સરકાર પાસે સાત દિવસમાં જવાબ માંગ્યો હતો અને આ દરમ્યાન 'સ્ટેટસ કવો'માં (યથાવત સ્થિતિ) જાળવવાનો આદેશ કર્યો હતો. સાથોસાથ અંતરિમ આદેશ સુધી વકફ બોર્ડમાં કોઈ નિયુકિત નહિં કરવાનો પણ હુકમ કર્યો હતો.

## અરજીઓ પર જવાબ રજુ કરવા કેન્દ્ર સરકારને સાત દિવસનો સમય; પ્રત્યુતર માટે અરજદારોને પાંચ દિવસ: નવી સુનાવણી ૫ મેના રોજ થશે

વકફ સુધારા વાયદાને પડકારતી ૭૩ થી વધુ અરજીઓ પર સુપ્રિમ કોર્ટમાં સતત બીજા દિવસે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કેન્દ્ર સરકારે અદાલતમાં બાહેંધરી આપી હતી કે નવી સુનાવણી સુધી 'વકફ બાયડીડ' તથા 'વકફ બળ યુઝર'ને ગૈર-અધિક સુચિત નહિં કરે.સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકારને અરજીઓ પર જવાબ રજુ કરવા સાત દિવસનો સમય આપ્યો હતો અને આ દરમ્યાન કેન્દ્રીય વકફ પરિષદ તથા બોર્ડોમાં કોઈ નિયુકિત નહીં કરવાનો આદેશ કર્યો હતો. ચીફ જસ્ટીસે કહ્યું કે કોઈ વકફ સંપતિનું રજીસ્ટ્રેશન ૧૯૯૫ ની જોગવાઈ હેઠળ થયુ હોય તો તે સંપતિ સાથે છેડછાડ ન થઈ શકે.

કેન્દ્ર સરકાર તરફથી હાજર થયેલા સોલીસીટર જનરલ તુષાર મહેતાએ દસ્તાવેજોનાં જવાબ આપવા માટે સાત દિવસનો સમય માંગ્યો હતો.

સુપ્રિમ કોર્ટે સાત દિવસનો સમય આપ્યો હતો અને તેના જવાબ સુધી વકફ સંપતિની સ્થિતિ યથાવત રાખવાની અર્થાત પ્રત્યાક્ષી સ્થિતિ રાખવા તાકીદ કરી હતી. ઉપરાંત નવા આદેશ સુધી નવા કાનુન હેઠળ કોઈ નવી નિયુકિત નહિં કરવા પણ જણાવ્યું હતું.

અદાલતે કહ્યું કે સુનાવણી દરમ્યાન સોલીસીટર જનરલે સાત દિવસમાં સંક્ષિપ્ત જવાબ આપવા માંગણી કરી હતી અને બાહેંધરી આપી છે કે નહિં તારીખ સુધી બોર્ડ તથા પરિષદમાં કોઈ નિયુકિત નહિં થાય.આ ઉપરાંત નોટીફીકિશન અગાઉ ઘોષિત વકફની સ્થિતિમાં કોઈ બદલાવ નહિં કરવા પણ આશ્વાસન આપ્યું છે.

### સુપ્રિમ કોર્ટ વકફ કાયદાને પડકારતી પાંચ અરજી જ સાંભળશે

#### તમામ અરજદારોને પાંચ રીટ નકકી કરવા તાકીદ

સુપ્રિમ કોર્ટમાં વકફ કાયદાને પડકારતી ૭૩ થી વધુ રીટ છે. આ મામલે અદાલતે સ્પષ્ટ કર્યું કે આટલી બધી અરજીઓ પર વિચાર અશકય છે. માત્ર પાંચ રીટ અરજી સુનાવણીમાં લેવાશે. જુદી જુદી અરજી કરનારાઓ પાંચ રીટ નકકી કરીને નિર્ણય લે. કેન્દ્ર સરકારનાં જવાબ પર જ પ્રત્યુતર આપવા તેઓને પાંચ દિવસનો સમય રહેશે અને ત્યારબાદ અંતિમ આદેશ માટે કેસને સુચિબદ્ધ કરવામાં આવશે. આ કેસમાં હવે સુનાવણી ૫ મેના રોજ થશે.

## રીડેવલપમેન્ટ પ્રોજેકટમાં જુના સામે નવા ઘર પર કોઈ ટેકસ ન લાગે: ટ્રીબ્યુનલનો ચુકાદો

### રીડેવલપમેન્ટના ટ્રેન્ડમાં ચુકાદો દુરગામી અસરકર્તા બનવાનો સુર: બિલ્ડરો-મકાન માલિકોને રાહત થશે



નવી દિલ્હી તા.૧૭

રાજકોટ, અમદાવાદ સહિત દેશનાં મોટા શહેરોમાં રીએલ એસ્ટેટ જોકે રીડેવલપમેન્ટનો ટ્રેન્ડ છે. ત્યારે એક મહત્વપૂર્ણ ચુકાદામાં ઈન્કમટેકસ અપીલ ટ્રીબ્યુનલ (આઈટીએટી)એ જાહેર કર્યું છે કે જુના ઘરના બદલામાં રીડેવલપમેન્ટ હેઠળ મળતા ઘરના કિસ્સામાં કોઈ ટેકસ જવાબદારી બનતી નથી અને કોઈ ટેકસ લાગુ પડતો નથી.

મુંબઈ ઈન્કમટેકસ અપીલ ટ્રીબ્યુનલનાં બી.આર.ભાસ્કરન તથા સંદિપ ગોસાઈની બેંચે કહ્યું કે, રીડેવલપમેન્ટ પ્રોજેકટ હેઠળ મળતા નવા ઘરમાં આવકવેરાની કલમ ૫૬ હેઠળ ટેકસ ચુકવવો પડતો નથી. કોઈ બિલ્ડર ફલેટ માલિકને જુના આવાસનાં બદલામાં નવુ ઘર આવે તો તેમાં કોઈ લાભ હોતો નથી. એટલે જુના ફલેટ સામે નવા ફલેટ આપવામાં કોઈ ટેકસપાત્ર આવક બનતી નથી.

આ કેસમાં મુંબઈના અનિલ કતારામ પિતલેએ ૧૯૯૭-૯૮ માં એક કો-ઓપરેટીવ સોસાસટીમાં ફલેટ ખરીદ કર્યો હતો. બિલ્ડર સાથેનાં સમજુતી કરાર હેઠળ સોસાયટીનું રીડેવલપમેન્ટ (અનુસંધાન ૧૨ મા પાને)

### બંધારણની કલમ ૧૪૨ને અણુશસ્ત્ર બનવા ન દેવાય: ઉપરાષ્ટ્રપતિનો ધ્રુજારો

## સુપ્રીમકોર્ટને રાષ્ટ્રપતિને આદેશ આપવાની સતા નથી: જગદીપ ધનખડે

નવી દિલ્હી તા.૧૭

સુપ્રીમ કોર્ટ દ્વારા ગત સપ્તાહે રાષ્ટ્રપતિ અને રાજયપાલો દ્વારા વિધાનસભાએ મંજુર કરેલા ખરડાઓને મંજુરી આપવામાં સમયસીમા નિશ્ચિત કરી તે વિવાદ હવે આગળ વધ્યો છે અને આજે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે સર્વોચ્ચ અદાલતના આ ચુકાદા સામે સ્પષ્ટ નારાજગી દર્શાવતા કહ્યું કે અદાલતો રાષ્ટ્રપતિને આદેશ આપી શકે નહી. તેમણે એ પણ કહ્યું કે આપણે એવી સ્થિતિ પણ બનાવવી ન જોઈએ કે અદાલતોએ રાષ્ટ્રપતિને આદેશ આપવો જોઈએ. વાસ્તવમાં આ મુદે સરકાર પણ રિવ્યુ પીટીશન કરવા જઈ રહી છે તેવા સંકેત છે તે વચ્ચે ઉપરાષ્ટ્રપતિએ બંધારણની કલમ ૧૪૨ કે જે સુપ્રીમકોર્ટને અસાધારણ સતા આપે છે તેને પુર્ણ ન્યાય (અનુસંધાન ૧૨ મા પાને)

**તામિલનાડુ સંદર્ભના ચુકાદામાં સુપ્રીમકોર્ટે દેશના સર્વોચ્ચ બંધારણીય વડાને પણ આપેલા આદેશ સામે પ્રથમ વિરોધ: હવે કેન્દ્ર પણ રિવ્યુમાં જશે**

### આવી દવાઓ સુરક્ષાના મૂલ્યાંકન વિના વેચાતી હોઈ...

## ફિકસ્ડ ડોઝ કોમ્બીનેશનવાળી ડાયાબીટીસ સહિત અનેક રોગોની ૩૫ દવાઓ પર રોક



નવી દિલ્હી તા.૧૭

કેન્દ્ર સરકારે ફિકસ્ડ ડોઝ કોમ્બીનેશન (એફડીસી) વાળી દવાઓના ઉત્પાદન, વેચાણ અને વિતરણ પર રોક લગાવી દીધી છે. જેમાં દર્દ નિવારક, પોષણ સંબંધી અને ડાયાબીટીસ વિરોધી વિભિન્ન દવાઓ સામેલ છે.

ઉચ્ચ ઔષધિ નિયામક સંસ્થા સીડીએસસીઓએ બધા રાજયો અને કેન્દ્ર શાસીત રાજયોના ઔષધિ નિયામકોને એ નિર્દેશ આપ્યો છે કે સીડીએસસીઓએ (અનુસંધાન ૧૨ મા પાને)





**મુલાકાતોનો દૌર:** વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિ સુશ્રી દ્રૌપદી મુર્મુને મળવા પહોંચ્યા હતા. બીજી તરફ ઉતરપ્રદેશના રાજયપાલ આનંદીબેન પટેલ દિલ્હીમાં છે અને તેઓ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહને પણ મળ્યા હતા.

## ઈડી દ્વારા વાડ્રાની સતત ત્રીજા દિવસે પૂછપરછ: હવે ચાર્જશીટની તૈયારી

નવીદિલ્હી તા.૧૭

કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રા સતત ત્રીજા દિવસે પણ ઈડીની ઓફિસે પહોંચ્યા હતા. શિકોહપુર જમીન કૌભાંડમાં ઈડીએ તેમની પૂછપરછ કરી હતી. પૂછપરછ બાદ રોબર્ટ વાડ્રાએ જણાવ્યું હતું કે કોઈ નવા સવાલો નહોતા, બધા સવાલો એક જેવા હતા. જો કાલે જાહેર રજા ન હોત તો મારે મારો જન્મ દિવસ ઈડીની ઓફિસમાં ઉજવવો પડયો હોત.

આ પહેલા ઈડી રોબર્ટ વાડ્રાને ૧૧ કલાક પૂછપરછ કરી હતી. ઈડીએ ૨૦૦૮ના શિકોહ ભૂમિ સોદા સાથે સંકળાયેલા મની લોન્ડ્રીંગ કેસમાં કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રાની પૂછપરછ કરી હતી. આજે પૂછપરછ દરમિયાન પ્રિયંકા ગાંધી પણ હાજર હતા.

પૂછપરછ બાદ વાડ્રાએ જણાવ્યું હતું કે હું બધા સવાલોનો જવાબ દઈ ચૂકયો છું. ૨૦૧૯માં પણ આ જ સવાલો પૂછાયા હતા. આ કાંઈ નવી વાત નથી, આ સરકારની પ્રચાર કરવાની રીત છે, (અનુસંધાન ૮ મા પાને)

## કોંગોમાં નાવમાં આગ લાગતા પલટી : ૫૦ લોકોના મોત

### અનેક યાત્રીઓ ડૂબ્યા, દાઝવાથી ઘાયલ થયા : સેંકડો લોકો લાપતા બન્યા

મ્બાંદકા, તા. ૧૭

કોંગોમાં નાવમાં આગ લાગતા અને પલટી જતા સર્જાયેલી કરૂણાંતિકામાં ૫૦ લોકોના મોત નિપજયા હતા. જયારે સેંકડો લોકો લાપતા બન્યા છે.



આ અંગેની વિગત મુજબ કોંગોમાં એક નાવ અકસ્માત મ્બાંદાકા શહેર પાસે કોંગો નદીમાં થયો હતો. નાવમાં લગભગ (અનુસંધાન ૧૨ મા પાને)

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કાશ્મીર મુલાકાત 'હવામાન'ના કારણે રદ!?!

# કોઈ મોટા નિર્ણયની તૈયારી! દિલ્હીમાં જબરો ધમધમાટ

### કેન્દ્રીય મંત્રીમંડળના વિસ્તરણની ચર્ચા: અનેક રાજયપાલોની મુદત પુરી થઈ છે: ભાજપના સંગઠનની નવરચનાનો અટકેલો મુદો પણ હવે વડાપ્રધાનના હાથમાં!!

**વિદેશ પ્રવાસથી પરત આવેલા રાષ્ટ્રપતિ સાથે વડાપ્રધાન મોદીની મુલાકાત: પક્ષના સિનિયર સાથીદારો સાથે પણ બેઠક**


નવી દિલ્હી: ૨૦૨૪માં લોકસભા ચૂંટણીમાં બહુમતીથી દુર રહ્યા બાદ પણ પુરી રાજકીય તાકાતથી પુનરાગમનમાં ગત વર્ષે યોજાયેલી ધારાસભા ચૂંટણીમાં ૯૦%થી વધારાનો વિજય સ્ટ્રાઈક રેટ તથા ૨૦૨૫માં પણ દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભવ્ય વિજય, સંસદના બજેટ સત્રમાં આવકવેરા મુક્તિ મર્યાદા વધારવાના વાહવાહ જેવા પગલા તથા વકફ સુધારા ખરડો પણ બહુમતીથી મંજુર કરાવીને પુરા ફોર્મમાં આવેલી મોદી સરકાર આ સપ્તાહમાં જ કોઈ મોટા ફેરફારની તૈયારી અથવા તો કોઈ મોટા નિર્ણય માટે તખ્તો બનાવી રહી હોવાના સંકેત છે. ખાસ કરીને તામિલનાડુના રાજયપાલ દ્વારા રાજય વિધાનસભામાં મંજુર કરેલા ૧૦ ખરડાઓને અટકાવવા મુદે સુપ્રીમની આકરી ઝાટકણી અને તેમાં રાષ્ટ્રપતિ માટે પણ સમય મર્યાદા બાંધવાના વલણથી તાજેતરમાં પ્રથમ વખત સુપ્રીમ કોર્ટ, રાષ્ટ્રપતિ વચ્ચે એક પ્રશ્ન સર્જાયા છે તો બીજી તરફ દક્ષિણમાં જે રીતે તામિલનાડુની ડીએમકે સરકારે 'સ્વાયતતા'નો મુદો છેડયો છે તે પણ ભવિષ્યમાં ગંભીર બની શકે છે અને છેલ્લે ગઈકાલે વકફ ખરડા અંગે સુપ્રીમ કોર્ટની પ્રારંભીક તબકકે ટીપ્પણી સરકારને ચોંકાવી ગઈ છે. આ તમામ વચ્ચે દિલ્હીમાં બેઠકોના દૌર અને ખાસ કરીને વડાપ્રધાનની રાષ્ટ્રપતિ સાથે મુલાકાત અને ભાજપના જ વરિષ્ઠ નેતાઓ સાથે બેઠકોનો દૌર દિલ્હીમાં કંઈક બનવા જઈ રહ્યું હોવાના સંકેત આપે છે. શ્રી મોદીનો તા.૧૮ની કાશ્મીર પ્રવાસ મુલત્વી રહ્યો છે. જો કે તેના માટે 'હવામાન' કારણ અપાયુ છે પણ ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ

**રાજયપાલ ઉપરાંત રાષ્ટ્રપતિ મુદે સુપ્રીમનો ચુકાદો; વકફ મુદે પ્રથમ સુનાવણીમાંજ સર્વોચ્ચ અદાલતના પ્રશ્નોથી સરકાર ચોંકી**

સરકારની નજર વકફ ખરડા અંગે આજે સર્વોચ્ચ અદાલત શું વલણ હશે તેના પર નજર છે. ભાજપના ટોચના સૂત્રોના (અનુસંધાન ૧૨ મા પાને)

## 'ટાઈમ'ની ૧૦૦ પ્રભાવશાળી હસ્તીમાં મોહમ્મદ યુનુસ! એકપણ ભારતીય નહિં!!

### ગત વર્ષે મોહમ્મદ યુનુસે બાંગ્લાદેશમાં હિંસક છાત્ર આંદોલનથી તખ્તાપલટ કરાવતા યાદીમાં યાદ કરાયા: અમેરિકાના પૂર્વ વિદેશમંત્રી હિલેરી કિલન્ટને યુનુસ માટે પ્રશંસાનાં પુલ બાંધ્યા!



ઢાકા (બાંગ્લાદેશ) તા.૧૭

અમેરિકાનાં પ્રતિષ્ઠિત મેગેઝીન 'ટાઈમ'એ દુનિયાની ૧૦ પ્રભાવશાળી હસ્તિઓની યાદી જાહેર કરી છે. જેમાં બાંગ્લાદેશમાં તખ્તાપલટ કરાવનાર ઝેરિલા મોહમ્મદ યુનુસને જગ્યા મળી છે. પરંતુ એકપણ ભારતીય વ્યકિતને સ્થાન નથી અપાયું. એટલુ જ નહિં અમેરિકાનાં પૂર્વ વિદેશમંત્રી હિલેરી કલીન્ટને મોહમ્મદ યુનુસની જોરદાર પ્રસંસા કરી છે.

'ટાઈમ' મેગેઝીનમાં ૧૦૦ પ્રભાવશાળી હસ્તિયોની યાદીમાં મોહમ્મદ યુનુસને ગત વર્ષ છાત્રોના વિદ્રોહને લઈને શેખ હસીનાનાં તખ્તાપલટ બાદ સ્થાન અપાયું છે.

હિલેરીએ યુનુસનાં વખાણ કર્યા:

'ટાઈમ'માં પ્રકાશિત લેખમાં અમેરિકાના પૂર્વ વિદેશમંત્રી હિલેરી કલિન્ટને મોહમ્મદ યુનુસનાં જોરદાર વખાણ કર્યા છે. તેમણે હિંસક છાત્ર પ્રદર્શન બાદ બાંગ્લાદેશને લોકશાહીની તરફ લઈ જવામાં મોહમ્મદ યુનુસની ભુમિકાની પ્રસંસા કરી છે.જોકે, બાંગ્લાદેશનાં જ રાજનીતિક દળો હવે દેશમાં લોકશાહીની બહાલીનાં મોહમ્મદ યુનુસનાં પ્રયાસોને શંકાની નજરે જોઈ રહ્યા છે.

કિલન્ટને લખ્યુ-ગત વર્ષે છાત્ર નેતૃત્વવાળા વિદ્રોહે બાંગ્લાદેશની સતાવાદી વડાપ્રધાનને ઉખાડી ફેંકી હતી.

ત્યારબાદ એક જાણીતા નેતાએ દેશને લોકશાહી તરફ લઈ જવામાં પગલા ઉઠાવેલા. હિલેરી કલીન્ટને નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસને બાંગ્લાદેશ ગ્રામીણ બેન્કની સ્થાપનામાં કામને લઈને પણ યાદ કરી તેની પ્રસંસા કરી હતી.

**'ટાઈમ' ૧૦૦ માં એકપણ ભારતીય નહિં:**

'ટાઈમ'૧૦૦ યાદી દુનિયાભરમાં પ્રભાવશાળી હસ્તીઓને તેમનાં પ્રભાવ અને નેતૃત્વ માટે સન્માનિત કરે છે. આ વર્ષની યાદીમાં રાજનીતિ, વિજ્ઞાન, મનોરંજન, અને વ્યાપાર જગતની અનેક વૈશ્વિક હસ્તીઓને સામેલ કરવામાં આવી છે. જેમાંથી દરેકને ગત વર્ષ દરમ્યાન તેમના મહત્વપૂર્ણ પ્રભાવ અને યોગદાનને લઈને સન્માનિત કરવામાં આવ્યા છે. જોકે આ યાદીમાં એકપણ ભારતીયનું નામ સામેલ નથી.

શો-રૂમ વેચવાનો છે
નવા નાકા ઢાળ કોર્નર સોનીબજાર
ગ્રાઉન્ડ ફલોર 104 - સ્કે. ફીટ
ફર્સ્ટ ફલોર 184 - સ્કે. ફીટ
કુલ 2 ફલોરવાળો મોકાનો
મો. 81404 00018






જે.પી.નડ્ડા-અમિત શાહ- રાજનાથ મળ્યાઃ સંગઠન મહામંત્રી બી.એલ.સંતોષ વડાપ્રધાન મોદીને મળવા પહોંચ્યા

# ગુજરાત સહિતના રાજયોના પ્રદેશ પ્રમુખઃ રાષ્ટ્રીય પ્રેસીડેન્ટ માટે ભાજપ આખરી એકશનમાં

## શનિ-રવિવાર મહત્વનાઃ એક વખત પ્રક્રિયા શરૂ થયા બાદ છેક પાર્લીયામેન્ટ્રી બોર્ડમાં પણ ફેરફાર સુધી પહોંચશે

## રાષ્ટ્રીય સંગઠનમાં પણ વ્યાપક ફેરફારઃ ગુજરાત અંગે તા.૧૯ના જાહેરાતની ધારણાઃ તા.૨૦થી રાષ્ટ્રીય પ્રમુખની પસંદગીની પ્રક્રિયા શરૂ થવાનો સંકેત

નવી દિલ્હીઃ લાંબા સમયથી વિલંબમાં પડેલા ભાજપના સંગઠનમાં હવે નવી નિયુક્તિની તૈયારીઓ તથા પક્ષના રાષ્ટ્રીય નેતાઓ વચ્ચે બેઠકોનો દૌર શરૂ થયા છે. મંગળવારે કેન્દ્રીય મંત્રી શ્રી અમિત શાહ તથા સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંઘ રાત્રીના પક્ષના વર્તમાન રાષ્ટ્રીય પ્રમુખ શ્રી જે.પી.નડ્ડાને મળ્યા હતા તો બીજી તરફ સંગઠન મહામંત્રી શ્રી બી.એલ.સંતોષ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી મળવા પહોચ્યા હતા. ભાજપને ગુજરાત તથા ઉતરપ્રદેશ જેવા મોટા સહિત છ રાજયોના નવા પ્રદેશ પ્રમુખ પણ નિશ્ચિત કરવાના છે અને તેની જાહેરાત શનિવારે તા.૧૯ના થઈ શકે છે અને તા.૨૦થી રાષ્ટ્રીય પ્રમુખની 'ચુંટણી'ની પ્રક્રિયા દિલ્હીમાં શરૂ થઈ શકે છે. આ ઉપરાંત ભાજપ એક વખત નવા રાષ્ટ્રીય પ્રમુખની પસંદગી થયા બાદ રાષ્ટ્રીય સંગઠનમાં પણ મોટા ફેરફાર નિશ્ચિત છે અને છેલ્લે એજન્ડા પક્ષની નિર્ણય લેનારી સર્વોચ્ચ સંસ્થા પાર્લીયામેન્ટ્રી બોર્ડમાં પણ હવે ફેરફાર થશે. ભાજપ રાષ્ટ્રીય પ્રમુખની પસંદગીમાં પ્રથમ વખત આ પ્રકારે વિલંબ કરી રહ્યા છે. એવુ જ ગુજરાત સહિતના રાજયોમાં નવા પ્રદેશ પ્રમુખની પસંદગીનું છે. રાષ્ટ્રીય



પ્રમુખમાં 'દક્ષિણ'નો ચહેરો એક વખત ચર્ચામાં હતો પણ તે કેટલો કારગર નિવડી શકે તે પણ પ્રશ્ન છે. પક્ષના વર્તમાન મહામંત્રીઓ હવે નવા પડકારને ઉપાડી શકે તેમ નથી તેથી તેમાં પણ નવા ચહેરા લવાશે. પક્ષને એ નિશ્ચિત જવાબ મળતો નથી કે ઉત્તર-દક્ષિણનો સંદેશો આપવો. જ્ઞાતિ-જાતિનો સંદેશો આપવો કે પછી લોકપ્રિય ચહેરો મુકવો તે ભાજપને આખરી કડી મળતી નથી. ભાજપના ૧૫ રાજયમાં ચુંટણીઓ થઈ છે પણ ગુજરાત, ઉતરપ્રદેશ જેવા મહત્વના રાજયોના નવા પ્રદેશ પ્રમુખ વગર જ જો રાષ્ટ્રીય પ્રમુખ પસંદ થાય તો ખોટો સંદેશ જશે.


યુપી અગાઉ જ ૨૦૨૪ની ચુંટણીમાં ભાજપને આંચકો આપી રહ્યુ છે તો ગુજરાતમાં કોંગ્રેસ પક્ષ અને રાહુલ ગાંધી હવે ગંભીર બન્યા હોય તેવા સંકેત છે.

કેટલાક અદાલતી ચુકાદા પણ ભાજપને હવે આંચકા આપે છે અને જો વકફ ચુકાદામાં સરકારને પીછેહઠ સહન કરવી પડે તો તે સૌથી મોટો રાજકીય પરાજય બની શકે છે અને તેની અસર દેશભરમાં થશે. મુસ્લીમો હાલમાં પણ આ અંગે હવે આખરી વલણ લીધુ છે. વકફમાં એક પણ સુધારો સમગ્ર ખરડાને અસર વિહીન કરી શકે છે.

સરકાર હવે કોલેજીયમના બદલે નેશનલ જયુડીશીયલ એપોઈન્ટમેન્ટ કમીશન જેવી રચના કરવા માંગે છે. આમ અનેક એજન્ડા પર હાલ જબરુ મંથન ચાલી રહ્યું છે.

---

## ગોમુખ ગ્લેશિયર લુપ્ત થતા ગંગાનો પ્રવાહ અટકશેઃ વિજ્ઞાન



# શું ગંગા સ્વર્ગમાં પાછી ફરશે? વિજ્ઞાન અને પુરાણને જોડીને કરવામાં આવ્યો દાવો

## દેવી ભાગવતમાં ભગવાન વિષ્ણુ નારદજીને કહે છે પૃથ્વી પર પાપ વધશે એટલે ગંગા સ્વર્ગમાં પાછી ફરશે

નવીદિલ્હી,તા.૧૭

માતા ગંગા વિશે અત્યાર સુધીમાં ઘણી આગાહીઓ જાહેર થઈ છે. ઘણામાં આધ્યાત્મિકતા અને વિજ્ઞાનને જોડીને એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે માતા ગંગાના પૃથ્વી પરથી પાછા ફરવાનો સમય નજીક આવી ગયો છે. વૈજ્ઞાનિકોએ કહ્યું છે કે ગોમુખ ગ્લેશિયર, જેમાંથી માતા ગંગાનો અવિરત પ્રવાહ વહે છે, તે લુપ્ત થવાના આરે છે. જો આપણે પુરાણોમાં લખેલી વાત પર ધ્યાન આપીએ તો આ સમય ગંગાના સ્વર્ગમાં પાછા ફરવાનો છે. જો ભવિષ્યવાણી પર વિશ્વાસ કરવામાં આવે તો આ ઘટનાને પૃથ્વી પરથી ગંગાના અદ્રશ્ય થવાનો સૂચક માનવામાં આવી રહ્યો છે. આ વાતનું વર્ણન શ્રીમદ્ દેવીભાગવત પુરાણમાં કરવામાં આવ્યું છે. આમાં ભગવાન વિષ્ણુએ નારદજીને કહ્યું છે કે ગંગા ક્યારે સ્વર્ગમાં પાછી ફરશે.

ભગવાન વિષ્ણુએ નારદજીને કહ્યું છે કે કળયુગના જ્યારે ૫૦૦૦ વર્ષ પસાર થશે અને પૃથ્વી પર પાપ વધશે અને ધર્મનો નાશ થવા લાગશે. શ્રદ્ધા અને ભક્તિને બદલે માણસના મન હૃદય પર લોભ અને વાસના કબજો કરશે. અહીં ભક્તિના નામે ફક્ત દંભ જ ચાલશે. પછી માતા ગંગા પણ પૃથ્વીવાસીઓ પર ક્રોધિત થઈને સ્વર્ગમાં પરત ફરશે. પછી માણસ ગંગામાં પોતાના પાપ ધોવાને લાયક હોવા છતાં પણ બચી શકશે નહીં. આ પહેલા સરસ્વતી અને પદ્મ નદીઓ પણ કળિયુગના વધતા પ્રભાવને કારણે પૃથ્વી છોડી ગઈ હતી. તે ગાયબ થઈ ગઈ છે અને સ્વર્ગમાં પાછી ફરી છે.

---

# વ્હાઈટ હાઉસમાં ૧૧૧ વર્ષ જૂની પરંપરા બદલાઈઃ ટ્રમ્પને 'પસંદગી'ના પ્રશ્નો જ પૂછી શકાશે

વોશિંગ્ટન, તા.૧૭

વ્હાઇટ હાઉસે તેની મીડિયા પોલિસી બદલી નાખી છે. નવી નીતિ હેઠળ આંતરરાષ્ટ્રીય સમાચાર એજન્સીઓને વ્હાઇટ હાઉસ પ્રેસ પૂલમાંથી હવેથી બાકાત રાખવામાં આવી છે. આ સમાચાર એજન્સીઓને હવે પ્રેસ પૂલમાં કાયમી સ્થાન નહીં મળે.



વ્હાઇટ હાઉસ પ્રેસ પૂલ લગભગ ૧૦ મીડિયા સંગઠનોનું જૂથ છે. તેમાં પત્રકારો અને ફોટોગ્રાફરોનો પણ સમાવેશ થાય છે. આ લોકો અમેરિકન પ્રમુખની દરેક નાની-મોટી પ્રવૃત્તિને કવર કરે છે. અન્ય મીડિયા સંસ્થાઓ પ્રમુખ સંબંધિત કવરેજ માટે પ્રેસ પૂલમાં સમાવિષ્ટ મીડિયા સંસ્થાઓ પર આધાર રાખે છે.

જોકે હવે નીતિમાં ફેરફાર પછી આંતરરાષ્ટ્રીય મીડિયા સંગઠનો માટે અમેરિકન પ્રમુખ સુધી પહોંચવું ખૂબ મુશ્કેલ બનશે. વ્હાઇટ હાઉસના આ નિર્ણય પર પ્રતિક્રિયા આપતા, આંતરરાષ્ટ્રીય મીડિયા સંગઠનોએ તેને પ્રેસ કવરેજને નિયંત્રિત કરવાનો પ્રયાસ ગણાવ્યો, જે સ્વતંત્ર પત્રકારત્વ અને અભિવ્યક્તિની સ્વતંત્રતાને અસર કરી શકે છે.

નવી નીતિ હેઠળ, વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટ હવે નક્કી કરશે કે કયો પત્રકાર અથવા મીડિયા સંગઠન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને પ્રશ્નો પૂછી શકે છે. આ નીતિ વ્હાઇટ હાઉસના ઓવલ ઓફિસ, પ્રેસ બ્રીફિંગ રૂમ અને રાષ્ટ્રપતિના ખાસ વિમાન 'એરફોર્સ વન'માં પણ લાગુ પડશે.

---



# દૂધસાગર ડેરીમાં ૧૪ કરોડના કૌભાંડ કેસમાં પૂર્વ ગૃહ મંત્રી સહિતના આરોપીઓની અરજી હાઈકોર્ટે દંડ સાથે ફગાવી

અમદાવાદ,તા.૧૭

મહેસાણાની દૂધસાગર ડેરીના ૧૯૩૨ કર્મચારીઓના બોનસના બહાને રૂ.૧૪.૮૦ કરોડનું કથિત કૌભાંડ કરવામાં કેસમાં થયેલા એક મહત્વપૂર્ણ આદેશમાં ગુજરાત હાઇકોર્ટે પૂર્વ ગૃહ રાજયમંત્રી વિપુલ ચૌધરી, તત્કાલીન ચેરમેન આશાબેન મહિપાલસિંહ ઠાકોર અને એન.જે.બક્ષી તરફથી કરાયેલી રિવીઝન અરજી જસ્ટિસ એમ.આર.મંગડેએ ફગાવી દીધી છે. ઉપરોક્ત આરોપીઓ વિરૂદ્ધ ત્રણ મહિના પહેલાં સ્પેશ્યલ એસીબી કોર્ટમાં ચાર્જફ્રેમ કરવાના નિર્ણયને પડકારતી અરજીઓ કરવામાં આવી હતી પરંતુ આ અરજીઓ તર્ક વગરની અને કેસને સુનાવણી માં વિલંબ કરવાના આશય સાથે કરવામાં આવી હોવાનું ઠરાવીને હાઇકોર્ટ રૂ.દસ હજારનો દંડ પણ ફટકાર્યો હતો અને આ રકમ ગુજરાત હાઇકોર્ટ લીગલ સર્વિસ કમીટીમાં જમા કરાવવા પણ અરજદારોને હુકમ કર્યો હતો.

હાઇકોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, ટ્રાયલ કોર્ટ દ્વારા ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળના આરોપ સબબ કેસ ચલાવવાનો નિર્ણય યોગ્ય છે કારણ કે, આરોપીઓ દ્વારા ડેરીના ફંડનો દૂરપયોગ સ્પષ્ટ રીતે દેખાઇ આવે છે. હાઇકોર્ટે જણાવ્યું કે, અરજદારો દ્વારા હાલની અરજી ફક્ત ટ્રાયલમાં વિલંબ કરવાના ઇરાદાથી જ કરાઇ હોવાનું જણાય છે.

કેસની વિગત મુજબ, મહેસાણાની દૂધસાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીની દોરવણી હેઠળ ચેરમેન આશાબેન મહિપાલસિંહ ઠાકોર અને વાઇસ ચેરમેન મોઘજીભાઇ ધનજીભાઇ પટેલ તથા મેનેજીંગ ડિરેકટર એન.જે.બક્ષી તથા મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ૩૦ જેટલા અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા ષડયંત્ર રચી ડેરીના ૧૯૩૨ જેટલા અધિકારીઓ-કર્મચારીઓના બેંક એકાઉન્ટમાં આવેલી બોનસની રકમમાંથી રૂ.૧૪.૮૦ કરોડથી વધુની રકમ રોકડેથી તેમ જ ચેકથી અપ્રમાણિકપણે મેળવી લઇ નાણાંકીય ઉચાપત કરવાનું કૌભાંડ આચરવામાં આવ્યું હતું.

---

## સુવિચાર

**પગ ભીના કર્યા વગર તો**
**નદીઓ પણ પાર નથી થતી**
**તો આ તો જિંદગી છે**
**આંખો ભીની કર્યા વગર કેમ પુરી થાય !!**

# ચીનના ઘાતક વ્યાપાર હથિયારમાં અમેરિકા ફસાયું ?

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટ્રેડ વોર સામે ચીન પાસે એક શક્તિશાળી પગલું છે. અને તે છે રેયર અર્થ મેટલ્સ. અથવા કહીએ કે દુર્લભ ખનિજ. આ ખનિજો મોબાઈલથી લઈને મિસાઈલ સુધીની દરેક વસ્તુને શક્તિ આપે છે. ટ્રમ્પના ટેરિફ હુમલાના જવાબમાં ચીને આ ધાતુઓની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે. આ રીતે, લડાઈ હવે માત્ર ટેક્સની નથી, પરંતુ ટેક્નોલોજી, સપ્લાય ચેઈન અને વૈશ્વિક સ્પર્ધાની છે.

### રેયર અર્થ મેટલ્સ શું છે?

રેયર અર્થ એટલે દુર્લભ ધાતુઓ, ૧૭ વિશેષ ખનિજોનું જૂથ છે જે જમીનમાં જોવા મળે છે, પરંતુ ખાણ અને શુદ્ધિકરણ માટે મુશ્કેલ અને ખર્ચાળ છે. મોબાઈલ ફોન, ઈલેક્ટ્રિક કાર, એમઆરઆઈ મશીન, ફાઈટર એરક્રાફ્ટ, મિસાઈલ સિસ્ટમ અને હાઈ-ટેક ગેજેટ્સના ઉત્પાદનમાં આ ખનિજ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ દૂર કરવા મુશ્કેલ, ખર્ચાળ અને પર્યાવરણ માટે હાનિકારક છે.



### ચીન શા માટે આ ધાતુઓ પર પ્રભુત્વ ધરાવે છે?

ચીન ભલે ૬૧% કાચી રેયર અર્થ મેટલ્સનું ઉત્પાદન કરતું હોય.પરંતુ તેની વાસ્તવિક તાકાત ૯૨% પ્રોસેસિંગ એટલે કે રિફાઇનિંગ પર તેની પકડમાં રહેલી છે. તેનો અર્થ એ કે વિશ્વની મોટાભાગની રેયર અર્થ સામગ્રી ચીનમાં સ્વચ્છ રીતે ઉત્પન્ન થાય છે. આ ટેક્નોલોજી, સંશોધન, સસ્તી મજૂરી અને સરકારની ભારે સબસિડીનું પરિણામ છે. ચીને એપ્રિલમાં ૭ રેર અર્થ ધાતુઓ અને તેની સાથે સંબંધિત ઉત્પાદનો પર નિકાસ નિયંત્રણો લાદ્યા હતા.

### શું અસર થઈ છે?

અમેરિકા અને યુરોપની ઘણી કંપનીઓના રેયર અર્થ મેગ્નેટનું શિપમેન્ટ ચીનમાં અટવાયું છે. આનાથી ઇલેક્ટ્રોનિક્સ, વાહનો અને સંરક્ષણ ઉદ્યોગોને ફટકો પડ્યો છે. યુ.એસ. પાસે આ ધાતુઓનો ખૂબ ઓછો બેકઅપ સ્ટોક હોવાથી, ત્યાં કોઈ તાત્કાલિક વિકલ્પો નથી.

### અમેરિકા શું કરી રહ્યું છે?

અમેરિકા પોતે જ પોતાની સપ્લાય ચેઈન બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, એટલે કે માઈનિંગથી લઈને પ્રોસેસિંગ સુધીનું બધું જ દેશમાં થવું જોઈએ. પરંતુ આ બધું કરવામાં સમય લાગશે.



## આજનું ચિંતન

### જીવન

- જીવન એટલે ઝઝુમવું, શોધવું, પામવું અને અણનમ રહેવું.
- જીવનને ડીલ નહિ પણ ફીલ કરીને જીવો, ગમતા સંબંધો સાચવી રાખજો, જો એ ખોવાશે તો ગુગલ નહીં શોધી શકે.
- જીવનના ચાર ઉંડામાં ઉંડા ઘા પણ રૂઝાઇ જાય, જો આપણે તેને ખોતરવાના બંધ કરી દઈએ તો.
- જીવનના ચાર સિધ્ધાંતો વ્યકિતને સુખી કરે છે- અનુકુળ થાવું, બીજું મનગમતું મુકવું, ત્રીજુ ઘસાવું, ચોથુ સહન કરવું.
- જીવનમાં કયારેય તક મળે તો 'સારથી' બનવું પણ 'સ્વાર્થી' નહીં.
- જીવનમાં વધુ પડતી લાલચ ચેપીરોગની બીમારી જેવી છે.
- જીવનમાં દયાથી ભરપુર હૃદય સૌથી મોટી દોલત છે.
- એક સુખમય જીવન જીવવા માટે મસ્તકમાં સત્યતા, હોઠો પર પ્રસન્નતા, હૃદયમાં પવિત્રતા જરૂરી છે.

---

# સ્વાસ્થ્ય કલા માટે વિશેષ બાબતો

જે સવારે જલ્દી ઉઠીને શૌચ-સ્નાન વગેરેથી નિવૃત થઈને પ્રભુ સ્મરણમાં પોતાનો એ સમય ગાળે છે અર્થાત ઉચ્ચ આધ્યાત્મિક જ્ઞાન સાંભળે છે કે ચિંતન કરે છે તેનું પણ તન-મનનું સ્વાસ્થ્ય ઉચ્ચ રહે છે. આમેય જયાં તન-મનની સ્વચ્છતા, પવિત્રતા, સુચિતા અને નિર્મળતા હોય ત્યા નિશ્ચિતરૂપી સ્વાસ્થ્ય જાળવવામાં સફળતા મળે છે. આથી પાચનતંત્ર પણ સુચારૂ રીતે ચાલે તેનો ખ્યાલ કરવો જરૂરી છે. બીજી બાબત એ છે કે- કોઈ પણ જુની આદત તે પછી સ્વયંના સંસ્કાર-સ્વભાવને લગતી જ કેમ ન હોય તેને છોડવા પણ ઘણો સમય આપવો પડે છે. તે માટે નિરંતર સ્નેહ, શક્તિની જરૂર પડે છે તો સાથે-સાથે તે માટેની શિક્ષા, સાવધાની અને તેમનાથી થતી પ્રાપ્તિ વિષેનું સત્ય જ્ઞાન અને સતત મહાવરો પણ જોઈશે. આ માટે પરમાત્મા અત્યારે ત્રણેય રૂપથી પિતા, શિક્ષક અને સતગુરૂ બનીને આપણને સૌને માર્ગદર્શન આપી રહ્યા છે અને દરેક મનુષ્યાત્માઓમાં નવા દૈવી સંસ્કારો ભરી રહેલ છે. તો આપણે પણ રોજ સવારે થોડો સમય તેમના દ્વારા અપાતું સીધુ જ જ્ઞાન સાંભળીએ અને તેમના દ્વારા અપાતી શ્રીમત, માર્ગદર્શનનું પાલન કરીએ. જેનાથી બગડેલું જીવન સુધરી જશે. અને ભવિષ્યમાં અતિ સુખ, શાંતિ, પવિત્રતા અને સંપતિના માલિક બનીશુ અર્થાત ભવિષ્ય ઉજ્જ્વળ બની જશે. તે માટે મોડું ન કરવુ જોઈએ. ત્રીજી વાત છે : સ્વસ્થ સંબંધ વિષેની.

**મૂલ્યોની મહેક**
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

આજે સ્વસ્થય સંબંધ ન રહેવાનું કારણ શોધીશું તો સ્વયંની જ કોઈ ભૂલ ધ્યાનમાં આવશે. જેમ કે સંબંધમાં કોઈને કોઈ સ્વાર્થવૃતિનું હોવું, સ્વયંની કે પરિવારની જરૂરિયાતને કારણે સંબંધોના સુખને અવગણવા અપવા તો પોતાનો જ કોઈ સ્વભાવ કે સંસ્કાર, વ્યસન વગેરેને કારણે સંબંધોમાં કડવાહટ આવતી હોય છે. ઘણીવાર પોતાની સંપત્તિ, ધનનો નશો એટલો ચઢેલો હોય છે કે તેમને મન સંબંધોના સ્નેહની કોઈ કિમત હોતી નથી. તો સ્વયંનું ચેકિંગ કરીએ અને સંબંધોના સ્નેહને સમજીએ.

વર્તમાન સમયે મહામારી વખતે જોયુ કે તેને કારણે સંબંધો એકબીજાને નજીકના લાવ્યા હોય તેમ લાગે છે. કારણ કે દરેકમાં પોતાના મૃત્યુનો ભય પેસેલો છે અને તેવામાં સગા-સંબંધીઓને પણ બિમારી વખતે ખબર પુછ્વા આવવાની કે અંતિમ ક્રિયામાં પણ ભાગ લેવાની મનાઈ કરવામાં આવી છે. આમ જયારે બધા જ સંબંધોથી વૈરાગી બનાયું છે ત્યારે એક જ અવિનાશી સંબંધ જ સાચો બચી રહે છે જે બધે જ સાથ આપે છે. તે છે આપણા અવિનાશી પિતા સ્વયં પરમાત્મા સાથેનો સંબંધ! તેમને બંધુ બનાવી સાથે રાખો, જયારે કે એકલાપણું લાગતું હોય. સાથી, સાજન, દોસ્ત, માત-પિતા, શિક્ષક, સતગુરૂ એમ બધો વ્યવહાર, વાતચીત એક સાથે રાખવાની આદત અત્યારથી જ પાડી દેવાથી આપણને સમય પર ભયમુક્ત બનીશું. અન્ય સંબંધીઓ શરીર સાથે તમારી પાસે ન પણ પહોચી શકે પરંતુ ભગવાન તો સદા જ્યા આપ હશો, જે હાલતમાં હશો, તો પણ તેમની મદદનો અનુભવ જરૂર કરશો! ...

---

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
ચૈત્ર વદ-૫, તા.૧૮/૪/૨૫, શુક્રવાર

સૂર્યોદય : ૬-૨૬, સૂર્યાસ્ત : ૭-૦૬, જૈન નવકારશી : ૭.૧૪
રાશિ : વૃશ્ચિક (ન.ય.) ૮.૨૦થી ધન (ભ.ફ.ધ.ઢ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મેષ, મંગળ-કર્ક, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-વૃષભ, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-મીન, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-વૃશ્ચિક

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ


## રાશીફળ

**મેષ :** ભૌતિક સુખ સગવડતાઓ વધવાની છે, નવી ઓળખાણ થાય, સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થાય.
**વૃષભ :** નોકરીમાં થોડી અગવડતાનો સામનો રહેવાનો, સાંજ પછીનો સમય અનુકુળતાવાળો જોવા મળશે, રાજકીય લાભ રહે.
**મિથુન :** સંબંધો ગાઢ બનાવવાની ઈચ્છા ફળવાની, મિલ્કતના પ્રશ્નોમાં ધીરજ રાખજો, કર્જ ન કરવું, પ્રવાસ થાય.
**કર્ક :** તમોને લોકો સમજી શકતા નથી તેવો અહેસાસ થવાનો, હરીફો ઉપર વર્ચસ્વ વધવાનું, લગ્નની ઈચ્છા ફળવાની.
**સિંહ :** ભાગીદારો સાથે ગેરસમજો ન થાય તેનું ધ્યાન રાખજો, ધાર્મિક કાર્યનું આયોજન સફળ થાય, વિદેશથી લાભ.
**કન્યા :** થોડા હળવાશમાં રહેવાની સલાહ છે, નોકરીમાં સ્થિરતા રાખજો, મિલ્કતના પ્રશ્નોમાં ઉતાવળ ન કરવી.
**તુલા :** બીજાને મદદ કરવાની ઈચ્છા ફળે, વ્યવસાયમાં નવી વ્યકિતનું જોડાણ થાય, મિલ્કત ઉપર કર્જ ન લેવું.
**વૃશ્ચિક :** રોજિંદા કાર્યમાં અનુકુળતા ઉપરી વર્ગનો સહકાર રહે, વિલંબમાં પડેલા કાર્ય આગળ વધે, નોકરીમાં સ્થિરતા જરૂરી.
**ધન :** પાર્ટીનું આયોજન થાય, બીજાના દોરવાયા નિર્ણયો ન લેવા, સીઝનલ ધંધામાં લાભ, કર્જમાં રાહત રહેશે.
**મકર :** નાણાકીય મુશ્કેલીને લઈને વ્યવસાયમાં અવરોધો રહે, વિદેશથી લાભ, સગાઈ લગ્નના કાર્યોમાં અનુકુળતા રહે.
**કુંભ :** શકિતઓનો ઉપયોગ સંસ્થાને મળે, કર્મચારી વર્ગનો સહકાર રહે, નવી ભાગીદારી યોજનામાં સફળતા રહે.
**મીન :** મિત્રો સાથે યાત્રા પ્રવાસનું આયોજન થાય, નોકરીમાં લાભ, નવી ઓફીસની ખરીદીની ઈચ્છા ફળવાની.

---

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



### આડી ચાવી

૧. અજિતાભ બચ્ચનની પત્નીનું નામ (૩)
૪. સત્યવાદી રાજન (૬)
૭. ...શૌચાલય (૩)
૮. ઇશ્ક, પ્રેમ અંગ્રેજી (૨)
૯. ડાઉટ (૨)
૧૧. હુંફાળી ચાદર (૩)
૧૩. ગરીબ, રાજા ઔર ... (૨)
૧૪. દિલીપકુમાર-અનિલ કપુરની ફિલ્મ (૩)
૧૬. નજરે ન ચડતી ધુળ (૪)
૧૮. લાયન (૩)
૧૯. અશ્વિની ભટ્ટની વાર્તા પરની ફિલ્મ (૪)
૨૧. પુણ્યનું વિરોધી (૨)
૨૨. દિવસના બાર હોય (૩)
૨૪. પરસેવો (૩)
૨૫. જુવારનું અપભ્રંશ (૨)
૨૬. ડીડ-ઉંધુ લખો (૨)
૨૯. લફંગો (૩)
૩૧. ગગન, આકાશ (૨)
૩૨. ટમાટર (૩)
૩૩. રખડેલ (૩)

### ઉભી ચાવી

૧. નિયમ, કાયદો, પરંપરા ઉર્દુ (૩)
૨. શોપિંગ ... (૨)
૩. સાહિત્યકાર અને વૈદ્ય (૮)
૪. ક્વિન (૨)
૫. ઉકેલ (૨)
૬. નદી અંગ્રેજી (૩)
૧૦. સ્મશાન (૩)
૧૨. મંજુરી (૪)
૧૪. કમ-ઉંધુ લખો (૨)
૧૫. એક જ અક્ષર આવશે (૩)
૧૭. વ્યકિત (૨)
૧૮. એક ઇનહાઉસ ગેમ (૪)
૨૦. મલાજોનું બહુવચન (૩)
૨૧. તળી શેકીને ખવાય (૩)
૨૩. વ્યવહાર (૪)
૨૭. ઠાઠમાઠ (૩)
૨૮. ગળ્યું (૨)
૩૦. જુ વાળા માથામાં હોય (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| શં | ક | ર | અ | હે | સા | ન | લો | ચ | |
| ક | લ | ર | | લ | વ | | ખં | | કો |
| ર | | | મે | | ર | | ક | ણ | ક |
| મો | હ | | દા | મો | કું | ડ | | | મ |
| હ | | થા | ન | | ડ | ગ | મ | ગ | |
| વા | દ | ળ | | સા | લા | ર | | દા | |
| ઘે | | | ભા | વ | | | સ | | રો |
| લા | લ | ચ | | ન | ગ | ર | પા | લિ | કા |
| | સ | | ભા | ભા | | બ્બ | | | મ |
| મા | ણ | સ | | દો | ઔ | ર | દો | પાં | ચ |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )



**‘સાંજ સમાચાર’ના આંગણે ધન્ય અવસર :** હાલમાં જૈનાચાર્ય, પૂજ્ય ધીરજમુનિ મહારાજ સાહેબ ‘સાંજ સમાચાર’ના નિવાસસ્થાને પધાર્યા હતા. આ મુલાકાત દરમ્યાન સાથે જૈન અગ્રણી, સેવાભાવી મયુરભાઈ શાહ અને જાણીતા બિલ્ડર જીતુભાઈ બેનાણી સાથે રહ્યા હતા. ‘સાંજ સમાચાર’ના યુવા એડિટર કરણભાઈ શાહના જન્મદિવસ નિમિતે તેમની વિનંતી પર પૂજ્ય ગુરૂદેવએ ખાસ પગલાં કર્યા હતા અને ગોચરીનો લાભ પણ પરિવારને દીધો હતો. ‘સાંજ સમાચાર’પરિવારે તેમને આવકાર્યા, ત્યારબાદ ઘરમાં આવેલ સુંદર દિવ્ય મંદિરમાં દર્શન કર્યા, અનેક વિષયો પર ચર્ચા કરી હતી. ગુરૂદેવએ ઓફિસ તથા અનેક વિભાગોમાં પધરામણી કરી, તેમને ‘સાંજ સમાચાર’ની કાર્યશૈલી જાણી પ્રસન્નતા વ્યક્ત કરી અને વધુ પ્રગતિ કરે તેવા આશિર્વાદ વરસાવ્યા. આ સમયે ‘સાંજ સમાચાર’ના તંત્રી શ્રી પ્રદીપભાઈ શાહ, શ્રીમતી પૂર્વીબેન શાહ, શ્રી અંકુરભાઈ તથા શ્રીમતી અનુજાબેન શાહ, શ્રી કરણભાઈ તથા શ્રીમતી ચાર્મીબેન શાહ ઉપસ્થિત હતા. પૂજ્ય ગુરૂદેવેની નિશ્રામાં ‘સાંજ સમાચાર’ પરિવારનું શાસન તથા રાષ્ટ્રની સેવા કરવા બદલ અભિવાદન કરાયું. (તસવીર : પંકજ શિશાંગીયા)

## ▶▶ જૈનાચાર્ય, ગોંડલ સંપ્રદાયના પરમ શ્રદ્ધેય પૂજ્ય ગુરૂદેવ શ્રી ધીરજમુનિમહારાજ સાહેબની ‘સાંજ સમાચાર’ના આંગણે પાવન પધરામણી ▶▶

# પરિવાર સાથે સમય વિતાવી ‘એન્જોય’ કરશો તો ક્યારેય ‘એન્જિયોગ્રાફી’ની જરૂર નહીં પડે : પૂ.ધીરગુરૂદેવ

### ‘સાંજ સમાચાર’ના યુવા એડિટર કરણભાઈ શાહના જન્મદિવસની પૂર્વ સંધ્યાએ ગુરૂદેવ નિવાસસ્થાને પધાર્યા અને આશિર્વાદ વરસાવ્યા : પૂજ્યશ્રીએ ઓફિસ તથા ઘરમાં પગલાં કર્યા, ‘સાંજ સમાચાર’ની કાર્યશૈલીથી પ્રસન્નતા વ્યક્ત કરી, ગોચરીનો લાભ આપ્યો

### સમગ્ર ભારતમાં તેમના અનુગ્રહથી ૧૨૫ થી વધુ ઉપાશ્રય, વિહારધામ, આયંબિલ ભવન, મેડિકલ સેન્ટર, જૈન બોર્ડિંગ, ગૌશાળા, સેવા સંકુલનું નિર્માણ થયું છે : ૪૪ વર્ષનો દીક્ષા પર્યાય ધરાવતા પૂજ્ય ગુરૂદેવે સૌરાષ્ટ્ર-ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, પૂર્વ ભારત વગેરેમાં અનેક સંકુલોનું નિર્માણ કરાવ્યું છે

રાજકોટ : ‘જિનકી કૃપા સે વિકસિત હૈ, સેવા કા યહ કામ હમારા, ધીરજમુની ગુરૂવર ન્યારા, વંદન ઉનકો લાખ હજારા’ – જૈનાચાર્ય, ગોંડલ સંપ્રદાયના પરમ શ્રદ્ધેય પૂજ્ય ગુરૂદેવ શ્રી ધીરજ મુનિ મહારાજ સાહેબની ‘સાંજ સમાચાર’ના આંગણે પાવન પધરામણી થઈ હતી. ‘સાંજ સમાચાર’ના યુવા એડિટર કરણભાઈ શાહના જન્મદિવસ નિમિતે તેમની પૂજ્ય ગુરૂદેવ ‘સાંજ સમાચાર’ના નિવાસે અને ઓફિસમાં પગલાં કર્યા અને લંબાણપૂર્વક પરિવાર સાથે અનેક વિષયો પર ચર્ચા કરી.

**ધીરજકુમાર મણિયાર બન્યા પૂજ્ય ધીરજ મુનિ**

સવારે ગુરૂદેવ પધાર્યા અને પરિવારે તેમને આવકાર્યા ત્યારબાદ ચર્ચામાં પૂજ્યશ્રીએ તેમના બાળપણ વિશે જણાવ્યું. ઉપલેટાના જસાપર ગામમાં જન્મ અને બાળપણથી જ ધર્મના માહોલમાં ઉછેર થયો હતો. તેમના દાદી પાસેથી ધર્મના સંસ્કાર, પિતાશ્રી કે જેઓએ આજીવન ચોવીયાર કર્યો છે તેની પાસેથી શિષ્ટતા શીખી. પિતાશ્રી પોપટભાઈ જસાપર ગામના પાંચ દાયકા સુધી સરપંચ રહ્યા. તેમના ચાર સંતાનો જેમ પૂજ્ય ધીરજ મુનિ સૌથી નાના. સમગ્ર ગામમાં એક જ દુકાન જેમાં લગભગ બધી ચીજવસ્તુઓ મળતી તે પિતાશ્રીની, અને આ ઉપરાંત સરપંચ હોવાથી તેમની દીર્ઘદ્રષ્ટિ થી ગામમાં અનેક માળખાકીય સુવિધાઓ પ્રાપ્ત થઈ, જે આજે પણ ગ્રામ્યજનો યાદ કરે છે. પિતા શ્રી પોપટભાઈ અને પુત્ર ધીરજ કુમાર મણિયારએ એક જ દિવસે ૧૫ ફેબ્રુઆરી ૧૯૮૨ ના રોજ સંસારનો ત્યાગ કરી દીક્ષાગ્રહણ કર્યું.

૮૦ વર્ષની વયે પિતાશ્રી બન્યા પ્રેમ મુનિ અને ૨૨ વર્ષના યુવાન બન્યા ધીરજ મુનિ. બસ હવે એક જ વાત, મહાવીરના સંદેશ ફેલાવો. ધીરજમુનિ મહારાજ સાહેબે હંમેશા જૈનને એક થવા માટે પ્રયાસો કર્યા છે હાંકલ કરી છે. તેમની પ્રેરણા થી આજે સમગ્ર ભારતમાં ૧૨૫ થી વધુ સંકુલોનું નિર્માણ અથવા નૂતનીકરણ થયું છે.

**વર્ધમાન વૈયાવચ્ચ કેન્દ્રની સ્થાપના અને સમગ્ર ભારતમાં ૧૨૫ સંકુલો બનાવ્યા**

ગોંડલ સંપ્રદાયના પૂજ્ય ધીરજ મુનિ મહારાજ સાહેબના અસીમ અનુગ્રહથી ૨૮ જાન્યુઆરી ૧૯૯૬ના રોજ વર્ધમાન વૈયાવચ્ચ કેન્દ્ર ની સ્થાપના થઈ હતી. ત્યારબાદ આ સંસ્થા દ્વારા સમગ્ર ભારતમાં ૧૨૫થી વધુ જૈન ઉપાશ્રય, સેવા સંકુલ, મેડિકલ સેન્ટર, ગર્લ્સ હોસ્ટેલ, જૈન બોર્ડિંગ, બહેરા મૂંગા શાળા, ગૌશાળા, શાળા, પાંજરાપોળ, સંકુલો, વિહારધામ, વૈયાવચ્ચ કેન્દ્ર, ભોજનાલય, વગેરેનું નિર્માણ થયું છે. આજ સુધી રાજકોટ, ધોરાજી, જસાપર (ઉપલેટા), જેતપુર, સુરત, ત્રંબા, જામકંડોરણા, ભરૂચ, મુંબઈ, જલગાંવ, કોલકતા, જોરાવરનગર, બકવાડી (મધ્ય પ્રદેશ), કલ્યાણ, ઘાટકોપર, કાંદિવલી, વિરાર, પુના, ચેન્નઈ સહિતના શહેરોમાં તેમના અનુગ્રહ અને પ્રેરણા થી ભવનો તૈયાર થયા છે.

**પરિવાર માટે સમય નથી ? ગમે તેટલા વ્યસ્ત હોય, દરરોજ ઓછામાં ઓછો અડધો કલાક ફાળવો**

પૂજ્ય ગુરૂદેવ ધીરજ મુનિ મહારાજ સાહેબે જણાવ્યું કે એક વ્યક્તિ તેના ધંધા વેપાર નોકરીમાં ગમે તેટલો વ્યસ્ત હોય, પરંતુ મા બાપ, પત્ની, સંતાનો સહિતના પરિવાર માટે સમય ફાળવવો જ જોઈએ. તેઓએ કહ્યું કે પરિવાર સાથે જે વ્યક્તિ એન્જોય કરે, તેને એન્જિયોગ્રાફી કરવાની જરૂર નહીં પડે. કહેવાનો તાત્પર્ય, પરિવાર સાથે જે વ્યક્તિ સમય વિતાવે, ખુશ રહે, પોતાના જીવનના ટેન્શન ઓફિસમાં જ છોડીને આવે તો તેને કોઈ પણ પ્રકારની સ્વાસ્થ્ય સંબંધિત તકલીફ થવાના ચાન્સ ઓછા રહે છે. લોકો પોતાના પરિવાર સાથે વાત શેર કરે, બાળકો સાથે સમય વિતાવે તો બોન્ડિંગ વધશે. આ રીતે આગામી દિવસોમાં છૂટાછેડાના કેસ છે તે પણ ઓછા થઈ શકે છે.

**ગુરૂદેવ શ્રેષ્ઠ ક્વોલિટીના આગ્રહી**

સમગ્ર ભારતમાં ૧૨૫ થી વધુ સંકુલો બનાવનાર પૂજ્ય ધીરજમુનિ મહારાજ સાહેબ શ્રેષ્ઠ બાંધકામ અને સાધનો વાપરવાના આગ્રહી છે. તેઓના તમામ સંકુલો અધ્યતન રહે છે અને સાથે ઝડપી કાર્ય પૂર્ણ કરે છે. આના થકી જે પણ દાતા પરિવાર, કે તે સંકુલનો ઉપયોગ કરનાર શ્રાવક હોય છે તેને અનન્ય આનંદની અનુભૂતિ થાય છે.

**આગામી ચાતુર્માસ બોપલ - અમદાવાદમાં કરશે :** ૨૨ જૂના પ્રવેશ વખતે જ સાત માળનું કાઠિયાવાડ ભવન નું ઉદઘાટન થશે.

પૂજ્ય ગુરૂદેવ ધીરજ મુનિ મહારાજ સાહેબ આગામી ચાતુર્માસ બોપલ અમદાવાદ ખાતે કરશે. તેઓનો પ્રવેશ ૨૨ જૂના થશે. તે જ સમયે આધુનિક ૭ માળનું કાઠિયાવાડ ભવનનું ઉદઘાટન પણ થશે. કાઠિયાવાડ ભવનમાં ઉપાશ્રય, મેડિકલ સેન્ટર, બેન્કવેટ હોલ, રહેવા માટે રૂમ અને ભોજનાલયની વ્યવસ્થા કરવામાં આવી છે.

## પૂ. બાબુભાઈ શાહે કંડારેલી કેડીએ આગળ વધતું ‘સાંજ સમાચાર’ આજે લોકપ્રિયતાની ટોચ પર : પૂ. ધીરજમુનિ મ.

### ઉજાલા કરે તે આદિત્ય, ઉજાગર કરે તે સાહિત્ય, ધાર્મિક સામાયિક ‘પરમાર્થ’ના પ્રકાશનથી પૂ. ધીરજમુનિ મ. અતિ પ્રભાવિત

રાજકોટ : ગોંડલ સંપ્રદાયના પરમ શ્રધ્ધેય ગુરૂદેવ પૂ. ધીરજમુનિ મહારાજ ‘સાંજ સમાચાર’ પરિવારના આંગણે પધાર્યા હતા અને ધર્મલાભ આપ્યો હતો.

પૂ. ગુરૂદેવે ‘સાંજ સમાચાર’ના સ્થાપક તથા સૌરાષ્ટ્રના પત્રકારત્વ જગતના ભીષ્મ પિતામહ ગણાતા પૂ. બાબુભાઇ શાહનું સ્મરણ કરીને જણાવ્યું હતું કે તેમણે સંઘર્ષ, પુરૂષાર્થ અને સાહસ દાખવીને પત્રકારત્વની દુનિયામાં અપૂર્વ નામના મેળવી હતી. તેઓ હંમેશા પત્રકારત્વની દુનિયામાં કંઇક નવું કરવાની ધગશ ધરાવતા હતા. તેમણે પ્રિન્ટીંગ ટેકનોલોજીમાં ક્રાંતિ લાવીને નવો ચીલો શરૂ કર્યો હતો. પૂ. બાબુભાઇ શાહ પરિવારના તથા ‘સાંજ સમાચાર’ના તંત્રી શ્રી પ્રદીપભાઇ શાહે બાપુજીની પ્રેરણાથી અને તેમના પગલે પગલે ‘સાંજ સમાચાર’ને આજે સૌરાષ્ટ્રનું અગ્રગણ્ય અખબાર બનાવીને સમાજમાં પ્રતિષ્ઠા ઉભી કરી છે. તેમાંય શ્રી અંકુરભાઇ શાહ તથા યુવા એક્ઝીક્યુટીવ એડીટર શ્રી કરણભાઇ શાહે પુરો સાથ નિભાવ્યો છે. આજે સમાજના દરેક વર્ગોમાં ‘સાંજ સમાચાર’ને એક તટસ્થ અખબાર તરીકે જોવામાં આવી રહ્યું છે તે એક મોટી વાત ગણાય.તેમણે જણાવ્યું કે ઉજાલા કરે તે આદિત્ય, ઉજાગર કરે તે સાહિત્ય. ‘સાંજ સમાચાર’ દ્વારા ધાર્મિક સામાયિક ‘પરમાર્થ’ પ્રસિધ્ધ થઇ રહ્યું છે. જેમાં આવતા ધાર્મિક લેખો દરેક માટે પ્રેરણાદાયક છે. સમય પ્રમાણે લોકભોગ્ય સાહિત્ય પીરસવાની પ્રણાલી જળવાઇ રહી છે.

આધ્યાત્મિક માસિક ‘પરમાર્થ’ના વાંચનથી વાચકોના વિચારોમાં સદ્‌ભાવનાના ગુણ વિકસે છે. ‘પરમાર્થ’નું સંપાદન શ્રીમતી પૂર્વીબેન પ્રદીપભાઇ શાહ કરી રહ્યા છે. તેઓ વાચકોને શું ગમશે તેવું તો વિચારે છે, સાથોસાથ વાચકોની પસંદગી પર પણ વિચારવામાં આવે છે.

પૂ. ધીરજમુનિ મહારાજે ‘સાંજ સમાચાર’ પરિવારના શ્રી પ્રદીપભાઇ શાહ, શ્રીમતી પૂર્વીબેન શાહ, શ્રી અંકુરભાઇ શાહ તથા શ્રીમતી અનુજાબેન, શ્રી કરણભાઇ તથા શ્રીમતી ચાર્મીબેન તેમજ બાળકો આરવ, આદિત, દેવાંશી તથા હરશિવને માંગલિક ફરમાવીને આશિર્વાદ પાઠવ્યા હતા.



### એક દિવસે પિતા-પુત્રએ સાથે દીક્ષા લીધી : પિતા શ્રી પોપટભાઈ (પૂજ્ય પ્રેમમુનિ) ઉપલેટાના જશાપુરમાં પાંચ દાયકા સુધી સરપંચ રહ્યા : પૂજ્ય ધીર ગુરૂદેવએ માત્ર ૨૨ વર્ષની વયે સંસાર ત્યાગ કર્યો અને ગોંડલ સંપ્રદાયના જૈન મુનિ બન્યા

### રાજકોટમાં છેલ્લા બે વર્ષમાં તેમની નિશ્રામાં રૂા.૫૦ કરોડથી વધુના પ્રોજેક્ટો પૂર્ણ થયા જેમાં માલવિયા ચોકમાં આવેલ મહાવીર ભવન-જૈન બોર્ડિંગ, વિરાણી બહેરા મૂંગા શાળા, સ્થાનકવાસી જૈન મોટા સંઘ-પેલેસ રોડ, વગેરેનો સમાવેશ થાય છે : ટૂંક સમયમાં અવધ પર બનશે ભવ્ય સંકુલ

### રાજકોટ ગ્રામ્યમાં તસ્કરોનો પડાવ, ત્રણ કંપની નિશાને લીધી

# તરઘડી પાસે ઉમિયા ટી ફેક્ટરીમાંથી રૂા.૭ લાખની રોકડ ચોરી

## બંને ચોરીના તસ્કરો હાથવેંતમાં, પોલીસે મુદામાલ કબ્જે કરવા તજવીજ આદરી

## રિબડા ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં આવેલ ગંગા ફોર્જીગ સહિત બે કારખાનાની સાઈટ પરથી રૂા.૧.૨૦ લાખના મુદામાલની ચોરી, તસ્કરો સીસીટીવીમાં કેદ


(તસ્વીર : પંકજ શીશાંગીયા)

રાજકોટ. તા.૧૭

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં તસ્કરોનો પડાવ હોય તેમ ત્રણ કંપની નિશાને લઈ લાખો રૂપિયાની ચોરી કરી નાસી છૂટયા હતાં. તરઘડી પાસે ઉમિયા ટી ફેક્ટરીમાંથી રૂ.૭ લાખની રોકડ અને રિબડા ઇન્ડસ્ટ્રીયલ ઝોનમાં આવેલ ગંગા ફોર્જીગ સહિત બે કારખાનાની સાઇટ પરથી રૂ.૧.૨૦ લાખના મુદામાલની ચોરી થઈ હતી. બનાવ અંગે પોલીસે ગુનો નોંધ્યો હતો અને ચોરી કરનાર તસ્કરો હાથ વેંતમાં હોવાનું સામે આવ્યું છે.

બનાવ અંગે રાજકોટમાં અંબીકા ટાઉનશીપમાં આવેલ સિધ્ધિ હાઈટ્સમાં રહેતાં પારસભાઈ સુરેસભાઈ મકવાણાએ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓને રીબડા સમૃધ્ધી ઇન્ડસ્ટ્રીઝ ઝોનમાં શ્રી ગંગા ફોર્જીગ નામનુ કારખાનુ છે, ત્યા કારખાનાનુ યુનીટનુ કામ ચાલુ છે. છ થી સાત મહીનાથી તેઓ અને તેના ભાગીદાર અશોકભાઈ રિબડા ઇન્ડસ્ટ્રીયલ ઝોનમાં ગંગા ફોર્જીગ નામે કારખાનુ બનાવે છે અને બાંધકામ પુરૂ થઇ જતા કારખાનાનો મશીનરીનો સર સામાન મંગાવેલ હતો.

ગઇ તા. ૫ ના તેઓએ કારખાનામા મશીનરીનો ફીટીંગ કરવાનો સામાન ખોલેલ જેમા મશીનની પીનુ, ગીયર, સ્લાઇડર, ગિયરની કંગની, મોટર તથા સબમર્સીબલનો કેબલ વાયર, ડાયુ, ડાયુની પીન અને એક ઇન્ડકશન ચેંજર મશીન સ્વીચ ફીટીંગ કરવાના હતાં. બાદમાં રાત્રે અગીયારેક વાગ્યે કારખાનુ બંધ કરી ઘરે જતા રહેલ હતા.

તા.૬ ના સવારે સાડા નવેક વાગ્યે તેઓ કારખાનાએ ગયેલ તો ત્યાં સામન જોવા મળેલ નહી અને કારખાનામાં ચોરી થયેલનું સામે આવતાં તુરંત પાર્ટનર અશોકભાઈને કારખાને બોલાવી કારખાનાના સીસીટીવી કેમેરા તપાસતા અજાણ્યા ત્રણ શખ્સો કારખાનામા અંદર આવતા જોવા મળે છે અને બાદમાં અંદરથી સામાન લઈને બહાર નીકળતા જોવા મળેલ હતાં. બાદમાં કારખાનાની આજુ બાજુ જોતા રીક્ષાના ટાયરના નીશાન હતા. તેમજ કારખાનામાં ચોરી થયેલ તેના એક બે દીવસ પહેલા બાજુમાં નરેન્દ્રભાઈનું કારખાનુ બને છે, તેના કારખાનમાથી પણ આશરે ૬૦૦ કીલો જેટલી વજનની લોખંડની પ્લેટોની ચોરી થયેલ હતી.

જેથી ફરિયાદીના કારખાનમાંથી રૂ.૧ લાખનો મુદામાલ અને બાજુના કારખાનમાંથી રૂ.૨૦ હજારની પ્લેટોની ચોરી કરી અજાણ્યાં તસ્કરો નાસી છૂટતાં ગોંડલ તાલુકા પોલીસે સીસીટીવી કેમેરાના આધારે તપાસ આદરી હતી.

ચોરીના બીજા બનાવમાં રાજકોટમાં જાગનાથ ચોકમાં સાંઇ નગર સોસાયટીમાં રહેતાં રમણીકભાઈ વાલજીભાઈ સાણદીયા (ઉ.વ.૫૭) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ તરઘડી ગામે જામનગર હાઈવે ઉપર ઉમીયા ટી પ્રાઈવેટ લીમીટેડ નામની ચા ની ભુકીનુ પૈકીંગ કરી અને વેચાણ કરે છે અને તે ફેક્ટરીમા આશરે ૪૫ જેટલા કર્મચારીઓ કામ કરે છે.

ગઈ તા.૧૪ ના તેઓ રાજકોટથી સવારના નવ વાગ્યે ફેક્ટરીએ ગયેલ અને રુટીન મુજબ ફેક્ટરીને લગતુ કામકાજ કરી સાંજના સાડા સાતેક રાજકોટ ઘેર પરત ફરેલ હતાં. બીજા દિવસે સવારના આઠ વાગ્યે ફેક્ટરીમા એકાઉંટનું કામ કરતા નીકુંજભાઈનો ફોન આવેલ કે, તમારી ઓફીસ તથા જનરલ ઓફીસમાં બધી વસ્તુ વેર વીખેર પડેલ છે, તમારી ઓફીસમાં રાખેલ તિજોરી ફિટ કરેલ હતી તે લોખંડની સાંગળી વડે કાઢી ગયેલ છે અને તે સાંગળી પણ અહિ પડેલ છે, ઓફીસમાં ચોરી થયેલ છે તેવી વાત કરતાં ફરીયાદી તુરંત ફેક્ટરીએ ગયેલ તો ત્યાં ફેક્ટરીમાં કામ કરતા કર્મચારીઓ હાજર હતા અને ઓફીસમાં જોયુ તો તેઓની તેજોરીમાં આશરે રૂ. ૭ લાખની ચલણી નોટો રાખી હતી તે તેજોરી જોવામાં આવેલ નહી તેમજ ઓફિસમાં રહેલ બધા કબાટ ખુલ્લા હતા

બાદમાં તેઓએ ફેક્ટરીના સીસીટીવી ફુટેજ ચેક કરતા એક સ્ત્રીના વેશમાં પુરુષ મોઢે બુકાની બાંધી ફેક્ટરીમા તા.૧૫/૦૪/૨૦૨૫ ના પ્રવેશ કરતો દેખાયો હતો. જેથી કોઈ અજાણ્યો તસ્કર ઉમિયા ટી ફેક્ટરીમાં પ્રવેશ કરી ઓફિસમાં રહેલ તિજોરીમાંથી રૂ.૭ લાખની ચોરી કરી નાસી છૂટતાં ફરીયાદમાં નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી પડધરી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જો કે, મળેલ વિગત મુજબ તસ્કર રાજકોટના ભક્તિનગર પોલીસના હાથે ઝડપાઈ ચુક્યો છે.

---

### રાજકોટમાં ભદ્ર સમાજ માટે કલંકિત કિસ્સો

# શરીરમાં પુત્રની આત્મા આવી છે, કહીં સસરાએ વિધવા પુત્રવધુના પ્રાઈવેટ પાર્ટમાં અડપલાં કર્યા

**મહિલા ચિત્રકૂટધામ ફરવા ગયાં ત્યારે રૂમમાં નિંદ્રાધીન હાલતમાં સસરાએ આખા શરીરમાં અડપલાં કર્યા, બાદમાં ઘરે પણ મારે તારા રૂમમાં સૂવું છે કહીં ફરીવાર સતામણી કરી**

**યુનિ. પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ આદરી**

રાજકોટ. તા.૧૭

રાજકોટમાં ભદ્ર સમાજ માટે કલંકિત કિસ્સો સામે આવ્યો હતો. જેમાં શરીરમાં પુત્રની આત્મા આવી છે, કહીં સસરાએ વિધવા પુત્રવધુના પ્રાઇવેટ પાર્ટમાં અડપલાં કરતાં યુની. પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી. મહિલા ચિત્રકૂટધામ ફરવા ગયાં ત્યારે રૂમમાં નિદ્રાધીન હાલતમાં સસરાએ આખા શરીરમાં અડપલાં કર્યા, બાદમાં ઘરે પણ મારે તારા રૂમમાં સૂવું છે કહીં ફરીવાર સતામણી કરી હતી.

બનાવ અંગે નાણાવટી ચોકની બાજુમાં શાંતિનિકેતન પાર્કમાં રહેતી ૩૮ વર્ષીય મહિલાએ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેણી તેના છ વર્ષના દિકરા સાથે રહે છે. તેણીના પતિનું જુલાઇ ૨૦૨૩ માં લીવર ફેલીયોરની બીમારી થતા તા. ૨૧/૦૮/૨૦૨૩ ના રોજ અવસાન થયેલ હોય ત્યારથી તેઓ તેના પુત્ર સાથે એકલા રહે છે. તેણીના તબીબ સસરા અને તબીબ સાસુ રૈયા રોડ પર આવેલ એપાર્ટમેન્ટમાં રહે છે.

તેણીના સસરા હાલ કોઠારીયા મેઇન રોડ રણુજા મંદિરની બાજુમા આવેલ મેડિકલ સ્ટોરની દેખરેખ કરે છે અને સાસુ ક્લિનીક ચલાવે છે. તેણીના જેઠ- જેઠાણી ફિઝીયોથેરાપિસ્ટ છે. ગઇ તા.૧૯-૦૫-૨૦૨૪ ના તેઓ અને તેનો પુત્ર તેના સાસુ સસરા સાથે ફરવા ગયેલા હોય તે સમયે ત્યા એક જ રૂમ રાખેલ હતો. રાત્રીના સમયે થાકીને તેણી સગીર પુત્ર સાથે સુઇ ગયેલ હોય તે દરમિયાન તેણીની જાણ બહાર તેમની સાથે સાસુની જગ્યાયે સસરા બાજુમા સુઇ ગયેલ હતાં. તેમજ સાસુને નિંદરનો પ્રોબ્લેમ હોય જેથી તે ઉંઘની દવા લઈને અલગ ગાદલામાં નીચે સુતેલા હતાં.

તે દરમ્યાન તેણીના સસરા તેણી ઉંઘમા હોય ત્યારે રાતના સમયે ગાલ, પેટ તથા પ્રાઇવેટ પાર્ટ પર હાથ ફેરવવા લાગતાં અચાનક ડરી જઈ ને જાગી ગયેલ અને સસરાને કહેલ કે પપ્પા તમે આ શું કરો છો, તેમ કહીને તેના સાસુને જગાડવા જતા સસરાએ કહેલ કે, તુ જગાડીશ નહી બાકી જોવા જેવી થશે તેમ કહેલ જેથી તેણી ડરી જઈને આખી રાત એક ખુણામા બેસી રહેલ હતી. સવારે તેણીએ સાસુને વાત કરેલ જેમા સાસુએ જણાવેલ કે મને તારા સસરાએ વાત કરેલ છે, તેણે કઇ કરેલ નથી, તેના શરીરમા સાગર આવેલ જેથી તેમને કાંઇ કરેલ નથી તથા કોઈને કહીશ નહી નહીતર તને ઘર ચલાવવા માટે પૈસા નહી આપીએ તેવુ જણાવતા કોઈ ને વાત કરેલ નહી.

ત્યારબાદ ગઈ તા.૨૪/૦૩/૨૦૨૫ ના બપોરના સમયે તેણીના ઘરે તેના બેન તથા બનેવી આવેલ હોય ત્યારે સસરા ઘરે આવેલ અને જણાવેલ કે, હવે હુ અહીં જ રહીશ, મારે તારી સાસુ સાથે બનતુ નથી, તુ જા અને મારા કપડા તથા મારો સામાન લઇ આવ મારે અહીં જ રહેવુ છે. જેથી તેણીએ કહેલ કે, ઘરે મહેમાન આવેલ હોય આવુ સારુ ના લાગે શાંતિથી વાત કરીએ તેમજ સાસુ પણ અહીં રહેવા માટે આવી જાઈ તેવુ જણાવેલ હતું.

તેણીએ સાસુને ફોન કરતા તે જણાવેલ કે, મારે તેની સાથે કાંઈ લેવા દેવા નથી, તેનુ કોઇ બીજી સાથે અફેર ચાલે છે. ત્યાર બાદ સસરા અમારા ઘરે રહેલ તથા સાંજના સમયે જમીને તેણીના બેન અને બનેવી એક રૂમમા સુતા હતાં અને એક રૂમમા તેણી અને તેનો પુત્ર તેમજ હોલમાં તેના સસરા સુતા હતાં. રાતના સાડા ત્રણ વાગ્યા આજુબાજુ સસરાએ રૂમનો દરવાજો ખખડાવેલ જેથી તેણીએ દરવાજો ખોલતા સસરા રૂમમા આવી ગયેલ અને કહેલ કે, મને જગ્યા બદલતા ઉંઘ આવતી ના હોય હુ અહીં જ રૂમમા સુઇ જાવ છુ તેમ કહીને તેણીનો હાથ પકડી લીધો અને તેણીના પ્રાઇવેટ પાર્ટને અડવાની કોશીષ કરવા લાગેલ હતાં.

તેમજ તેણી સાથે જબરજસ્તી કરવા લાગેલ હતાં, જેથી તેને ધકો મારીને બાજુના રૂમમા સુતેલા બેન - બનેવીને ઉઠાડેલ અને બદનામીના ડરના કારણે તેને સાચુ કહેલ નહી. બીજા દિવસે સાંજે બેન-બનેવી તથા માતા-પિતાને વાત કરી ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી તબીબ સસરાની ધરપકડ કરવાં યુની. પોલીસે તજવીજ આદરી છે.

---

# મોરબી રોડ પર હિટ એન્ડ રનઃ કારે રીક્ષાને હડફેટે લેતા વાછકપર બેડીના નરશીભાઈ જાદવનું સારવારમાં મોત

**કૌટુંબિક સગાની રીક્ષામાં પેસેન્જરને કાગદડી ખોડીયાર આશ્રમ પાસે મુકવા જતા હતા ત્યારે બનાવ બન્યોઃ મૃતકના કૌટુંબિક ભત્રીજા જેન્તીભાઈ જાદવને ઈજા થતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા**



રાજકોટ તા.૧૭

રાજકોટ નજીક કાગદડી ગામ પાસે મોરબી રોડ પર પુરપાટ ઝડપે આવતી કારે રીક્ષાને હડફેટે લેતા વાછકપર બેડીના વૃધ્ધનું મોત નિપજયું હતું. જયારે એક પ્રૌઢને ઈજા થઈ હતી.

બનાવ અંગે પોલીસ સુત્રોએ જણાવ્યું કે, ગઈકાલે સાંજે નરશીભાઈ ભીખાભાઈ જાદવ (ઉ.૬૦, રહે. વાછકપર બેડી ગામ, તા.રાજકોટ) અને જેન્તીભાઈ ગોવિંદભાઈ જાદવ (ઉ.૫૦, રહે. કાગદડી ગામ, તા.રાજકોટ) બંનેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેમાં ચાલુ સારવાર દરમિયાન નરશીભાઈનું મોત નિપજયું હતું. જયારે જેન્તીભાઈ હજુ સારવાર હેઠળ છે. આ અંગે સિવિલ હોસ્પિટલ ચોકીના એએસઆઈ સી.જે. ઝાલાએ કુવાડવા રોડ પોલીસને જાણ કરતા પોલીસ સ્ટાફ હોસ્પિટલ દોડી આવ્યો હતો અને મૃતદેહ પીએમ માટે ખસેડી અજાણ્યા કાર ચાલક સામે ગુનો દાખલ કરવા તજવીજ કરી હતી. મૃતકના પરિવારજનોએ જણાવ્યું કે, નરશીભાઈ નિવૃત હતા. ગઈકાલે તેમના કૌટુંબિક સગા દેવાભાઈ જેઠાભાઈ જાદવ કે જેઓ રીક્ષા ચલાવતા હોય કાગદડીથી ખોડીયાર આશ્રમ પેસેન્જર મુકવા જવાના હતા. જેથી નરશીભાઈ અને જેન્તીભાઈ રીક્ષામાં દેવાભાઈ સાથે ગયા હતા. રીક્ષા આશ્રમ પાસે પહોંચી ત્યારે પુરપાટ ઝડપે આવતી કારે રીક્ષાને હડફેટે લેતા રીક્ષા ગોથા ખાઈ ગઈ હતી. જેમાં જેન્તીભાઈ અને નરશીભાઈને ઈજા થઈ હતી. મૃતક નરશીભાઈને ૨ દીકરા અને ૪ દીકરી છે. તેઓ ૨ ભાઈ ૪ બહેનમાં મોટા હતા. બનાવથી પરીવારમાં શોક છવાયો હતો.

---

# સિટી બસ અકસ્માતના હતભાગીઓની સ્મશાન યાત્રામાં સ્વજનોનું હૈયાફાટ રૂદન, કસૂરવારને સખત સજાની માંગ

**૧ મહિના પહેલા પિતા ગુમાવ્યા, હવે નાના ભાઈનું મોત નીપજતા શિક્ષિકા બહેન નોંધારા થયા : ભારે કલ્પાંત છવાયો**


(તસવીર : સરફરાઝ પઠાણ)

રાજકોટ, તા.૧૭

રાજકોટ સિટી બસે સર્જેલ અકસ્માતના હતભાગીઓની સ્મશાન યાત્રા ગઈકાલે સાંજે નીકળી હતી. જેમાં સ્વજનો હૈયા ફાટ રુદન કરતા જોવા મળ્યાં હતા. અને કસૂરવારને સખ્તમાં સખ્ત સજાની માંગ કરી હતી.

ગઈકાલે સવારે ઈન્દિરા સર્કલ પાસે સિટી બસે ટ્રાફિક સિંગ્નલ પર ઉભેલા અનેક વાહનોને હડફેટે લઈ અનેક લોકોને કચડ્યા હતા. જેમાં ૧. કિરણબેન ચંન્દ્રેશભાઇ કક્કડ (ઉ.વ.૫૬, રહે.શાંતિનિકેતન સોસાયટી, કોટેચા ચોક, કાલાવડ રોડ, રાજકોટ.), ૨. રાજુભાઇ મનુભાઇ ગીડા (ઉ.વ.૩૫, રહે.સત્યમ પાર્ક શેરી નંબર ૧, ૮૦ ફૂટ રોડ, રાજકોટ), ૩. સંગીતાબેન ધનરાજભાઇ ચૌધરી (ઉ.વ.૪૦, રહે. એડોમ સલૂન, અક્ષર માર્ગ, સ્વામીનારાયણ મંદિર સામે, કાલાવડ રોડ, રાજકોટ) અને ૪. ચિન્મય ઉર્ફે લાલો હર્ષદભાઇ ભટ્ટ (ઉ.વ.૨૫ રહે.હાથીખાના શેરી નં.૨, રાજકોટ)નું મોત નીપજ્યું હતું.

ગઈકાલે મૃતદેહોનું પીએમ થયા પછી સ્વજનોને સોંપવામાં આવેલ. જે પછી તેમના નિવાસ સ્થાનો ખાતેથી હતભાગીઓની સ્મશાન યાત્રા નીકળી હતી. મૃતકો પૈકી ચિન્મયભાઈ (લાલો) હર્ષદભાઈ ભટ્ટ (ઉં. વ. ૨૫) પોતે સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં બાંધકામ શાખામાં પ્યુન હોય, સવારે હાથીખાના સ્થિત પોતાના ઘરેથી નોકરી પર જવા સાઈન બાઈક પર નીકળ્યા હતા. અને ઇન્દિરા સર્કલે અકસ્માતનો ભોગ બન્યા હતા. તેમના બહેને ભાઈને ફોન કર્યો. ત્યારે કોઈ અજાણ્યા વ્યક્તિએ ઉપાડી કહ્યું કે, તેનું અકસ્માત થયું છે. સિવિલ હોસ્પિટલ લઈ ગયા છે. અત્રે આવતા ભાઈના મોતની જાણ થઈ. ચિન્મયભાઈ એક ભાઈ અને એક બહેનમાં નાના હતા. હજુ ૧ મહિના પહેલા જ પિતા હર્ષદભાઈનું હાર્ટ એટેકથી મોત થયેલું. ૧૫ દિવસ પહેલા પિતા ગુમાવ્યા અને હવે ભાઈના મૃત્યુથી પથ્થર પણ પીગળી જાય તેવું કરુણ રૂદન બહેને કરતા વાતાવરણમાં ગમગીની છવાઈ ગઈ હતી. આ તરફ સ્વજનોએ હૈયા ફાટ રુદન કર્યું હતું. આશાસ્પદ યુવાનના મોતથી શોક છવાયો હતો. મૃતક પરિવારના મહિલાઓએ કસૂરવાર ડ્રાઈવરને સખ્તમાં સખ્ત સજા થાય તેવી માંગ કરી હતી.

**અવારનવાર અકસ્માત સર્જતી સિટી બસ બંધ કરી દ્યો, મૃતકના સ્વજનનો રોષ**

ચિન્મયભાઈ ભટ્ટના અંતિમ સંસ્કાર વખતે હાજર એક મહિલા સ્વજને જણાવેલ કે, સિટી બસ ડ્રાઈવર બેફામ બસો ચલાવે છે. અવાર નવાર અકસ્માત કરે છે. લોકોની જીંદગી જોખમમાં મૂકે છે. આવી સિટી બસ બંધ કરી દયો.

---

## અવસાન નોંધ

**રાજકોટ:** સ્વ. હર્ષદભાઈ દિનકરરાય ભટ્ટ નાગરિક બેંક તથા સ્વ. આશાબેન હર્ષદભાઈ ભટ્ટના પુત્ર ચિન્મય હર્ષદભાઈ ભટ્ટનું અવસાન થયેલ છે. તે વિજયભાઈ (રેલ્વે) કલ્પેશભાઈ, પ્રજ્ઞાબેન, દક્ષાબેનના ભત્રીજા તથા ઉર્વીબેન હર્ષદભાઈ ભટ્ટના નાનાભાઈ થાય. તેમનું બેસણું તા.૧૭ને ગુરૂવારે સાંજે ૫થી ૬ તેમના નિવાસ હાથીખાના શેરી નં.૨ મહંમદ મંઝીલની સામે રાખેલ છે.

**સાવરકુંડલા:** નજમુદીનભાઈ મુ. હુસેનભાઈ (સોડાવાળા) (ઉ.૭૮) રસીદાબેનના શોહર તથા મકબુલભાઈ તથા શબનમબેન (તસ્નીમબેન) અબ્બાસભાઈ બરવાલાના પપ્પા તથા મલેકાબેન મકબુલભાઈના સસરા તા.૧૬ને બુધવારના રોજ વફાત થયેલ છે. મર્હુમની જીયારત તથા ચાલીસમાના ફાતેહાના સિપારા તા.૧૮ને શુક્રવારના રોજ સવારે ૧૧-૩૦ કલાકે ઈઝઝી મસ્જીદ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા:** મર્હુમ ઈકબાલભાઈ ઈસ્માઈલભાઈ કુરેશી લીલીયાવાળા (સાવરકુંડલા ન.પા.નિવૃત કર્મચારી) કુરેશી ઈરશાદભાઈ ઈકબાલભાઈ, કુરેશી આસીફભાઈ ઈકબાલભાઈ (સા.કું. નગરપાલિકા કાઉન્સિલર), કુરેશી અકરમભાઈ ઈકબાલભાઈ (હોમગાર્ડ)ના પિતાશ્રી અલ્લાહની રહેમતમા પહોંચી ગયેલ છે. તેમની જીયારત તા.૧૮ને શુક્રવારના રોજ સવારે ૧૦થી ૧૧ કલાકે મદીના મસ્જીદમાં રાખેલ છે. ઔરતોની જીયારત મુહમદીબાગ સિપાઈ જમાતખાનામાં રાખેલ છે. અને હિન્દુ-મુસ્લીમ ભાઈઓની જીયારત સાંજે ૪થી ૬ કલાકે સીપાઈ જમાતખાના આઝાદ ચોક ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા:** મર્હુમ હાજીવજીરખાન ફતેખાન પઠાણ (રૂવાળા) (ઉ.૯૨) તા.૯ને બુધવારના રોજ ખુદાની રહેમત પહોંચી ગયેલ છે. સદગતનું બેસણું (હિન્દુ ભાઈઓ માટે) તા.૧૭ને ગુરૂવારના રોજ સાંજે ૫થી ૬-૩૦ કલાકે અમારા નિવાસ લીંમડી ચોક તળીનાકા પાસે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**માંગરોળ:** મંજુલાબેન વિનોદચંદ્ર ભરડા (ઉ.વ.૬૫) તા.૧૫ના રોજ અવસાન પામેલ છે. તે ડો. વિનોદચંદ્ર રામચંદ્ર ભરડાના ધર્મપત્ની, ડો.નરેન્દ્ર વિનોદચંદ્ર ભરડા, મહેશભાઈના માતુશ્રી થાય. તેમનું બેસણું તા.૧૭ને ગુરૂવારે સાંજે ૪થી ૬ સિરાજ રોડ, મામલતદાર ક્વાર્ટરની સામે તેમના નિવાસ સ્થાન માંગરોળ રાખેલ છે.

**રાજકોટ:** સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ બોરડી સમઢિયાળા નિવાસી હાલ રાજકોટ ગીતાબહેન વિનોદરાય દવે (ઉ.વ.૭૨) તે સ્વ.વિનોદરાય નંદલાલ દવેના પત્ની તથા વિપુલભાઈ, મનીષાબેન, રશ્મિકાબહેનના માતુશ્રી, મેઘાબહેન, ક્રિશભાઈ, કેવિનભાઈના નાનીમા તેમજ મહેશભાઈ રસીકલાલ મહેતા (મુંબઈ) જયકુમાર રસીકલાલ મહેતા (મુંબઈ), વિજયભાઈ રસીકલાલ મહેતા (મુંબઈ)ના બહેનનું તા.૧૬ના અવસાન થયેલ છે. બેસણું તા.૧૯ને શનિવારે સાંજે ૪થી૬ તેમના નિવાસસ્થાન 'શિવાલય', ૩-હંસરાજનગર, ગૌરેશ્વર મહાદેવ મંદિર સામે, જ.કો.સોસાયટી પાસે, રાજકોટ ખાતે રાખેલ છે. (મો.૭૬૨૨૦ ૫૦૪૮૪, ૯૭૧૪૨ ૪૪૮૯૯)

**વાંકાનેર:** વાંકાનેર નિવાસી અને લોહાણા અગ્રણી જીતેન્દ્રકુમાર જમનાદાસ કોટક (કેનેડી) (ઉ.૭૩) તે કલ્પેશભાઈ, પલકભાઈ, ગૌ.વા. મયુરીબેન કૃષ્ણકુમાર રાજપોપટ તથા રાધીબેન હાર્દિકકુમાર અઢીયાના પિતાશ્રી તથા અશોકભાઈના મોટા ભાઈનું તા.૧૫ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તથા સ્વસુર પક્ષની સાદડી તા.૧૮ને શુક્રવારના રોજ સાંજે ૫થી ૬ લોહાણા મહાજનવાડી દિવાનપરા વાંકાનેર ખાતે ભાઈઓ-બહેનોનું સાથે રાખેલ છે.

**રાજકોટ :** મૂળ કાલાવડ(શીતલા)નિવાસી તુલસીદાસ જેરામદાસ અગ્રાવત(ઉ.૮૧) નું તા. ૧૬ના રોજ અવસાન થયું છે. બેસણું તા. ૧૮ ને શુક્રવારે, સાંજે ૪થી ૬, પાયલ એપાર્ટમેન્ટ, બ્લોક નં.૩૦૨, લક્ષ્મીવાડી મેઈન રોડ, પૂજારા પ્લોટનો ખૂણો, રાજકોટ ખાતે રાખેલ છે.

**જસદણ:** કાળાસર (તા.જસદણ) પ્રજાપતિ લાભુબેન કાનજીભાઈ ચૌહાણ (ઉ.વ.૮૩) તે દિનેશભાઈ, કાંતિભાઈ, ભરતભાઈ, હિંમતભાઈ ચૌહાણના માતૃશ્રી હર્ષદભાઈ (ડાયરેક્ટર એટ ધીસ ટાઈમ) રોહિતભાઈ (બ્રાંચ મેનેજર એટ ધીસ ટાઈમ) નરેન્દ્રભાઈના દાદીમાનું તા૧૬ એપ્રિલ ૨૦૨૫ને બુધવારના રોજ કાળાસર મુકામે નિધન થયેલ છે. સદ્દગતનું બેસણું તા.૧૮ એપ્રિલ ૨૦૨૪ને શુક્રવારના રોજ સાંજે ૪ થી ૬ તેમનાં નિવાસસ્થાન કાળાસર (તા.જસદણ) ખાતે રાખવામાં આવેલ છે. શોક સંદેશો મો.૮૧૪૦૭૦૧૫૮૮,૯૩૧૬૨૦૦૮૯૪ ઉપર વ્યકત કરવો.

**રાજકોટ:** ઔદિચ્ય ખરેડી બ્રાહ્મણ મહેશભાઈ જવાહરલાલ પંડયા (ઉ.૭૩) (નિવૃત ટેલીફોન કર્મચારી) તે નલીનીબેન મહેશભાઈ પંડયાના પતિ, હિરલબેન રોનકભાઈ વ્યાસ, સીનીબેન નીખીલભાઈ ભટ્ટ અને અંજલીબેન હાર્દિકભાઈ ભટ્ટના પિતાશ્રી, જનકભાઈ પંડયા (સેલવાસ) મહેન્દ્રભાઈ પંડયા (રાજકોટ), વિણાબેન જગદીશભાઈ વ્યાસ (રાજકોટ) શોભનાબેન વ્યાસ (ધોરાજી)ના ભાઈ તેમજ સરલાબેન ભાસ્કરભાઈ ઠાકરના બનેવીનો કૈલાસવાસ તા.૧૬ને બુધવારના રોજ થયેલ છે. બેસણું તા.૧૮ને શુક્રવારના રોજ ૫થી ૬-૩૦ કલાકે તેમના નિવાસસ્થાન સાંઈકુટીર એપાર્ટમેન્ટ, ગાયત્રી ડેરી વાળી શેરી, ગુરૂપ્રસાદ ચોક રાજકોટ ખાતે રાખેલ છે.


## દુ:ખદ અવસાન/બેસણું



કલ્પેશભાઈ તથા પલકભાઈ તથા ગૌ.વા.મયુરીબેન કૃષ્ણકુમાર રાજપોપટ તથા રાધીબેન હાર્દિકકુમાર અઢીયાના પિતાશ્રી તથા અશોકભાઇ જમનાદાસ કોટક ના મોટાભાઈનું તા.૧૫/૦૪/૨૦૨૫, મંગળવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. ભગવાન તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના... ?
ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

સ્વ.જીતેન્દ્રકુમાર જમનાદાસ કોટક (કેનેડી) (ઉ.વર્ષ-૭૩) સ્વ. તા.૧૫/૦૪/૨૦૨૫, મંગળવાર (વાંકાનેર)

સદ્દગતનું બેસણું - સસુર પક્ષની સાદડી તા.૧૮/૦૪/૨૦૨૫, શુક્રવારના રોજ સાંજે ૫-૦૦ થી ૬-૦૦ સ્થળ : લોહાણા મહાજન વાડી, દિવાનપરા મેઈન રોડ, વાંકાનેર ખાતે ભાઇઓ-બહેનોનું સાથે રાખેલ છે.

લી.
ગૌ.વા.ગીતાબેન જીતેન્દ્રકુમાર કોટક
ગં.સ્વ.નીમુબેન જીતેન્દ્રકુમાર કોટક
અશોકભાઈ જે. કોટક | વિભા કલ્પેશકુમાર કોટક
કલ્પેશભાઈ જે. કોટક | ટવીંકલ પલકકુમાર કોટક
પલકભાઈ જે. કોટક | તન્મય કલ્પેશભાઇ કોટક
વૈદિક કલ્પેશભાઇ કોટક | માન્યા પલકભાઇ કોટક
તથા કોટક પરિવાર ના જયશ્રી કૃષ્ણ...
ચંદારાણા એડ. વાંકાનેર મો. ૯૪૨૮૨ ૭૮૭૪૨



૩૬મી પુણ્યતિથી નિમિતે
## શ્રદ્ધાંજલી



સ્વ. મનુભાઈ વાઢારા (પ્રેસ પ્રતિનિધિ)
સ્વ. તા.૧૫-૪-૧૯૮૯, મોરબી.

મ હાનતા મેળવી સત્કાર્યથી,
નુ ર દેખાડયું પત્રકાર થકી,
ભા ર રાખ્યો પોતા પાસે,
ઈ તરના કર્યા ઉધ્ધાર,
વા મનમાંથી વિરાટ બન્યા,
ઢા લ થયા સૌ હરિફજનની,
રા ખ્યું પ્રેસ પ્રતિનિધિત્વે ઉજળુ નામ.

લી. ભરત વાઢારા
વાઢારા ન્યુઝ એજન્સી
નહેરૂ ગેઈટ, મોરબી. Mo. 97370 55625


સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

## રાજકોટમાં મોતના તાંડવમાં બે પોલીસ ફરીયાદ નોંધાઈ

# પોલીસ પર ટપલી દાવ કરનાર ટોળા સામે ગુનો નોંધાયો

### ગઈકાલે વ્હેલી ઈન્દિરા સર્કલ પાસે યમદૂત બની ઘસી આવેલ સીટી બસના ચાલકે સાતેક વાહનોને હડફેટે લઈ ચાર લોકોને મોતને ઘાટ ઉતારી દીધા હતાં, જે બાદ ટોળાના મારથી બસ ચાલકને બચાવવા ગયેલ ટ્રાફિક પોલીસમેન પર ટોળાએ ઝપાઝપી કરી હતી

રાજકોટ. તા.૧૭

રાજકોટમાં મોતના તાંડવમાં બે પોલીસ ફરીયાદ નોંધાઈ છે. જેમાં ગઈકાલે વ્હેલી ઈન્દિરા સર્કલ પાસે યમદૂત બની ઘસી આવેલ સીટી બસના ચાલકે સાતેક વાહનોને હડફેટે લઈ ચાર લોકોને મોતને ઘાટ ઉતારી દિધા હતાં, જે બનાવમાં પોલીસ પર ટપલી દાવ કરનાર ટોળા સામે પણ ગુનો નોંધાયો હતો.

**પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે આરોપીની શોધખોળ આદરી**

પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે આરોપીની શોધખોળ આદરી હતી.

બનાવ અંગે રાજકોટ પોલીસ હેડ ક્વાર્ટરમાં રહેતાં અજયભાઈ ભીખાભાઈ ડાભી (ઉ.વ.૪૦) એ યુની. પોલીસ મથકમાં નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ટોળામાં રહેલ ૧૫ થી ૨૦ લોકોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓ પોલીસ વિભાગમાં શહેરમાં વર્ષ ૨૦૧૧ થી ફરજ બજાવે છે. હાલમાં તેમની ફરજ ટ્રાફિક સેકટર - ૪ વિભાગમાં હેડ કોન્સ્ટેબલ તરીકે છેલ્લા બે દિવસથી મારી ફરજ બજાવે છે.

ગઈકાલે તેઓ ફરજ પર ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર આવેલ ઈન્દીરા સર્કલ પાસે ટ્રાફિક નિયમનની કામગીરી કરતા હતા, તે દરમ્યાન સવારના આશરે દસેક વાગ્યાના અરસામાં કોટેચા ચોકથી આકાશવાણી ચોક તરફ જવાનું સિગ્નલ ખુલતા તે બાજુની સાઇડ ઉપર ઉભી ટ્રાફિક નિયમન કરતા હતા. તે દરમ્યાન એક આરએમસીની સીટી બસ ૪. GJ-03-BZ-0466 ની પુરપાટ ઝડપે કોટેચા ચોકથી સિગ્નલ ખુલતા અચાનક આવી જતા બસના ચાલકે રસ્તાના રાહદારીઓ, બાઈક ચાલકો તથા કાર ચાલકો કે જેઓ આગળની સાઈડ યુનિવર્સિટી રોડ તરફ જતા હતા ત્યારે તેઓને અડફેટે લઈ તેઓની ઉપરથી બસ ચલાવી દેતા અચાનક ત્યાં અકસ્માત સર્જાયો હતો.

જે બનાવ ગંભીર હોય, થોડીક વારમાં જ લોકોના ટોળા ભેગા થઈ જતા તેઓ ટ્રાફિક નિયમન કરી પ્રથમ કોલ પોલીસ કન્ટ્રોલ રૂમમાં ફોન કરેલ અને વધુ પોલીસ ફાળવવા જણાવેલ હતું. તેમજ રાહદારીઓમાંથી કોઈએ ૧૦૮ ને ફોન કરેલ હતો, તેમજ સીટી બસના ચાલકે સાત થી આઠ રાહદારીઓને હડફેટે થઈ લીધેલ હોય, જેથી માણસો તેઓની કાબુ બહાર થતા પ્રથમ તેઓની ફરજ હતી કે, ત્યાં



તસ્વીરઃ પંકજ શીશાંગીયા









### ડ્રાયવરને અમોને કેમ ન સોંપ્યો ? એમ્બ્યુલન્સમાં કેમ મોકલી દીધો ? પોલીસવાળા ભાઈએ જ બસ ડ્રાઈવરને બચાવેલ છે કહીં ટપલી દાવ કર્યો ’તો

ટોળુ વિખેરવું તેમજ ટોળાને કન્ટ્રોલ કરવાની કામગીરી દરમ્યાન ૧૫ થી ૨૦ અજાણ્યા માણસોના ટોળાએ છુટા પથ્થરના ઘા મારી કોર્પોરેશનની સીટી બસના કાચ તોડ ફોડ કરવા લાગેલ હતાં.

બાદમાં બસનો દરવાજો ખોલી જે ટોળાએ બસના ડ્રાયવરને સીટ ઉપરથી ખેંચીને નીચે ઉતારી રોડ ઉપર માર મારવા લાગતા, તે દરમ્યાન તેઓએ ટોળાની વચ્ચે પડી ટોળાને વિખેરાઈ જવા સુચના કરેલ હતી, તેમ છતા ટોળું વિખેરાયેલ નહી અને માર મારવાનું ચાલુ રાખેલ જેથી તેઓએ ડ્રાઇવરને વધુ મારમાથી છોડાવેલ હતો, ડ્રાયવરને ઈજા થયેલ હોય, જેથી ૧૦૮ મારફત સરકારી હોસ્પી. ખાતે સારવાર માટે મોકલી આપેલ હતો.

બાદમાં બીજી ૧૦૮ આવતા ટોળાને હટવા માટે જણાવેલ અને સાઇડમાં જવાનું કહેતાં ટોળું તેમની ઉપર ઉશ્કેરાઈ ગયેલ અને તે ટોળામાના કેટલાક શખ્સો તેમની સાથે ઝપાઝપી અને ગાળા ગાળી કરી જણાવવા લાગેલા કે, ડ્રાયવરને અમોને કેમ ન સોંપ્યો ? અને એંબ્યુલન્સમાં કેમ મોકલી દીધો ? તેમ કહી ટોળાના માણસો હલ્લા બોલ કરી પોલીસ વાળા ભાઈએ જ બસ ડ્રાયવરને બચાવેલ છે, તેમ કહી કેટલાક શખ્સોએ પોલીસ વાળાને મારો મારો તેમ કહી બુમો પાડવા લાગેલા અને ટોળુ વધુ ઉશ્કેરાઈ ગયેલ હાથાપાઈ કરવા લાગેલા હતાં. ટોળું બેફામ થઈ અને સ્થિતિ કાબુ બહાર જતા ટોળાના માણસો વધુ માર મારવા પ્રયત્ન કરતા સંજોગો વસાત તેઓ ત્યાથી બચવા બીઆરટીએસ રૂટ ઉપર ભાગેલ અને અમુક શખ્સો તેમની પાછળ દોડેલ હતા, જેથી ટોળાના મારથી બચવા કે.કે.વી. પોઈન્ટ ઉપર પહોંચેલ હતા, જે અંગે બનાવની હકીકત ત્યાના ફરજ પરના હાજર કર્મચારીને કરતાં તેઓએ તુરંત બનાવ સ્થળે વધુ પોલીસ ફોર્સ મોકલી આપવા કંટ્રોલમાં જાણ કરેલ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી યુની. પોલીસે ફરજમાં રૂકાવટ, સરકારી વાહનમાં તોડફોડ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે આરોપીને પકડવા તજવીજ આદરી હતી. ઉલ્લેખનિય છે કે, ગઈકાલે અકસ્માતની ઘટના બાદ ગાંધીગ્રામ પોલીસે તુરંત જ બસના ચાલક શિશુપાલ રાણા (રહે. રતનપર) સામે સાપરાધ મનુષ્ય વધની કલમ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરવાં તજવીજ હાથ ધરી છે. આરોપી પણ ઇજાગ્રસ્ત હોય જેથી તે પોલીસ જાપ્તામાં સારવાર હેઠળ છે.

### બસ ચાલકનું લાયસન્સ એક્સપાયર થઈ ગયેલ છે

રાજકોટમાં ગઈકાલે યમદૂત બની આવેલ બસના ચાલકે બ્રેકના બદલે એક્સીલેટર પર પગ મૂકી સાતેક વાહનોને હડફેટે લઈ ચાર લોકોને મોતને ઘાટ ઉતારી દિધા હતાં. જેમાં તપાસ કરતાં આરોપી બસ ચાલક શિશુપાલ રાણાનું ફેબ્રુઆરી માસમાં જ લાયસન્સની વેલીડિટી પુરી થઈ ગયેલ હતી. તેમ છતાં આરએમસી કે જવાબદાર કોન્ટ્રકટર દ્વારા કોઈ નોંધ લેવામાં ન આવી અને બેજવાબદાર બસ ચાલકે ચાર જિંદગીની હણી લીધી હતી.

### મનીષ ઉર્ફે માન, કરણ નેપાળી અને મહેશ શાહને પોલીસે પકડયા

ગઇકાલે ઇન્દિરા સર્કલ પાસે જીવલેણ અકસ્માતની ઘટના બાદ ડીસીપી જગદીશ બાંગરવા સહિતનો મોટો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. જોકે તે પહેલા ટોળાએ ટ્રાફિક પોલીસ પર ટાપલી દાવ કરી ફરજમાં રૂકાવટ કરતા યુનિ. પોલિસ મથકમાં ગુનો નોંધાયો હતો. જે મામલે યુનિ. પોલીસ મથકના પીઆઇ હરેશ પટેલ અને ટીમે સીસીટીવી ફુટેજના આધારે તપાસ આદરી મનીષ ઉર્ફે માન કાળુ સભાડ (ઉ.વ.૧૯, રહે. રૈયાધાર, સ્લમ કવાર્ટસ, મફતીયાપરા), કરણ કિશોર વિશ્વકર્મા (ઉ.વ.૨૪, રહે. ઇન્દિરા સર્કલ, અજંત કોમ્પ્લેક્ષ) અને મહેશ પ્રાણલાલ શાહ (ઉ.વ.૬૨, રહે. બાલમુકુંદ સોસાયટી શેરી નં.૨, નિર્મલા રોડ)ને પકડી પાડી પોલીસે કાયદાનું ભાન કરાવ્યું હતું. જેમાં મનીષ અને કરણ ડિલેવરીબોય છે અને મહેશ શાહ વેપારી હોવાનું ખુલ્યું છે.

# સિટી બસના અકસ્માત અટકવાનું નામ નથી લેતા, કોઠારીયા રોડ પર સાસુ-વહુને ઠોકરે લીધા

### ગઈકાલે ઇન્દિરા સર્કલે અનેકને કચડ્યા બાદ સિટી બસના બેદરકાર ચાલકનો કોઠારીયા રોડ પર વધુ એક અકસ્માત : ઈજાગ્રસ્તો સારવારમાં

રાજકોટ, તા.૧૭

ગઈકાલે ઇન્દિરા સર્કલે અનેકને કચડ્યા બાદ સિટી બસ દ્વારા કોઠારીયા રોડ પર વધુ એક અકસ્માત સર્જાયો હતો. જેમાં કોઠારીયા રોડ પર સાસુ-વહુને ઠોકરે લીધા હતા. ઈજાગ્રસ્તોને સારવારમાં ખસેડવામાં આવ્યા હતા.



સિવિલ હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું કે, પૂજાબેન દીપકભાઈ દાણીધારીયા (ઉં. વ.૪૦) અને તેમના સાસુ મુક્તાબેન ખીમદાસભાઈ દાણીધારીયા (ઉં.વ. ૭૫) (રહે. બંને ગુલાબનગર સોસાયટી, કોઠારીયા સોલ્વન્ટ, રાજકોટ)ને ઈજાગ્રસ્ત હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પૂજાબેનના પતિ અને મુક્તાબેન પુત્ર દિપકભાઈએ જણાવ્યું કે, તેમના માતા અને પત્ની મસાલા ખરીદી કરવા બજારમાં ગયા હતા. સવારે ૧૧ વાગ્યાં આસપાસ તેઓ કોઠારીયા રોડ પર માનવ આશ્રમ પાસે ચાલીને જતા હતા ત્યારે સિટી બસના ચાલકે હડફેટે લીધા હતા. બંનેને ઈજા થઈ હતી. દિપકભાઈ રીક્ષા ચાલક છે. તેઓને જાણ થતા હોસ્પિટલ દોડી આવ્યા હતા. આ તરફ સિવિલ ચોકીના સ્ટાફે ભકિતનગર પોલીસને જાણ કરી હતી. બસ ચાલક સામે ગુનો દાખલ કરવા તજવીજ કરાઈ હતી.

# થોરાળા પોલીસના પીઆઈ, પીએસઆઈ સહિતનાએ અપશબ્દો કહી મહિલાને માર માર્યો હોવાનો સનસની મચવતો આક્ષેપ

### પારૂલબેન સોંદરવા સિવિલ હોસ્પિટલમાં દાખલ, પુત્ર એક કેસમાં ઘણા સમયથી પકડાતો ન હોય, માતાને પોલીસ મથકે બોલાવી અત્યાચાર ગુજારાયો હોવાનો આરોપ

રાજકોટ, તા.૧૭

થોરાળા પોલીસ મથકના પીઆઇ, પીએસઆઈ સહિતનાએ અપશબ્દો કહી મહિલાને માર માર્યો હોવાનો સનસની મચવતો આક્ષેપ થતા પોલીસ બેડામાં ચકચાર મચી છે. પારૂલબેન સોંદરવા સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા છે. તેમનો પુત્ર એક કેસમાં ઘણા સમયથી પકડાતો ન હોય, માતાને પોલીસ મથકે બોલાવી અત્યાચાર ગુજરાયો હોવાનો આરોપ લગાવાયો છે.





આ અંગે સૂત્રોએ જણાવ્યું કે, રાજકોટ સિવિલ હોસ્પિટલમાં આજે સવારે ૧૧ વાગ્યાં આસપાસ પારૂલબેન કિશોરભાઈ સોંદરવા (ઉં.વ. ૪૫, રહે. આંબેડકરનગર શેરી નંબર ૨, બાળક સાહેબની જગ્યા પાસે, નવા થોરાળા, રાજકોટ) દાખલ થયા હતા. તેમણે જણાવેલ કે, તેઓ થોરાળા પોલીસ મથકે હતા ત્યારે પોલીસ અધિકારી સહિતનાએ માર માર્યો હતો. બનાવની જાણ થતા પોલીસ બેડામાં હડકંપ મચી હતી. પારૂલબેને જણાવ્યું કે, તેનો પુત્ર કેવલ એક કેસમાં ઘણા સમયથી પકડાતો નથી. તે ઘરે આવતો નથી. ક્યાં છે એની ખબર નથી. દરમ્યાન કોઈ વ્યક્તિ અમારે ઘરે આવેલ અને કહેલ કે તમને થોરાળા પોલીસ મથકે બોલાવે છે. હું પોલીસ મથકે ગઈ ત્યાં પીઆઇ વાઘેલા અને પીએસઆઈ જે. પી. જાડેજા, મહિલા કોન્સ્ટેબલ જાગૃતિબેન લાલજીભાઈ હાજર હતા. પીઆઇ અને પીએસઆઈ મને અપશબ્દો કહેવા લાગ્યા. દરમ્યાન જાગૃતિબેને ધક્કો મારી મને નીચે પછાડી દેતા મને મૂંઢ ઈજા થઈ હતી. મને છાતીમાં માર માર્યો હતો. જે પછી હું રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થઈ હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગત મુજબ, કેવલ સામે દારૂના કેસ છે. પોલીસ પર હુમલો કરવાનો ગુનો છે. જેમાં તે ઘણા સમયથી પકડાતો નથી.

# હાર્ટએટેક આવતા પ્રૌઢનું મોત થયું, પોલીસે સમજ આપતાં પરિવારે ચક્ષુદાન માટે સહમતી આપી

### પોલીસ સેવા સાથે સામાજિક ઉત્તરદોયિત્વનું ઉત્તમ ઉદાહરણ આપતાં સિવિલ હોસ્પિટલ ચોકીના એએસઆઈ રામશીભાઈ વરૂ

રાજકોટ, તા.૧૭

રાજકોટના કોઠારીયા સોલ્વન્ટ વિસ્તારમાં રહેતા પ્રૌઢનું આજે સવારે હાર્ટ એટેકથી મૃત્યુ થયું હતું. તેમને સિવિલ હોસ્પિટલ લાવતા અત્રે ફરજ બજાવતા સિવિલ હોસ્પિટલ ચોકીના એએસઆઈ રામશીભાઈ વરૂએ પરિવારને મૃતકના ચક્ષુનું દાન કરવા સમજ અપાઈ હતી. જેથી આપતાં પરિવારજનો ચક્ષુદાન માટે તૈયાર થયા હતા. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સૂત્રોએ જણાવ્યું કે, આજે સવારે ભાવલાલભાઈ ચતુરભાઈ પાટીલ (ઉં. વ. ૫૪, રહે. કોઠારીયા સોલ્વન્ટ, રાધિકા સોસાયટી)ને બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ૧૦૮ મારફતે ખસેડવામાં આવ્યા હતા. ઇમરજન્સી વિભાગના ડો. આર. આર. શર્માએ જોઈ તપાસી ભાવલાલભાઈને મૃત જાહેર કરતા પરિવારમાં શોક છવાયો હતો. એએસઆઈ રામશીભાઈ વરૂએ આજીડેમ પોલીસને જાણ કરતા હેડ કોન્સ્ટેબલ હરપાલભાઈ સહિતનો સ્ટાફ હોસ્પિટલ દોડી આવ્યો હતો અને



મૃતક ભાવલાલભાઈ પાટીલ



એએસઆઈ રામશીભાઈ વરૂ

મૃતદેહ પીએમ માટે ખસેડવા તજવીજ કરી હતી. પરિવારજનોએ જણાવ્યું હતું. કે, ભાવલાલભાઈ અગાઉ કાસ્ટિંગ ભઠ્ઠીમાં મજૂરી કામ કરતા હતા. તેમને સંતાનમાં ૨ દીકરા અને ૧ દીકરી છે. તેઓ ૩ ભાઈમાં મોટા હતા. આજે સવારે ઉઠ્યા બાદ પોતાને ગેસ ચડ્યો છે. પેટ - છાતીમાં દુખે છે. તેમાં પોતાના પુત્ર યોગેશને જણાવ્યું હતું. પછી બેભાન થઈ ગયા હતા. હોસ્પિટલ ચોકીના એએસઆઈ રામશીભાઈ વરૂએ પરિવારજનોને સાત્વના સાથે સમજ આપી હતી કે તેઓ મૃતકના ચક્ષુનું દાન કરી કોઈ અન્ય વ્યક્તિને દ્રષ્ટિ આપી શકે છે. કુનેહ પૂર્વક સમજ મળતા પરિવારજનો ચક્ષુદાન માટે તૈયાર થયા હતા. હોસ્પિટલ તંત્ર દ્વારા ચક્ષુદાન લેવા તજવીજ કરાઈ હતી.

# જ્ઞાતી પ્રત્યે અપમાનિત કરવાના એટ્રોસીટીના કેસમાં આરોપીના આગોતરા જામીન મંજુર

રાજકોટ, તા.૧૭

શહેરમાં રહેતા ખુશાલ હમીરભાઈ મેરીયાએ યુનિવર્સીટી પોલીસ સ્ટેશનમાં (૧) દિવ્યરાજસિંહ ઝાલા (૨) શકિતસિંહ નામની વ્યકિત વિરૂધ્ધ એટ્રોસીટી એકટ તથા બિ.એન.એસ. એકટ હેઠળ ની ફરીયાદ નોધાવેલ. જેમાં તેણે જણાવેલ કે, તેના વિરુદ્ધ વર્ષ ૨૦૨૪માં દારૂની ૨૪ બોટલનો કેસ થયેલ હતો. જે કેસમાં ખુશાલએ પોલીસને જણાવેલ કે, તે દારૂ મુકેશભાઈ વાળંદ (રહે. રૈયા ગામ) પાસેથી લાવેલ. મુકેશનું નામ કેસમાં ખુલ્યા પછી તા.૨૫/૧૨/૨૦૨૪ ના રોજ ખુશાલને અજાણ્યા નંબર પરથી કોલ આવેલ. ફોન કરનારે કહ્યું કે, હું દિવ્યરાજસિંહ ઝાલા બોલું છું. દારૂના કેસમાં તે મારું નામ કેમ આપેલ? હવે તું ઘરેથી બહાર નીકળતો નહીં. રાજકોટમાં દેખાઈશ તો તને મારી નાખીશ. તારે મારી ઉપર એટ્રોસીટીની ફરીયાદ કરવી હોય તો કરી દેજે તેમ કહીં જ્ઞાતી પ્રત્યે અપજનક શબ્દો કહેલ. તેના બીજા જ દિવસે ખુશાલને બીજો ફોન આવેલ. ફોન કરનારે કહ્યું કે, હું દિવ્યરાજસિંહનો ભાઈ શકિતસિંહ બોલું છું અને મારા ભાઈ દિવ્યરાજસિંહ ઝાલાનું નામ કેસમાં આપેલ હતું તારે ફરીયાદ કરવી હોય તો કરી દેજે. જો ફરીયાદ કરીશ તો તને છરીના ઘા મારી દઈશ. તેમ કહીં જ્ઞાતી પ્રત્યે અપમાનિત કરેલ. આ ગુનો નોંધાતા આરોપી શકિત મયુરભાઈ થરેસા ઉપર લાગેલ આક્ષેપો ખોટા હોય અને તે જામીન ઉપર મુક્ત થવા માગતો હોય, સેશન્સ કોર્ટ સમક્ષ આગોતરા જામીન અરજી કરેલી. તેમના યુવા એડવોકેટ દુર્ગેશ જી. ધનકાણીએ કરેલી દલીલો ધ્યાને લેતા રાજકોટના સ્પેશ્યલ એટ્રોસિટી કોર્ટના સેશન્સ જજ ધમેન્દ્રર સીંગએ આગોતરા જામીન મંજુર કરવા અંગેનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં આરોપી શક્તિ થરેસા વતી યુવા ધારાશાસ્ત્રી એડવોકેટ દુર્ગેશ જી. ધનકાણી, વિજય સીતાપરા, વિવેક સોજીત્રા, દિવ્યાબા વાળા તથા જેનીશ સરધારા, રોકાયેલા હતા.



દુર્ગેશ ધનકાણી એડવોકેટ

# સિટી બસને ટ્રાફિક નિયમો લાગુ પડતા નથી!

### મનપાની સિટી બસ સિગ્નલ લાલ હોય તો પણ તોડીને નીકળે છે, સ્ટોપ લાઈટમાં રોડ વચ્ચોવચ્ચ ઉભેલી બસનો વીડિયો વાયરલ

રાજકોટ, તા.૧૭

રાજકોટમાં સિટી બસ માતેલા સાંઢની જેમ ફરે છે અને અકસ્માત સર્જે છે. ગઈકાલે ઇન્દિરા સર્કલે અકસ્માત થયો તેમાં સિટી બસ હડફેટે ૪ લોકો કચડાઈને મૃત્યુને ભેટ્યા. ત્યારે લોકોમાં રોષ ફાટી નીકળ્યો હતો. આ તરફ નગરજનોમાં આક્ષેપ છે કે, બસો બેફામ ચલાવવામાં આવે છે. ચાલકો યોગ્ય તાલીમ મેળવેલ નથી હોતા.

સિટી બસના ચાલકો સામે બેદરકારીના આક્ષેપો થઈ રહ્યા છે ત્યારે જ વીડિયો વાઇરલ થયો છે. જેમાં રેસકોર્સ જિલ્લા પંચાયત ચોકમાં એક સિટી બસ સિગ્નલ સ્ટોપ હોવા છતાં સ્ટોપ લાઈન ક્રોસ કરી છેક સિગ્નલ પાસે રોડની વચ્ચોવચ્ચ ઉભી રહી જાય છે. આ વીડિયો વાઇરલ થયા જણાઈ રહ્યું છે કે, સિટી બસને ટ્રાફિક નિયમો લાગુ પડતા નથી! ૧૫૦ ફૂટ રિંગ રોડ પર અનેકવાર એવું જોવા મળ્યું છે કે, સિગ્નલ સ્ટોપ હોય છતાં સિટી બસ રોડ ક્રોસ કરે છે. રેસકોર્સ જિલ્લા પંચાયત ચોકમાં એક સિટી બસ સ્ટોપ લાઈન ઓળંગીને ઉભી રહી હોવાનું પણ વીડિયોમાં જોવા મળે છે. પોલીસ આ બસોને દંડ કરતી હોય તેવું હજુ સુધી જાણવા મળેલ નથી.





# કારની પી.ડી. અને ટુવ્હીલરની પી.એફ સિરીઝમાં પસંદગીનાં નંબરો ફાળવાશે

### આરટીઓ તંત્રએ વાહન ધારકો પાસેથી ઓનલાઈન અરજી મંગાવી

રાજકોટ,તા.૧૭

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, રાજકોટ દ્વારા તમામ વાહન માલિકોને જણાવવામાં આવેલ છે કે અત્રેની કચેરીમાં મોટર કાર પ્રકારના વાહનોને લગત જીજે૦૩પીડી સીરિઝનું રીઈ-ઓકશન તા.૨૫/૪થી શરૂ કરવામાં આવનાર હોઈ જીજે૦૩પીડી સીરીઝના તથા અગાઉની સીરીઝના બાકી રહેતા ગોલ્ડન સીલ્વર નંબર મેળવવા માટે ઈચ્છુક વાહન માલિકો તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરી ઓનલાઈન પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી ઓકશનમાં ભાગ લઈ શકશે.

મોટર કારની સિરીઝ જીજે૦૩પીડી સીરીઝના તથા અગાઉની સીરીઝના બાકી રહેતા ગોલ્ડન સીલ્વર નંબરનું ઓનલાઈન રીઈ-ઓકશન થશે.ઓકશનમાં ગોલ્ડન-સીલ્વર નંબર મેળવવા માટે તા.૨૫/૪ સાંજે ૪ કલાક થી તા.૨૯/૪ સાંજે ૪ કલાક સુધી ઓનલાઈન એપ્લીકેશન કરવાની રહેશે. તેમજ તા.૨૯/૪ સાંજે ૪ કલાક થી તા.૧/૫/ના સાંજે ૪ કલાક સુધી ઓનલાઈન ઓકશન બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા.૧/૫ સાંજે ૪.૧૫ના રોજ પરીણામ ઓનલાઈન જાહેર થશે.જયારે મોટર સાયકલ પ્રકારના વાહનોને લગતી જીજે૦૩પીએફ સીરીઝનું ઓકશન તા.૨૩/૪થી શરૂ કરવામાં આવનાર હોઈ જીજે૦૩પીએફ તથા અગાઉ સીરીઝના બાકી રહેતા ગોલ્ડન સીલ્વર નંબર મેળવવા માટે ઈચ્છુક વાહન માલિકો તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરી ઓનલાઈન પર ઓનલાઈન કરી ઓકશનમાં ભાગ લઈ શકશે.

મોટરસાયકલની સીરીઝ જીજે ૦૩ પીએફ તથા અગાઉની સીરીઝના બાકી રહેતા ગોલ્ડન સીલ્વર નંબરનું ઓનલાઈન ઓકશન થશે.

ઓકશનમાં ગોલ્ડન સીલ્વર તથા રેગ્યુલર નંબર મેળવવા માટે તા.૨૩/૪ સાંજે ૪ કલાક થી તા.૨૮ સાંજે ૪ કલાકે સુધી ઓનલાઈન એપ્લીકેશન કરવાની રહેશે.તેમજ તા.૨૮ સાંજે ૪ કલાક થી તા.૩૦ના સાંજે ૪ કલાક સુધી ઓનલાઈન ઓકશનમાં બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા.૩૦ સાંજે ૪.૧૫ના રોજ પરીણામ ઓનલાઈન જાહેર થશે.

### સાંજ સમાચારની ટીમ વોર્ડ-૧૧ની યાત્રાએ

# મવડીના બાપાસિતારામ ચોક પાસે હંમેશા ‘‘ટ્રાફિક ઓન હાઈ‘‘

રાજકોટ,

રાજકોટના મવડી વિસ્તારના બાપા સિતારામ ચોક અને તેની એકદમ નજીક ટ્રાફિક સમસ્યા હંમેશા થતી રહે છે. સાંજ સમાચારની ટીમે અહીંના વેપારી સાથે વાત કરી, તેમાં વેપારીઓના જણાવ્યા મુજબ સૌથી વધુ બુધવાર અને રવિવારે અહીં વધુ ટ્રાફિક સર્જાય છે. અમુક લોકો સર્કલમાં આડાઅવળા પસાર થાય છે, તેને લઈને નિયમનું પાલન કરતા લોકોને મુશ્કેલી થતી હોય છે.જેને કારણે તેથી અહીં ટ્રાફિક નિયમન માટે ખાસ ટ્રાફિક પોલીસ અથવા ટીઆરબી જવાનો મૂકવામાં આવે તો આ પ્રશ્ન થોડો હળવો બની જાય. તેમજ અહીંનું સર્કલ થોડું નાનું કરવામાં આવે તો





(ફોટો : પંકજ શિશાંગીયા)

### ટ્રાફિક પોલીસ અથવા ટીઆરબી જવાનો મૂકવા લોક માંગ

પણ ટ્રાફિકનો સારો ઉકેલ આવી શકે એમ છે. કારણ કે, હમણાજ શહેરના ઘણા સર્કલો પર ટ્રાફિક સમસ્યાના નિવારણ અર્થે સર્કલની સાઇઝ નાની કરવામાં આવી હતી. તો અહીં પણ એવું કરી આપવામાં આવે તો લોકોને રાહત મળશે.

મવડી વિસ્તારમાં વાહનોની અવરજવર બહોળા પ્રમાણમાં થાય છે. વેપારીઓનું કહેવુ છે. કે રોજ ટ્રાફિક સમસ્યાથી મોટી હાલાકી પડી રહી છે. આ સમસ્યાની જાણ સાંજ સમાચારની ટીમને થતા સાંજ સમાચાર પત્રકારો લોકવાચીકાને સાંભળતા વોર્ડ નં.૧૧ની મુલાકાત લીધી હતી.અને આ મુલાકાતમાં વેપારીઓને પડતી હાલાકા ની જાણકારી મેળવી હતી.હાલ વેપારીઓની માંગ છેડ ટ્રાફિક સમસ્યા હળવી કરવા ટ્રાફિક પોલિસ તેમજ ટીઆરબી જવાનો મુકવા જોઈએ.

### રાજયમાં વધુ એક હાઈવે દુર્ઘટના: મુસાફરોથી ખીચોખીચ ભરેલી રિક્ષાનો ભુકડો બોલી ગયો

# રાધનપુર હાઈવે પર એસટીની બસે રીક્ષાને હડફેટમાં લેતા છનાં મોત







## સમી-રાધનપુર હાઈવે પર અકસ્માતઃ બે થી ત્રણ લોકો ઘાયલ

રાજકોટ તા.૧૭

ગુજરાતમાં અકસ્માતોની ચાલુ રહેલી પરંપરામાં આજે સમી-રાધનપુર હાઈવે પર એક એસટીની બસ અને રિક્ષા વચ્ચે થયેલા અકસ્માતમાં ઓછામાં ઓછા છ લોકો માર્યા ગયા છે અને અનેક ઈજા થઈ છે.

હિંમતનગરથી માતાના મઢ જતી એસટીની બસે માર્ગમાં આગળ જતી રિક્ષાને હડફેટમાં લીધી હતી જેમાં છ થી સાત મુસાફરો પ્રવાસ કરી રહ્યા હતા. અહીની વચ્છરાજ હોટેલ પાસે આ દુર્ઘટના નોંધાઈ હતી અને હાઈવે પર લોહીના ખાબોચીયા ભરાઈ ગયા હતા અને મોતની ચીચીયારી ગુંજી હતી. બે વ્યક્તિઓ ગંભીર છે અને તેમને સારવાર માટે નજીકની હોસ્પીટલમાં ખસેડાયા છે. અકસ્માત બાદ બસના આગળના ભાગમાં પણ એક ટાયર નીકળી ગયા હતા. આ દુર્ઘટનામાં વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

રાધનપુરના ધારાસભ્ય સહિતના ઘટના સ્થળે પહોંચ્યા આજે રાધનપુર હાઈવે મોતની ચિચિયારીઓથી ગુંજી ઉઠયો હતો. એસટી અને રિક્ષા વચ્ચે ગંભીર અકસ્માત થયો હતો. એસટીની હડફેટે આવેલી રિક્ષાનો ભુકકો બોલી ગયો હતો તેમજ મૃતકોનાં શરીર એકબીજાને ચોંટી ગયા હતાં. રુવાંટાં ઉભા કરી દેતા દ્રશ્યો જોવા મળ્યાં હતાં. બીજી તરફ અકસ્માતને પગલે હાઈવે પર લોકોનાં ટોળેટોળાં એકત્ર થયા હતા.

૧૦૮ને બોલાવવામાં આવી હતી. લાશોને બહાર કાઢવા માટે ક્રેઈનને પણ બોલાવવામાં આવી હતી. મૃતકો રાધનપુરના વાદી વસાહતના રહેવાસી હતા. આ તમામ મૃતકો તેમના ઘરે જઈ રહ્યા હતા. આ એક કરુણ ઘટના હતી.

---

### આમ આદમી પાર્ટીની રાજકીય સક્રિયતા ગુજરાતમાં વધતા કેન્દ્રીય એજન્સી એકશનમાં: ‘આપ’નો આરોપ

# હવે ‘આપ’ના ગુજરાત પ્રભારી દુર્ગેશ પાઠક પર સીબીઆઈના દરોડા

### વિદેશી ભંડોળ નિયમન ધારા હેઠળ કેન્દ્રીય એજન્સીએ દિલ્હીમાં કાર્યવાહી કરી



નવી દિલ્હી તા.૧૭

આમ આદમી પાર્ટી સામે ફરી શરુ થયેલા કેન્દ્રીય એજન્સીના એકશનમાં હવે આ પક્ષના સીનીયર નેતા અને ગુજરાતના પ્રભારી દુર્ગેશ પાઠકના નિવાસે સીબીઆઈએ દરોડા શરુ કર્યા છે. તેમની સામે વિદેશી ભંડોળ રેગ્યુલેશન એકટ હેઠળ ગત મહિને અપરાધ નોંધાયો હતો અને હવે સીબીઆઈએ તેમાં કાર્યવાહી શરુ કરી છે. ગુજરાતમાં એક તરફ આમ આદમી પાર્ટીએ વિસાવદર સહિતની પેટાચૂંટણીઓ લડવા માટે તૈયારી શરુ કરી છે અને હાલમાં જ દુર્ગેશ પાઠક ઉપરાંત રાષ્ટ્રીય મહામંત્રી સંદીપ પાઠક બંને ગુજરાતની મુલાકાત લઈ ગયા હતા. તે સમયે જ અચાનક જ આ પ્રકારની કાર્યવાહી સામે આમ આદમી પાર્ટીએ પ્રશ્ન ઉઠાવ્યા છે. ‘આપ’ના પુર્વ કેબીનેટ મંત્રી સૌરભ ભારદ્વાજે સોશ્યલ મીડીયા પર એક પોસ્ટમાં લખ્યુ છે કે ગુજરાતમાં જે રીતે આમ આદમી પાર્ટી સક્રીય બની છે તેના કારણે આ દરોડા પડયા છે. પરંતુ સરકાર અમને ડરાવી શકશે નહી. ભાજપને હવે ગુજરાતમાં પણ ‘આપ’થી ખતરો લાગે છે. આમ આદમી પાર્ટી ગુજરાતમાં ચાર ધારાસભ્યો ધરાવે છે.

---

# ભારતને આધુનિક બુલેટ ટ્રેનની બે રેંક ભેટમાં આપશે જાપાન

### ૨૦૨૬ ઓગષ્ટ સુધીમાં સુરત-બિલીમોરા રૂટ પર ટ્રેન દોડવા લાગે તેવા સંકેત




મુંબઈ:

દેશની પ્રથમ બુલેટ ટ્રેન અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડનાર છે અને તે માટે ટ્રેક-સ્ટેશન વિ.ની કામગીરી પુર્ણતાના આરે છે તો બીજી તરફ આ ટ્રેન સંચાલનની તાલીમ વિ. માટે ભારતીય રેલવેના અધિકારીઓ કર્મચારીઓની ખાસ ટીમ જાપાન પહોંચી રહી છે.

અમદાવાદ-મુંબઈ હાઈસ્પીડ રેલ કોરીડોરનું નિર્માણ પણ એક અદભૂત કૌશલ્ય બની રહે છે અને આ ટ્રેક પર જે ટ્રેન દોડશે તે બે ટ્રેન જાપાન ભારતને ભેટમાં આપશે. આ ટ્રેન જે ઈ-૫ શિંકાનસેન તરીકે ઓળખાય છે તે ૨૦૧૧થી જાપાનમાં દોડે છે. તેના એક સેટ પેટર્ન કે ઈ-૩ અને ઈ-૫ ભારતને ભેટમાં મળશે. જો કે બન્ને દેશો ભવિષ્યમાં આ પ્રકારના બુલેટ ટ્રેન રૂટ પર ઈ-૧૦ પ્રકારની ટ્રેન દોડાવવા માંગ છે જે અત્યંત આધુનિક અને હાલ સુરત અને બીલીમોરા વચ્ચેનો ૪૮ કીમીનો રૂટ તૈયાર છે. જેના પર આગામી વર્ષે ઓગષ્ટમાં ટ્રાયલ રન શરૂ થશે. હાલ આ કોરીડોર ૪૮% પુરો થયો છે. માત્ર ૩૯૩ કીમીના પીલર મુકાયા છે. ૩૨૦ કિ.મી.માં ગ્રીડરનું કામ પુરુ થયુ છે.

---

## જબરો છબરડો: તબીબે પુત્રને બદલે પિતાનું ઓપરેશન કરી નાખ્યુ



નવી દિલ્હી તા.૧૭

તબીબો દ્વારા દર્દીઓની સારવારમાં કરાતા મોટા છબરડામાં હવે એક વિચિત્ર ઘટના બની છે.

રાજસ્થાનમાં કોટા મેડીકલ કોલેજમાં એક તબીબે ઈજાગ્રસ્ત પુત્રને બદલે તેના પિતાનું ઓપરેશન કરી નાંખ્યુ હતું. મનીષ નામના દર્દી ઈજા સાથે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા અને તેમની સહાયતામાં પેરેલીસીસનો ભોગ બનેલા તેના પિતા માંડ હોસ્પિટલે પહોંચ્યા હતા. જયારે તબીબોએ ઓપરેશન રૂમમાં તેના બદલે તેના પિતાને લઈ ગયા હતા. તેના પિતા ઓપરેશન થિયેટરની બહાર બેઠા હતા તે સમયે કોઈપણ પ્રકારની તપાસ વગર જ તેમને ઓપરેશન થિયેટરમાં લઈ જઈને તેમના પગ પર બિનજરૂરી રીતે ટાંકા લઈ લીધા હતા.

અત્યંત વૃદ્ધ હાલતમાં રહેલા તેમના પિતા કોઈ વિરોધ કરે તે પુર્વે જ ડોકટરોએ ફરી બહાર બેસાડી દીધા હતા. આ અંગે હોસ્પિટલ સતાવાળાઓ સામે તપાસ શરુ થઈ છે.

---

# પત્નીને ખબર ન પડે તે માટે બેંગકોક મોજમસ્તી કરવા ગયેલા પ્રૌઢે એવું પરાક્રમ કર્યું કે પછી પકડાઈ ગયા!

મુંબઈ તા.૧૭

ઓફિસના કામે મુંબઈ જવાનું છે, હેડ ઓફિસ જવાનું છે...જેવા અનેક બહાના કાઢીને પતિ બેગ પેક કરીને ઘરેથી નીકળી ગયો અને સીધો બેંગકોક ફરવા પહોંચી ગયો. ૫૧ વર્ષનો આ વ્યકિત તેની પત્નીને જણાવ્યાં વગર કોઈ બીજા સાથે બેંગકોક ફરવા માટે ઉપડી ગયો. એક અઠવાડિયાથી પણ વધુ સમય સુધી બેંગકોકના સુંદર ટુરિસ્ટ સ્પોટ્‌ર્સ અને હોટલોમાં રહ્યા બાદ તે મુંબઈ પાછો ફર્યો. પરંતુ તેણ વિચાર્યું કે તેની આ બેંગકોક ટ્રિપ વિશે પત્નીને બિલકુલ ખબર પડવી જોઈએ નહીં. આથી તેણે ખુબ ચાલાકી કરી. તેણે પૂરેપૂરી કોશિશ કરી કે તેની આ બેંગકોક ટ્રિપ વિશે પત્નીને કશું ખબર ન પડે. પરંતુ તેની આ ચાલાકી વધુ સમય સુધી ચાલી નહી. પત્નીને તો શું આખા પરિવાર અને દેશને આ વિશે ખબર પડી ગઈ.

પુણેના ૫૧ વર્ષના વી કે ભાલેરાવ પત્નીને જણાવ્યાં વગર બેંગકોક ફરવા ઉપડી ગયા. તેમણે ૭ કરતા વધુ દિવસ બેંગકોકમાં પસાર કર્યા. સૂત્રોના જણાવ્યાં મુજબ ભાલેરાવ સાથે બેંગકોકમાં એક છોકરી પણ હતી.



### પ્રૌઢે કરેલા પરાક્રમથી પોલીસે ધરપકડ કરવી પડી!

બેંગકોકથી સીધા મુંબઈ એરપોર્ટ પર ઉતરેલા વી કે ભાલેરાવને કસ્ટમ અધિકારીઓએ પકડી લીધા. તેનું કારણ હતું પાસપોર્ટ. વી કે ભાલેરાવનો પાસપોર્ટ અને વિઝા બધુ યોગ્ય હતું. પરંતુ વી કે ભાલેરાવ નહતા ઈચ્છતા કે પત્નીને આ બેંગકોક ટ્રિપ વિશે ખબર પડે. તેમને ડર હતો કે જો પત્ની પાસપોર્ટ જોશે તો તેને બેંગકોક ઈમિગ્રેશનના સાઈન અને મહોર જોવા મળી જશે. આથી તેણે પોતાના પાસપોર્ટમાંથી બેંગકોક ઈમિગ્રેશનના સાઈન અને મહોરવાળા પાના જ ફાડી નાખ્યા.

મુંબઈ એરપોર્ટ પર જ્યારે ઈમિગ્રેશન અધિકારીઓએ તેમનો પાસપોર્ટ ચેક કર્યો તો તેમને પાસપોર્ટના ૧૭-૧૮ અને ૨૧-૨૨ નંબરના પાના ગાયબ જોવા મળ્યા. શક જતા અધિકારીઓએ વી કે ભાલેરાવને અટકમાં લઈને પૂછપરછ કરી. પહેલા તો તેમણે જાત જાતની વાર્તા ઘડી પરંતુ બાદમાં સત્ય કબૂલ કરી લીધુ. તેમણે જણાવ્યું કે પાસપોર્ટના પાના તેમણે જાતે જ ફાડ્યા છે. તેમણે સ્વીકાર્યું કે પત્નીથી બેંગકોકની ટ્રિપની વિગતો છૂપાવવા માટે આ બધુ કર્યું. પોલીસે વી કે ભાલેરાવની ધરપકડ કરી છે.

ઉલ્લેખનીય છે કે પાસપોર્ટ એકટ ૧૯૬૭ હેઠળ પાસપોર્ટમાં ફેરફાર કરવો, પાના ફાડવા કે જાણી જોઈને તેને ખરાબ કરવો એક ગંભીર ગુનો છે. નિયમ તોડવામાં આવે તો ૨ વર્ષની જેલ, ૫૦૦૦ રૂપિયાનો દંડ કે બંને થઈ સજા થઈ શકે છે.

---

## થાલાપથી વિજય ફરી એકવાર વિવાદમાં:સુન્ની મુસ્લિમ સંગઠને તેમના વિરુદ્ધ ફતવો બહાર પાડયો

### ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ મુફ્તી મૌલાના શહાબુદ્દીન રઝવી બરેલવીએ વિજય પર મુસ્લિમ વિરોધી હોવાનો આરોપ લગાવ્યો

નવી દિલ્હી: તા.૧૭

તમિલ સુપરસ્ટાર અને તમિલગા વેત્રી કઝગમ (TVK)ના વડા થાલાપથી વિજય ફરી એકવાર વિવાદમાં ફસાયા છે. ઉત્તર પ્રદેશના બરેલીમાં એક સુન્ની મુસ્લિમ સંગઠને તેમના વિરુદ્ધ ફતવો બહાર પાડયો છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ચશ્મે દારુલ ઈફતાના મુખ્ય મુફ્તી મૌલાના શહાબુદ્દીન રઝવી બરેલવીએ વિજય પર મુસ્લિમ વિરોધી હોવાનો આરોપ લગાવ્યો છે.

ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતે બુધવારે અભિનેતા અને તમિલગા વેત્રી કઝગમના પ્રમુખ વિજય વિરુદ્ધ ફતવો બહાર પાડ્યો અને મુસ્લિમોને તેમની સાથે ઉભા રહેવા કહ્યું.

AIMJ ના પ્રમુખ મૌલાના મુફ્તી શહાબુદ્દીન રઝવી બરેલવીએ જણાવ્યું હતું કે વિજયે મુસ્લિમોને નકારાત્મક રીતે દર્શાવ્યા હતા અને જુગારીઓ અને દારૂડિયાઓને તેમની ઈફતાર પાર્ટીમાં આમંત્રણ આપ્યું હતું તેથી ફતવો જારી કરવામાં આવ્યો હતો. ‘‘તેમણે એક રાજકીય પક્ષ બનાવ્યો છે અને મુસ્લિમો સાથે સૌહાર્દપૂર્ણ સંબંધો જાળવી રાખ્યા છે. જોકે, તેમની ફિલ્મોમાં આતંકવાદી તરીકે તેમની નકારાત્મક છબી છે,‘‘ રિઝવીએ કહ્યું. તેમણે કહ્યું, ‘‘તેમની ઈફતાર પાર્ટીમાં જુગારીઓ અને દારૂ પીનારાઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ બધાને કારણે, તમિલનાડુના સુન્ની મુસ્લિમો તેમનાથી ગુસ્સે છે. તેમણે ફતવો માંગ્યો. તેથી, મેં મારા જવાબમાં ફતવો જારી કર્યો છે કે મુસ્લિમોએ વિજય સાથે ઊભા ન રહેવું જોઈએ.‘‘ એક મહિના પહેલા, જ્યારે હરીફોએ આરોપ લગાવ્યો હતો કે ટીવીકેએ વિજય માટે કેન્દ્ર પાસેથી વાય-સુરક્ષા માંગી હતી કારણ કે તેમને ડર હતો કે અભિનેતાને ‘‘મુસ્લિમો તરફથી ખતરો‘‘ છે, ત્યારે આ વિવાદ ફાટી નીકળ્યો હતો.

VCK ના પ્રવક્તા વન્નિયારાસુએ કહ્યું હતું કે, ‘‘વિજયે તેની ફિલ્મો ’કાથી’ અને ’બીસ્ટ’ માં મુસ્લિમોને ખરાબ રીતે દર્શાવ્યા છે. તેથી, વિજય અને ટીવીકેને લાગ્યું કે અભિનેતાને મુસ્લિમોથી ખતરો હોઈ શકે છે અને તેમણે ગૃહ મંત્રાલય પાસેથી સુરક્ષા માંગી.‘‘ જોકે, ટીવીકે અને સાથી તમિલનાડુ મુસ્લિમ લીગે આ આરોપોને નકારી કાઢ્યા હતા અને કહ્યું હતું કે તે ડીએમકે અને તેના સાથી પક્ષો દ્વારા મુસ્લિમોને ટીવીકેથી દૂર રાખવાની એક કાવતરું હતું.



---

## લારીએ મફતનું ખાવા આવતા ‘પીધેલા’ પોલીસને ખુલ્લા પાડતી મહિલા : વિડીયો વાયરલ થયો

### વિડીયોને લઈને પોલીસની નૈતિકતા પર સવાલો

સુરત, તા. ૧૭

લારીમાં મફતનું ખાવા આવતા પોલીસકર્મીનો એક વિડીયો વાયરલ થયો છે, જેમાં મહિલાએ એવો આક્ષેપ કર્યો છે કે આ સાહેબ તો પીધેલા છે. મહિલાએ રેકોર્ડ કરેલા વિડીયો હાલ ખુબ જ વાયરલ થઇ રહ્યો છે. આ અંગેની વિગત મુજબ સુરત શહેરના સારોલી વિસ્તારમાંથી એક ચોંકાવનારો અને પોલીસની નૈતિકતાને પડકારતો વીડિયો વાઈરલ થયો છે, જેમાં એક સ્થાનિક મહિલાએ PCR વાન નં. GJ 05 GV 1697માં આવેલા બે પોલીસકર્મીઓ પર ગંભીર આક્ષેપો લગાવ્યા છે. મહિલાના મતે આ બંને પોલીસકર્મીઓ અવારનવાર લારી પર આવીને મફતમાં ખાવાનું માંગતા હતા અને જ્યારે ખાવાનું ન આપે ત્યારે લારી બંધ કરવાની ધમકી આપે છે. મહિલાએ આખી ઘટના પોતાના મોબાઈલમાં રેકોર્ડ કરી છે, જે હવે સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે.

---

### ભાગીને લગ્ન કરનાર કપલને અલાહાબાદ હાઈકોર્ટની ટકોર

# માત્ર ભાગીને લગ્ન કરવાથી સુરક્ષા ન આપી શકાય, સમાજનો સામનો કરવાનું શીખવું પડશે: હાઈકોર્ટ

ચિત્રકુટ તા.૧૭

અલાહાબાદ હાઈકોર્ટે એક કપલને ટકોર કરતા કહ્યું હતું કે માત્ર ભાગીને લગ્ન કરવાના આધારે સુરક્ષા ન આપી શકાય, સમાજનો સામનો કરવાનું શીખવું પડશે. હાઈકોર્ટે જણાવ્યું હતું કે તેમણે એ સાબિત કરવુ પડશે કે તેમના જીવન અને સ્વતંત્રતાને વાસ્તવિક ખતરો છે.

ન્યાયમુર્તિ સૌરભ શ્રીવાસ્તવે ચિત્રકુટની શ્રેયા કેસરવાનીની અરજીનો નિકાલ કરતા ઉપરોકત ટકોર કરી હતી.



ચિત્રકુટની શ્રેયાએ કોર્ટને શાંતિપૂર્ણ વૈવાહિક જીવનમાં સામા પક્ષનાં હસ્તક્ષેપ ન કરવાનો નિર્દેશ આપવા અપીલ કરી હતી. અરજદારનાં વકીલની દલીલ હતી કે લગ્ન કરનારા બન્ને પુખ્ત છે. જીલ્લાનાં વિવાહ અધિકારી પાસે સિવીલ મેરેજ માટે આવેદન આપ્યું છે. પરિવારની મરજીની વિરૂદ્ધ લગ્ન કર્યા છે. આશંકા છે કે પરિવારજનો તેમને નુકશાન પહોંચાડી શકે છે. છોકરી સાથે અગાઉ પણ દુર્વ્યવહાર થયો છે. આ સ્થિતિમાં તેને સુરક્ષા આપવામાં આવે. કોર્ટે જણાવ્યું હતું કે અરજદારે એસ.પી.ને આવેદન આપ્યુ છે.પોલીસ વાસ્તવિક ખતરા મુજબ પગલા લઈ શકે છે. રેકોર્ડમાં એવા કોઈ તથ્ય નથી જેથી એવુ લાગે કે અરજદારોને ગંભીર ખતરો છે અને તેમને સુરક્ષા મળવી જોઈએ.સામા પક્ષવાળા તરફથી પણ અરજદારો પર શારીરીક કે માનસિક હુમલાના કોઈ પુરાવા નથી રજુ કરાયા.

કોર્ટે અરજીનો નિકાલ કરતાં જણાવ્યું હતું કે કોઈ પરેશાની થાય તો ફરિયાદ આપવાથી પોલીસ ઉચિત કાર્યવાહી કરશે.

---

# સેવિંગ્સ ખાતા પરના વ્યાજદર ઘટાડાનો સિલસિલો યથાવત: બચતકર્તાઓને માર

### ઉંચી બેલેન્સ ફરજીયાત; ચેકબુક-એટીએમના ચાર્જ છતાં ખાતામાં બેલેન્સ પર નહિંવત વ્યાજ અપાય છે



મુંબઈ: સામાન્ય લોકોની રોજબરોજની બચત તથા ઉપયોગ માટે ખૂબજ મહત્વના ગણાતા સેવિંગ્સ ખાતા પર એક તરફ મીનીમમ બેલેન્સના આકરા નિયમો અને તેમાં જો ચૂક થાય તો તગડો દંડ કરતી દેશની બેન્કોએ હવે આ પ્રકારના ખાતાઓ પર વ્યાજના દરો પણ ઘટાડવા લાગતા બચત કર્તાઓને મોટો ગેરફાયદો થશે. બેન્કો તેના માર્જીનની ચિંતામાં થાપણો પરના વ્યાજદર ઘટાડે છે અને સેવિંગ્સ ખાતા જે પગારદાર કે સામાન્ય વર્ગના પરિવારો માટે મહત્વના છે તેને પણ હવે ટાર્ગેટ કર્યા છે. એચડીએફસી, એકસીસ બાદ હવે આઈસીઆઈસીઆઈ બેન્કે પણ સેવિંગ્સ ખાતા પરનો વ્યાજદર ૨૫ બેઝીક પોઈન્ટ ઘટાડયા છે. બેન્કે રૂા.૫૦ લાખ કે તેથી ઓછીની બેલેન્સ ધરાવતા સેવિંગ્સ ખાતા પર વ્યાજદર ૨.૭૫% અને રૂા.૫૦ લાખ કે તેથી ઉપરની બેલેન્સના ખાતામાં ૩.૨૫%નો વ્યાજદર નિશ્ચિત કર્યો છે. અગાઉ એચડીએફસી બેન્કે પણ આજ રીતે ૨૫ બેઝીક પોઈન્ટ વ્યાજદર ઘટાડયો હતો.

સ્ટેટ બેંક હાલ ૨.૭%નો વ્યાજદર ઓફર કરે છે. એક સમયે આ પ્રકારના ખાતા પર ૪%નો દર હતો. બેન્કોની દલીલ છે કે સેવિંગ્સ એકાઉન્ટમાં ઓછા બેલેન્સ વચ્ચે પણ અનેક પ્રકારની ‘સેવા’ આપવી પડે છે. જો બેન્કને ‘મોંઘી’ પડે છે તેથી તેના પર ઓછો વ્યાજદર જરૂરી છે. જો કે એ અલગ બાબત છે કે બેન્કો ચેકબુક, એટીએમ વિ. ચાર્જ અલગથી વસુલે જ છે અને એક વખત પણ બેલેન્સ જો નિયમથી નીચે જાય તો તગડો ચાર્જ કરે છે.

---



## મહારાષ્ટ્રમાં હવે ધો.૧થી૫માં હિન્દી ફરજીયાત

### રાજયમાં ત્રણ ભાષાની ફોર્મ્યુલા લાગુ કરતી સરકાર

મુંબઈ તા.૧૭

દેશમાં ભાષાના વિવાદો ચાલુ છે તે સમયે જ મહારાષ્ટ્રમાં હવે ધો.૧થી૫માં હિન્દીને ત્રીજી ભાષા તરીકે ફરજીયાત કરવામાં આવી છે. રાજયમાં મરાઠી અને ઈંગ્લીશ ઉપરાંત હિન્દી શિખવવાનું હવે ધો.૧થી૫માં ફરજીયાત બનશે અને તે માટેનો કોર્ષ પણ નિશ્ચિત કરવામાં આવ્યો છે. મહારાષ્ટ્રે આ રીતે નવી શિક્ષણનીતિ મુજબ ત્રણ ભાષાની નીતિનો અમલ શરુ કર્યો છે. તામિલનાડુ સહિતના રાજયો ત્રીજી ભાષા તરીકે હિન્દીનો વિરોધ કરી રહ્યા છે અને તેઓ ફકત બે ભાષાની સિસ્ટમ જ ચાલુ રાખશે તેવો દાવો કર્યો છે.

---

# વ્યાપાર ઉદ્યોગ માટે તુર્તમાં નવુ હિસાબી ફોર્મેટ

### ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઈન્સ્ટીટયુટે વૈશ્વિક માપદંડો આધારિત ફોર્મેટ તૈયાર કરી લીધુ: વધુ સરળ અને પારદર્શક હશે



નવી દિલ્હી તા.૧૭

કાયદાની અટપટી જોગવાઈઓને સરળ બનાવવાના શ્રેણીબદ્ધ પગલા ઉઠાવવામાં આવી જ રહ્યા છે અને આ સિલસિલો જારી રાખીને હવે કોર્પોરેટ ક્ષેત્ર માટે નવુ-સરળ અને એક સમાન હિસાબી ફોર્મેટ તૈયાર કરવામાં આવી રહ્યું છે. સરકારી તંત્ર તથા ઈન્વેસ્ટરો કંપનીઓના હિસાબોને ઝડપથી અને સરળતાથી સમજી શકે તેવા ઈરાદા સાથે ‘ફાઈનાન્સીયલ સ્ટેટમેન્ટ’માં બદલાવ કરાશે.

કેન્દ્ર સરકારના સૂત્રોએ કહ્યું કે નવા સૂચિત ફાયનાન્સીયલ સ્ટેટમેન્ટ ફોર્મેટને તમામ લીસ્ટેડ તથા મોટી કંપનીઓએ લાગુ કરવુ પડશે.

ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડીયા દ્વારા વૈશ્વિક હિસાબી પદ્ધતિના આધારે નવા હિસાબી માપદંડો જાહેર કરવામાં આવ્યા છે. વ્યાપાર-ઉદ્યોગકારો માટે આવક-ખર્ચના હિસાબોને ત્રણ કેટેગરીમાં વિભાજીત કરવામાં આવ્યા છે. ઓપરેટીંગ શ્રેણી અંતર્ગત તમામ વ્યાપારિક વ્યવહારો સામેલ થશે. રોકાણ શ્રેણીમાં નફા-નુકશાનીની વિગતો હતો. જયારે ફાઈનાન્સીંગ શ્રેણીમાં વ્યાજ લેવડદેવડ સહિતની બાબતો સામેલ થશે. પ્રવતમાન હિસાબી શ્રેણીમાં નફા-નુકશાની સહિતની બાબતો અટપટી છે. નવા ફોર્મેટમાં તે વધુ સંકલીત બનશે. આ સિવાય કેટલીક બાબતો હિસાબી ફોર્મેટની બહાર દર્શાવવામાં આવે છે જે નવા ફોર્મેટમાં ફાઈનાન્સીયલ સ્ટેટમેન્ટમાં આવી જશે અને ફરજીયાત ઓડીટ હેઠળ આવી જશે.

જાન્યુઆરી ૨૦૨૭ થી અમલી બનનારા નવા હિસાબી ફોર્મેટને વૈશ્વિક પદ્ધતિ હેઠળ બનાવવામાં આવ્યું છે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઈન્સ્ટીટયુટની કાઉન્સીલ નવા ફોર્મેટને મંજુરી આપે ત્યારબાદ નેશનલ ફાઈનાન્સીયલ રીપોર્ટીંગ ઓથોરિટીને મોકલાશે અને છેવટે કોર્પોરેટ બાબતોના મંત્રાલયને સોંપાશે.

કોર્પોરેશન હોય કે પોલીસ, સરકારી વિભાગો ઘોર નિંદ્રામાં, વહિવટ રામભરોસે

# ત્રિકોણબાગ પાસે ટાઈટન વર્લ્ડ શો-રૂમમાંથી ૭૨ લાખની બેખૌફ ચોરી

**નેબ્યુલ રિયલ ગોલ્ડનની રૂા.૪૫ લાખની ૨૨ સહિત ૬૮ લાખની ૧૦૨ વોચ અને રોકડ ૪ લાખની ૧૫ મિનિટમાં ચોરી કરી તસ્કર ટોળકી નાસી છૂટી**

**પોલીસ કમિશ્નર સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ દોડી ગયાં: ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી, એ. ડિવિઝન પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તપાસનો ધમધમાટ આદર્યો, છેલ્લું પગેરૂ ગ્રીનલેન્ડ ચોકડી તરફનું**










### વ્હેલી સવારમાં ૪:૪૮ વાગ્યે તસ્કરો ઘસી આવ્યાં અને એક પાતળો શખ્સ પોણો ફૂટ શટર ઊંચું કરી શો-રૂમમાં પ્રવેશ્યો, ચાર કાઉન્ટરમાંથી કિંમતી ઘડીયાળ અને કેસ કાઉન્ટરમાંથી રોકડ લઈ બહાર ઉભેલા અન્ય શખ્સો સાથે રીક્ષામાં બેસી ફરાર થઈ ગયાં

રાજકોટ. તા.૧૭

રાજકોટ શહેરમાં આ શું થઈ રહ્યું છે ? કોર્પોરેશન હોય કે પોલીસ કે અન્ય સરકારી વિભાગો ઘોર નિંદ્રામાં હોય તેમ વહિવટ રામભરોસે ચાલી રહ્યો હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. ચોરી, લૂંટ, જીવલેણ અકસ્માત સહિતના બનાવો પ્રતિદિન બની રહ્યા છે. ત્યારે લોકોમાં ફફડાટ અને અધિકારીઓ-પદાધિકારીઓ થોડો સમય મુક પ્રેક્ષક બની જાય છે અને બાદમાં જેસે થે.

ત્યારે આજે વ્હેલી પરોઢિયે ત્રિકોણબાગ પાસે ટાઈટન વર્લ્ડ શો-રૂમમાંથી ૭૨ લાખના મુદ્દામાલની બેખૌફ ચોરી થતાં ખળભળાટ મચી ગયો હતો.

નેબ્યુલ રિયલ ગોલ્ડનની રૂા.૪૫ લાખની ૨૨ સહિત ૬૮ લાખની ૧૦૨ વોચ અને રોકડ ૪ લાખની ૧૫ મિનિટમાં ચોરી કરી તસ્કર ટોળકી નાસી છૂટતાં શહેરભરની પોલીસ દોડતી થઈ હતી. પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ દોડી ગયાં હતાં અને ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી, એ. ડિવિઝન પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તપાસનો ધમધમાટ આદર્યો હતો, છેલ્લું પગેરૂ ગ્રીનલેન્ડ ચોકડી તરફનું હોવાનું પ્રાથમિક જાણવા મળ્યું હતું. પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટના રહીશ રવિભાઈ ભુપેન્દ્રભાઈ રઘુવંશીએ જણાવ્યું હતું કે, તેઓ ત્રિકોણબાગ પાસે ટાઈટન વર્લ્ડ નામનો ઘડીયાળનો શો-રૂમ ધરાવે છે. ગઈકાલે તેઓ રાત્રીના સમયે તેઓને એક વેપારીનું આવેલ રૂ.૪ લાખનું પેમેન્ટ કેસ કાઉન્ટરમાં રાખી શો-રૂમ જે એક શટરનો હોય તે શટર લોક કરી પોતાના ઘરે ચાલ્યાં ગયેલ હતાં.

આજે સવારે ૧૦ વાગ્યાની આસપાસ શો-રૂમ પર આવતાં શટર થોડું ઊંચું દેખાતાં તેઓને શંકા ગઈ હતી અને શટર ખોલી જોતાં કેટલાક કાઉન્ટરમાંથી ઘડિયાળ ગાયબ હતી અને માલસામાન વેરવિખેર પડેલ હતો. તેમજ કેસ કાઉન્ટરમાં જોતા તેમાં રાખેલ રોકડ રૂા.૪ લાખ પણ ગાયબ હતાં.

જે બાદ તેઓએ શો-રૂમમાં તપાસ કરતાં ચાર કાઉન્ટરમાં રહેલ ટાઈટનની નેબ્યુલ રિયલ ડાયમંડની ૨૨ વોચ જેની કિંમત રૂ.૨૨ લાખ સહિતની કિંમતી ૧૦૨ ઘડીયાળ રૂા.૬૮ લાખ મળી કુલ રૂા.૭૨ લાખના મુદ્દામાલની ચોરી થયાનું સામે આવતાં તેઓએ તુરંત પોલીસને જાણ કરી હતી.

જે બાદ તેઓએ સીસીટીવી કેમેરા તપાસ કરતાં વ્હેલી સવારે ૪:૪૮ વાગ્યે પાંચેક તસ્કરો શો-રૂમ પાસે આવ્યા હતાં અને શટરના વચ્ચેના ભાગને ઊંચા નીચું કરી બાદમાં જેક ભરાવી પોણો ફૂટ જેટલું શટર ઊંચું કરી એક પાતળો નાની ઉંમરનો સગીર પોણા ફૂટની જગ્યામાંથી અંદર પ્રવેશ્યો હતો અને બાદમાં એક થેલામાં ચોરીનો મુદ્દામાલ ભરી ૫:૦૨ વાગ્યે એટલે કે ૧૫ મિનિટના ગાળામાં જ બહાર નીકળી ગયો હતો અને અન્ય શખ્સો સાથે મળી ત્રિકોણ બાગ તરફ ચાલીને નીકળ્યા બાદ એક રીક્ષામાં બેસી નાસી છૂટયા હોય તેવું પ્રાથમિક સામે આવ્યું હતું.

જ્યારે બનાવની જાણ થતાં પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ચૌધરી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયાં હતાં. તેમજ ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી, એ. ડિવિઝન પોલીસ મથકની ટીમે સીસીટીવી ફુટેજના આધારે તપાસનો ધમધમાટ આદર્યો હતો. જેમાં છેલ્લે તસ્કરો પારેવડી ચોકથી ગ્રીનલેન્ડ ચોકડી તરફ ગયાં હોવાનું સામે આવી રહ્યું છે.




ત્રિકોણબાગ પાસેના ટાઇટન વર્લ્ડ શોરૂમમાંથી રૂા. ૬૮ લાખની કિંમતી ઘડીયાળ અને રોકડ સહિત ૭૨ લાખની ચોરીના બનાવ બાદ પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહીલ, ડીસીપી જગદીશ બાંગરવા સહિતનો મોટો પોલીસ કાફલો દોડી ગયો હતો અને તપાસ આદરી હતી.

(તસ્વીર : પંકજ શીશાંગીયા)

### તસ્કર નીકળવા જતાં શટર બંધ થઈ ગયું, અન્ય શખ્સે ડિસમીસ આપતાં ઊંચું કરી બહાર નીકળ્યો

ત્રિકોણબાગ પાસે ટાઈટન વર્લ્ડ શો-રૂમમાંથી રૂા.૭૨ લાખના મુદ્દામાલની ચોરીની ઘટના સામે આવતાં ખળભળાટ મચી ગયો હતો. જેમાં એક નાની ઉંમરનો તસ્કર અંદર તો પ્રવેશી ગયો, પરંતુ બહાર નીકળવા જતાં શટર નીચું થઈ લોક થઈ ગયું હતું. જેથી તેને બહાર લાઈટ મારતાં અન્ય શખ્સોએ ડિસમીસ આપતાં તેના વડે તેને શટર ઊંચું કરી બહાર નીકળ્યો હતો.

### ગ્રાહકના સ્વાંગમાં તસ્કરોએ રેકી કર્યાની શંકા

ટાઈટન વર્લ્ડ શો-રૂમના સંચાલકના જણાવ્યા મુજબ, તેમનો સ્ટાફ કે કર્મચારી પર કોઈ શંકા નથી પરંતુ બે -ત્રણ દિવસ તસ્કરોએ ગ્રાહકના સ્વાંગમાં શો-રૂમમાં આવી ઘડીયાળના કાઉન્ટર તેમજ કેશ કાઉન્ટરની વિગત મેળવી જોઈ લીધા બાદ તસ્કરીને અંજામ આપ્યાનું સામે આવી રહ્યું છે.

### અઠવાડિયામાં રૂ.૧.૩૨ કરોડની ચોરી, પોલીસના હવાતીયા

રાજકોટમાં જાણે કે તસ્કરો માટે રેઢું પડ હોય તેમ પ્રતિદિન તસ્કરીના બનાવો સામે આવી રહ્યાં હોય તેવું સામે આવી રહ્યું છે. ત્યારે છેલ્લા અઠવાડિયામાં રૂા.૧.૩૨ કરોડની ચોરી થઈ છે અને પોલીસના હાથમાં એક પણ ચોરીના આરોપી હાથમાં આવ્યાં નથી.

છ દિવસ પહેલાં ભક્તિનગર પોલીસ મથક વિસ્તારમાંથી હિરાના કારખાનામાંથી રૂા.૬૦ લાખના હીરાની ચોરી થઈ હતી. જે બનાવમાં હજું પોલીસને પગેરૂ મળ્યું નથી. ત્યાં તસ્કરોને રાજકોટ સુરક્ષિત લાગતાં ફરીવાર ઘડિયાળના શો રૂમમાં હાથફેરો કરી રૂ.૭૨ લાખની ચોરી કરી નાસી છૂટયા હતાં. પોલીસ માટે હવે તસ્કરો પડકાર રૂપ બન્યા છે, કેમ કે કરોડો રૂપિયાના મુદ્દામાલની ચોરીના બનાવમાં પોલીસ પાસે એકપણ કલુ ન મળતાં લોકોમાં પણ ફફડાટ જોવાં મળી રહ્યો છે.

# રાજકોટ જિલ્લામાં ડિમોલીશન ઝુંબેશ યથાવત

**ખોડાપીપરમાં રૂા.૫૦ લાખની ૨૫૦૦ ચો.મી.જમીન દબાણ મુકત કરાવાઈ: ઈંટ-સિમેન્ટ ભઠ્ઠા હટાવાયા**




રાજકોટ,તા.૧૭

રાજકોટ જિલ્લા કલેકટરનાં આદેશ મુજબ જુદા-જુદા તાલુકાઓમાં સરકારી જમીનો ઉપર ગેરકાયદેસર ખડકાઈ ગયેલા દબાણો હટાવવાની ઝુંબેશ યથાવત રખાઈ છે. ત્યારે આજરોજ કલેકટર પ્રભવ જોશીની સુચના અનુસાર પડધરી મામલતદારે ખોડાપીપરમાં રૂા.૫૦ લાખની જમીન દબાણ મુકત કરાવી હતી.આ અંગેની પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ રાજકોટ જિલ્લા કલેકટર શ્રી પ્રભવ જોશીના આદેશ મુજબ, પ્રાંત અધિકારીશ્રીના માર્ગદર્શનમાં આજે ખોડાપીપર ગામમાં સરકારી ખરાબાની જમીનમાં ગેરકાયદે ચાલતા ઈંટોના ભઠ્ઠાનાં દબાણો તોડી પડાયાં હતાં.

પડધરી તાલુકાના ખોડાપીપર ગામમાં સરકારી ખરાબાના સર્વે નંબર ૭૮ પૈકી જમીનમાં સિમેન્ટના બેલા તથા ઈંટો બનાવવાનો ઉદ્યોગ ગેરકાયદે ચાલતો હતો. આ દબાણો તોડી પાડવા આજે પડધરી મામલતદારશ્રીની રાહબરીમાં નિમાનુસાર કાર્યવાહી હાથ ધરાઈ હતી. પોલીસ બંદોબસ્ત સાથે આ જમીન પરથી આશરે ૨૫૦૦ ચો.મી.ના ગેરકાયદે દબાણ તોડી પાડવામાં આવ્યાં હતાં. આ સાથે દબાણદારોને રૂ.૫૦,૦૦૦નો દંડ કરવામાં આવ્યો હતો. આ કામગીરીમાં પડધરીના નાયબ મામલતદાર (દબાણ) તથા સર્કલ ઓફિસર જોડાયા હતાં.

# મસાલા માર્કેટમાં ત્રાટકતી ફુડ શાખા

**જુદા-જુદા મસાલાનાં ૧૦-સેમ્પલો લેવાયા: ૨૦-નમુનાની સ્થળ પર ચકાસણી કરાઈ**



રાજકોટ,તા.૧૭

હાલ ચાલી રહેલી મસાલાની સિઝન અન્વયે મ.ન.પા.ની ફૂડશાખાએ શહેરનાં વિવિધ વિસ્તારોમાં આવેલ મસાલા માર્કેટમાં દરોડા પાડી ૧૦-સેમ્પલો લેવામાં આવેલ હતાં.

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના બાપાસિતારામ ચોક થી રામધણ તરફ મવડી વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૦ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૯ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્ય ચીજોના કુલ ૨૦ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ હતીં.

જયાં ચકાસણી કરાયેલ તેમાં બાલાજી ચાઇનીઝ પંજાબી -લાઇસન્સ મેળવવા, પટેલ કોલ્ડ્રિંક્સ-લાઇસન્સ મેળવવા ,ધરતી કોલ્ડ્રિંક્સ -લાઇસન્સ મેળવવા, બાલાજી ઘૂઘરા -લાઇસન્સ મેળવવા, ક્રિષ્ના મારવાડી પાણિપુરી -લાઇસન્સ મેળવવા, પટેલ ભેળ -લાઇસન્સ મેળવવા, મયુર ભજીયા - લાઇસન્સ મેળવવા,બાલાજી ફૂડ પોઈન્ટ - લાઇસન્સ મેળવવા, વરિયા ગાંઠિયા - લાઇસન્સ મેળવવા, બાબતે સૂચના આપવામાં આવેલ.

સુચના અપાયેલ હતી.તથા પટેલ ગાંઠિયા ફરસાણ, પટેલ ચાઇનીઝ પંજાબી, GGM સ્વીટ એન્ડ નમકીન, સીતારામ સુપર માર્કેટ, પટેલ પ્રોવિઝન સ્ટોર, ઉત્તમ એન્ટરપ્રાઇઝ, શિવમ ફાર્મસી, મનોહર સોડા, વત્સ સુપર માર્કેટ, શિવમ ડેરી (૨૦)જય અંબે નાસ્તા ગૃહની ચકાસણી કરવામાં આવેલ.

ઉપરાંત જયાંથી ૧૦ નમુના લેવાયેલ તેમાં રાઈના કુરીયા (લુઝ): ઠાકર મસાલા ભંડાર(મંડપ), શ્રીરામ મસાલા માર્કેટ, ધ મિલેનિયમની બાજુમાં, ૧૫૦' રીંગ રોડ, ધાણી (લુઝ): શ્રીયમુનાજી મસાલા ભંડાર(મંડપ), જય ખોડિયાર મસાલા બજાર, સ્ટર્લીંગ હોસ્પિટલ સામે, ૧૫૦' રીંગ રોડ, જીરૂ (લુઝ): જય સોમનાથ મસાલા(મંડપ), જય ખોડિયાર મસાલા બજાર, સ્ટર્લીંગ હોસ્પિટલ સામે, ૧૫૦' રીંગ રોડ, વરિયાળી (લુઝ): શ્રીરામ મસાલા ભંડાર(મંડપ), શ્રીરામ મસાલા માર્કેટ, નાના મવા સર્કલ પાસે, ૧૫૦' રીંગ રોડ, મેથીના કુરિયા (લુઝ): શ્રીરામ મસાલા ભંડાર(મંડપ), શ્રીરામ મસાલા માર્કેટ, નાના મવા સર્કલ પાસે, ૧૫૦' રીંગ રોડ,(૬)J.K. SPICES અજમો (૫૦૦ G PKD): સ્થળ - જય સોમનાથ મસાલા (મંડપ), જય ખોડિયાર મસાલા બજાર, સ્ટર્લીંગ હોસ્પિટલ સામે, ૧૫૦' રીંગ રોડ, HONEST RED CHILLI POWDER (FROM 1 KG PKD): મીત રેસ્ટોરેન્ટ, ઓનેસ્ટ, ICICI બેન્ક પાસે, કોટેચા ચોક, કાલાવડ રોડ, HATHI CHILLI POWDER (૫૦૦ G PKD): સ્થળ -શ્રીનાથ ટ્રેડિંગ, ૪- લાતી પ્લોટ, મોરબી રોડ, HATHI TURMERIC POWDER (૫૦૦ G PKD): સ્થળ - શ્રીનાથ ટ્રેડિંગ, ૪- લાતી પ્લોટ, મોરબી રોડ, HATHI CORIANDER CUMIN POWDER (૫૦૦ G PKD): સ્થળ - શ્રીનાથ ટ્રેડિંગ, ૪- લાતી પ્લોટ, મોરબી રોડ, ખાતેથી લેવામાં આવેલ હતાં.

## ચાર્જશીટ

(પહેલા પાનાનું ચાલું)

તેનો દુરૂપયોગ કરવાની રીત છે. અમારી પાસે તેનો સામનો કરવાની તાકાત છે. અને અમે સામનો કરશું.

રોબર્ટ વાડ્રાએ ભાજપ પર આક્ષેપ લગાવ્યો હતો કે આ ભાજપનો રાજનીતિક પ્રચાર છે કે સોનિયા અને રાહુલ ગાંધી સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે અને તે દિવસે મને બોલાવવામાં આવ્યો. એટલે તેઓ મીડિયાના માધ્યમથી એ દેખાડી રહ્યા છે કે અમે કંઈ ખોટું કરી રહ્યા છીએ પણ જનતા જાગૃત છે. તે બધુ જાણે છે. આવી વાતોનો કોઈ મતલબ નથી આથી તો અમે વધુ મજબૂત થાય છે.

વાડ્રાએ કહ્યું હતું કે લોકો ઈચ્છે છે કે હું રાજનીતિમાં આવું તો તેઓ (ભાજપ) કાં તો વંશવાદની વાત કરશે અથવા ઈડીનો દુરૂપયોગ કરશે. આ મુશ્કેલી ત્યારે શરૂ થઈ જયારે કેટલાક દિવસો પહેલાયે લઘુમતીઓ પર અત્યાચારોના બારામાં સોશિયલ મીડિયામાં સંદેશ આપ્યો હતો.






(તસ્વીર : પંકજ શીશાંગીયા)

**શહેર કોંગ્રેસ દ્વારા મ્યુ.કમિશ્નર કચેરી પર હલ્લાબોલ-સુત્રોચ્ચાર: આગેવાનો દ્વારા આવેદનપત્ર અપાયુ**

# સીટી બસ દુર્ઘટનામાં કોન્ટ્રાકટર-ભાજપના મળતીયા સામે ગુનો દાખલ કરો: આગેવાનો દ્વારા મ્યુ.કમિશ્નરનો સમક્ષ ધા

રાજકોટ તા.૧૭

સીટી બસ દુર્ઘટનામાં કોન્ટ્રાકટર અને ભાજપના મળતીયા સામે ગુનો દાખલ કરવાની માંગણી ઉઠાવી શહેર કોંગ્રેસ દ્વારા આજે મ્યુ.કમિશ્નર કચેરીને ઘેરાવ કરી આ મામલે મ્યુ.કમિશ્નર તુષાર સુમરાને આવેદનપત્ર શહેર કોંગ્રેસના પ્રમુખ અતુલ રાજાણીની આગેવાની હેઠળ સુપ્રત કરવામાં આવેલ હતું.

આ તકે શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી તથા વિપક્ષના આગેવાનો વશરામ સાગઠીયાએ મ્યુ.કમિશ્નર તુષાર સુમરાને ઉધડો લઈ આ મામલે કોન્ટ્રાકટર અને ભાજપના મળતીયા સામે ગુનો દાખલ કરવા તત્કાલ કાર્યવાહી કરવા જણાવાયું હતું. તેની સાથોસાથ સીટી બસ એજન્સીને પણ બ્લેક લીસ્ટ કરવા માંગણી ઉઠાવી સીટી બસ સેવાનું સંચાલન મ્યુ.કોર્પો. પોતાના હસ્તક રાખે તેવી માંગ દોહરાવી હતી.

### એજન્સીને બ્લેક લીસ્ટ કરી સીટી બસ સેવાનું સંચાલન મ્યુ.કોર્પો. પોતાના હસ્તક રાખે

કોંગ્રેસના આગેવાનોએ જણાવ્યું હતું કે શહેરના ઈન્દીરા સર્કલ પાસે ગઈકાલે જે દુર્ઘટના સર્જાયેલ હતી તેમાં ચાર વ્યકિતઓના મોત થયેલ છે અને અન્ય ત્રણ વ્યકિતઓને ઈજા થવા પામી છે. તે અંગે જવાબદાર ઈલે. બસ દિલ્હીની કંપની વિશ્વમ સીટી બસ ઓપરેશન પ્રા.લી.ના જવાબદાર કોન્ટ્રાકટર અને પેટા કોન્ટ્રાકટ નિયમ મુજબ ન આપી શકાય તેમ છતાં જો આપવામાં આવેલ હોય તો ભાજપના પૂર્વ મહામંત્રી વિક્રમ ડાંગર અને મહાનગરપાલિકાના પૂર્વ અધિકારી જસ્મીન રાઠોડ હાલ સંચાલન કરતા હોય આ તમામ સામે નિયમ મુજબનો ગુનો દાખલ કરી કોન્ટ્રાકટરની ડીપોઝીટ જપ્ત કરી તેને તાત્કાલીક અસરથી બ્લેકલીસ્ટ કરવા આગેવાનોએ જણાવ્યું હતું.

### મૃતકો માટે જાહેર કરાયેલ ૧૫ લાખની સહાય પર્યાપ્ત નથી, ૫૦ લાખ આપવા માંગણી

તેની સાથોસાથ વધુમાં જણાવ્યું હતું કે દુર્ઘટના સર્જનાર બસના ડ્રાઈવરના લાયસન્સની અવધી તા.૧૭ ફેબ્રુઆરી ૨૦૨૫ના પૂર્ણ થઈ ગયેલ હતી તેમ છતા કે આ સીટી બસનું ડ્રાઈવીંગ કરતો હોય આ અંગે પણ રાજકોટ મ્યુ.કોપો.ના ટ્રાફીક અને ટ્રાન્સપોર્ટના જવાબદાર અધિકારીઓની બેદરકારી ફલીત થાય છે તેને પણ સસ્પેન્ડ કરવા તેઓએ જણાવ્યું હતું.

### છ માસમાં બસથી આઠ વ્યકિતના મોત, તમામના પરિવારને કોન્ટ્રાકટરે સહાય પૂરી પાડવી આવશ્યક

શહેરમાં સીટી બસોનું સંચાલન કરતી દિલ્હીની કંપનીને બ્લેકલીસ્ટ કરી રાજકોટ મ્યુ.કોર્પો. પોતે જ સીટી બસ સેવાનું સંચાલન કરે તેમ આગેવાનોએ જણાવી ઉમેર્યુ હતું કે ગઈકાલે ઘટેલી દુર્ઘટનામાં જાન ગુમાવનારા માટે રૂા.૧૫-૧૫ લાખની સહાય જાહેર કરવામાં આવી છે પરંતુ તે પર્યાપ્ત ન હોય મૃતકોના પરિવારજનોને ૫૦ લાખની સહાય પૂરી પાડવામાં આવે અને ઈજાગ્રસ્તોને બે લાખના બદલે રૂા.૫ લાખની સહાય આપવામાં આવે તેવી કોંગી આગેવાનોએ માંગણી કરી હતી. આ રજૂઆત સાથે તત્કાલ પગલા લેવા મ્યુ.કોપો.ના કમિશ્નરને ઉધડો લઈ કાર્યવાહી કરવા ટકોર કરવામાં આવી હતી.

આ રજૂઆતમાં શહેર કોંગ્રેસના પ્રમુખ અતુલ રાજાણી, વશરામ સાગઠીયા, નીદિત બારોટ, જશવંતસિંહ ભટ્ટી, ગોપાલભાઈ અનડકટ, રણજીતભાઈ મુંધવા, ડો.હેમાંગ વસાવડા, ભીખુભાઈ વાડોતરીયા, બીપેન્દ્રસિંહ જાડેજા, મહેશભાઈ રાજપૂત, ગાયત્રીબા વાઘેલા, રહીમભાઈ સોરા, અશોકસિંહ વાઘેલા, મયુરસિંહ, નયનાબેન જાડેજા, મીનાબેન જાદવ, સુરેશભાઈ બથવાર, હબીબભાઈ કટારીયા, ગજેન્દ્રસિંહ ઝાલા, કૃષ્ણદત રાવલ, સંજયભાઈ લાખાણી, યુનુસભાઈ જુણેજા સહિતના આગેવાનો જોડાયા હતા.

### લોકોની પિડા- મોતની કિંમત હવે રૂપિયામાં જ મપાય છે

# મહાપાલિકાનો ભ્રષ્ટાચાર-ગેરવહીવટ હવે લોકોનો જ 'ભોગ' લે છે

### બસ-દુર્ઘટના તેમાં ઉમેરોઃ લાગતા વળગતા મળતીયાઓને કોન્ટ્રાકટ- મોનેટરીંગ વિહોણી સ્થિતિ અને ટ્રાફિક જાળવણીમાં પોલીસની પણ ઉદાસીનતા- લોકોના જીવન લે છે છતાં સૌ બિન્દાસ

### ટીઆરપી કાંડમાં કોઈ ટોચના અધિકારી- પદાધિકારી જવાબદાર નહીઃ માસુમના મોત પણ તેમને વિચલીત કરતા નથી

### ત્રણ નિર્દોષનો ભોગ લેનાર એટલાન્ટીસ દુર્ઘટનાને ૧ માસથી વધુ સમય છતાં હજુ કોણ જવાબદાર તે નકકી નથીઃ કોઈ પોલીસથી પાલીકાને 'રમાડે' છે



રાજકોટ: રાજકોટ મહાનગરમાં ગઈકાલે સીટી બસે સર્જેલા અકસ્માતે ફરી એક વખત મહાપાલિકાની બેદરકારી- ગેરવહીવટ તથા ભ્રષ્ટાચાર તથા કમાન્ડ કંટ્રોલ વગરના શાસનની પોલ ખોલી છે અને ગઈકાલની ઘટના પ્રથમ નથી અને અંતિમ પણ નહી હોય તેની સૌને ખાતરી છે. વાસ્તવમાં ગઈકાલની ઘટનામાં પોલીસની ટ્રાફીક પ્રત્યેની ઉદાસીન નીતિ પણ જવાબદાર છે અને સતત વ્યસ્ત થઈ રહેલા રાજકોટમાં હવે નેતૃત્વનો અભાવ પણ જોવા મળી રહ્યો છે. રાજકોટ મહાપાલિકાના શાસનમાં ભાજપને ૬૮ બેઠકોની તોતીંગ બહુમતી હોવા છતા પણ અને ત્રિપલ એન્જીન જેવી રાજય અને દેશની સરકાર હોવા છતા પણ અહી ઘણીચોરી જેવી સ્થિતિ બની રહી છે અને હવે તેના પડઘા ભાજપમાં પણ પડી રહ્યા છે. રાજકોટ મહાપાલિકાના છેલ્લા ૧ વર્ષથી ઓછા સમયનો અકસ્માતના ઈતિહાસ તપાસો તો ૪૦ જેટલા લોકો અલગ અલગ કારણે કમોત મેળવ્યા છે પણ ટીઆરપી કાંડ તેમાં શિમશોર છે જેમાં ૨૭ બાળકો સહિતના જીવતા ભુંજાઈ જવાના કારણે મૃત્યુ થયા હતા.

જેમાં મહાપાલિકામાં ટોચથી તળીયે ચાલતો ભ્રષ્ટાચાર- ગેરવહીવટ તથા જવાબદારી વગરની સ્થિતિ જોવા મળી હતી પણ એક પણ ટોચના અધિકારીઓ કે પદાધિકારીઓના વાળ પણ વાંકો થયો નથી. સરકારે પણ હવે તેની સંવેદનશીલતા રૂપિયામાંજ દર્શાવવામાં નકકી કર્યુ હોય તેમ થોડા લાખની સહાય અને સંવેદનાના એક બે ટવીટ કરીને પોતાની ફરજ પુરી કરે છે. મહાનગર કક્ષાના વહીવટમાં રોડના ખાડામાં લોકો દુર્ઘટનાનો ભોગ બને નહી તેવી આડશો પણ મુકાતી નથી અને

### મહાનગરપાલિકાના ખાડા અને રોશની શાખાની બેદરકારીથી વિજ કરન્ટ પણ રાહદારીનો ભોગ લે છે

તેથીજ રૈયા ટેલીફોન એકસચેંજ પાસે મહાપાલિકાએ ખોદેલા ખાડામાં એક યુવાન ગબડી પડતા મૃત્યુ પામ્યા તો બીજી તરફ ચોમાસામાં માર્ગ પર આવી ભરાવાની સમસ્યા અને અકસ્માત સર્જવાની પરંપરા ચાલુ રહી છે અને રોશની શાખાની બેદરકારીથી માર્ગ પર પડેલા વાયરના કરન્ટથી એક આશાસ્પદ યુવતીનું મૃત્યુ થયું છતાં પણ જવાબદારી કોઈની નિશ્ચિત થઈ નથી અને હાલમાં જ રાજકોટના પોશ વિસ્તારના બહુમાળી ઈમારત એટલાન્ટીસમાં લાગેલી આગે ફાયર એનઓસીની પોલ ખોલી નાખી ત્રણ નિર્દોષ લોકોનો ભોગ લેવાયો પણ તેને એક માસથી વધુ સમય થયો છતા પણ હજુ નથી. મહાપાલિકામાં કોઈની જવાબદારી નિશ્ચિત થઈ નહી બિલ્ડીંગના એસોસીએશન કે બિલ્ડરની જવાબદારી નકકી થઈ. થોડા લાખ રૂપિયા ફેંકીને ગરીબોના મોઢા બંધ કરી દેવાયા અને હવે જે રાજકીય પ્રભાવ છે તેથી આ પ્રકરણ પણ આગળ વધશે નહી. ફાયર એનઓસી તો ટીઆરપી કાંડથી ગાજે છે પણ તેમાં કોઈ ગંભીરતાથી આગળ વધતુ નથી તો ગઈકાલની ઘટનામાં જે રીતે મહાપાલિકાના ટ્રાન્સપોર્ટ વિભાગ અને લાગતા-વળગતાને કોન્ટ્રાકટ આપી કમાવ-કમાવી દોની નીતિ અપનાવાઈ છે તેનો પણ પર્દાફાશ થયો છે.

સીટી બસ જે પુરા શહેરમાં માતેલા સાંઢની જેમ દોડે છે તે અવારનવાર અકસ્માત સર્જે છે પણ તેમાં કોન્ટ્રાકટરની રાજકીય ભાગીદારીથી સલામત રહે છે. બસમાં પ્રવાસ કરતા અને માર્ગો પર જતા લોકોની સલામતીના પ્રશ્ન હોય તે સમયે જેનુ ડ્રાઈવીંગ લાયસન્સ પણ મુદત પુરુ થયુ હોય તેમ છતાં એજન્સીને તે જાણ ન હોય તે કોઈ સ્વીકારી શકે નહી પણ મોનેટરીંગની કોઈ વ્યવસ્થા જ નથી કે આ પ્રકારે કોઈ ક્ષતિ પકડાઈ શકે અને વધુ ચાર લોકોનો ભોગ લેવાયો, આ સ્થિતિનો કોઈ અંત જ નથી.

**પદાધિકારીઓની નિષ્કીયતા અને જવાબદેહી વગરની સ્થિતિ**

રાજકોટ મહાપાલિકામાં જે પદાધિકારીઓ બેસે છે તેઓ વચ્ચે પણ કોઈ એકસૂત્રતાથી બાંધી તેવા નેતા નથી. મહાપાલિકાના ભાજપના ૬૮ કોર્પોરેટરોમાં માંડ ૮-૧૦ સક્રીય છે. ગઈકાલની ઘટનામાં સ્થાનિક એક કોર્પોરેટર નજરે ચડયા બાકીના તમામે એસી ઓફિસમાં બેસી રહેવાનું પસંદ કર્યુ. ધારાસભ્યોમાં પણ કોણ દેખાયું તે પ્રશ્ન છે. મહાપાલિકામાં જે રીતે 'વન મેન શો' છે અને તે એક જ વ્યકિતના રાજકીય પીઠબળથી પુરા રાજકોટનો વહીવટ કરે છે તેનાથી અન્ય તમામને રસ ઉઠી ગયો છે અને તેનાથી અધિકારીઓ પર કોઈ અંકુશ કે મોનેટરીંગ રહ્યું નથી. કાર પર સાયરન માટે પણ લડી લેતા આ મહાનુભાવો પ્રજાના માટે લડવા તૈયાર નથી અને તેથી મહાપાલિકાના માથે એક બાદ બીજી કાળી ટીલી લાગતી રહે છે.

### શાસક ભાજપ પણ ખુદ તેના જ કોર્પોરેટરો દુર્ઘટના સમયે ફરકતા નથીઃ અધિકારીઓ પર નિયંત્રણ નહીઃ કરૂણાંતિકામાંથી બોધપાઠ લેવાયો નથી

## પક્ષના આંતરિક વિખવાદઃ થોડા લોકોના વર્ચસ્વથી કોર્પોરેટરો પણ 'વિમુખ' થયા

### પક્ષના કાર્યક્રમથી પ્રજાના પ્રશ્નો હવે ઉદાસીનતાઃ ગાંધીનગર સુધી ફરિયાદ થઈ છે

રાજકોટ: રાજકોટમાં ૬૮ બેઠકોની તોતીંગ બહુમતી છતા પણ જે રીતે મહાપાલિકાનો 'વહીવટ' એક વ્યક્તિ અને તેના રાજકીય ગોડફાધર બનેલા નેતાની કૃપાથી ચાલે છે તે મુદ્દે પક્ષના મોવડીમંડળનું ધ્યાન પણ દોરાયુ હતુ પણ ભાગ્યે જ કોઈ પગલા લેવાયા નથી. ભાજપના સૂત્રોના જણાવ્યા મુજબ પક્ષના કાર્યક્રમમાં તો કોર્પોરેટરો દેખાતા નથી પણ મહાપાલિકામાં પણ લોકોના કામ માટે કે તેના વોર્ડમાં પણ તેમને શોધતા રહેવું પડે છે અને આ અંગે પુર્વ પ્રમુખથી છેક સંગઠન મહામંત્રી સુધીના તમામે કોર્પોરેટરોને લોકોની વચ્ચે રહેવા તાકીદ કરી પણ તેની કોઈ અસર જોવા મળી નથી. હવે છ માસથી થોડા સમયમાં જ ચુંટણી છે તેથી અર્ધાને પોતાને ટિકિટ નહી મળે તેની ખાતરી હોવાથી સક્રીય રહ્યા નથી તો બાકીના ગમે તેમ ટિકીટ મળશે તેવા વિશ્વાસમાં છે અને તેથી હવે કોર્પોરેશનમાં પ્રજાકીય શાસન જેવી સ્થિતિ રહી જ નથી. પક્ષના હાલના જ આંબેડકર જયંતિના કાર્યક્રમમાં પણ માંડ ૨૦ કોર્પોરેટરો કાર્યક્રમમાં આવ્યા હોવાનું પક્ષના સૂત્રોએ જણાવ્યું હતું તો વોર્ડના કાર્યક્રમોમાં પણ હવે ભાગ્યે જ તેઓ હાજર રહે છે.

### રાજકોટ જિલ્લા કલેકટરનાં અધ્યક્ષ સ્થાને ફરીયાદ નિવારણા સંકલનની બેઠક મળી

## જનકલ્યાણકારી ૧૧ પૈકી ૯ યોજનામાં ૧૦૦ ટકા લક્ષ્યાંક મેળવી દેશનાં ટોપ-ફાઈવ જિલ્લામાં રાજકોટનો સમાવેશ

### જનપ્રતિનિધિઓએ રજૂ કરેલા પ્રશ્નોનું નિરાકરણ બાકી છે : નિરાકરણ લાવવા અધિકારીઓને કલેકટરની તાકીદ

રાજકોટ,તા.૧૭

જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ રજૂ કરેલા રાજકોટ શહેરના વિવિધ માર્ગો પર દબાણોના લીધે થતી ટ્રાફિકની સમસ્યા, રાજકોટ-અમદાવાદ હાઈવે ઉપર હોટેલ્સ, પેટ્રોલ પંપો અને ગ્રામજનો દ્વારા ડીવાઈડર તોડી બનાવેલ ગેરકાયદે નિકાસથી અકસ્માતનો ભય, પદ્મકુંવરબા હોસ્પિટલની નવીનીકરણની કામગીરી સહિતના પ્રશ્નોનાં સંબંધિત અધિકારીશ્રીઓ દ્વારા કરાયેલી કામગીરી અંગે જવાબ રજૂ કરાયા હતા.

આ ઉપરાંત ધારાસભ્યશ્રી દર્શિતાબેન શાહ દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નો પૈકી રેસકોર્સ ખાતે યોજાતા લોકમેળાના સ્થળ માટેના પ્રસ્તાવિત વિકલ્પો, શહેરમાં જર્જરિત મકાનો, ગેરકાયદે ચાલતા કતલખાના, અનાજ વિતરણ, જિલ્લામાં ઈકો ટુરિઝમના વિકાસ માટેનું આયોજન, ભિક્ષાવૃત્તિ કરતા બાળકોના રેસ્ક્યું સહિત રજુ કરાયેલ પ્રશ્નોનાં સંબંધિત અધિકારીઓએ જવાબ આપ્યા હતા. જન પ્રતિનિધિઓ દ્વારા રજુ થયેલા પ્રશ્નોનાં વહેલી તકે નિવારણ લાવવા કલેક્ટરશ્રીએ સંબંધિત અધિકારીઓને તાકીદે કામગીરી કરવા સૂચના આપી હતી.

ઉલ્લેખનીય છે કે, બેઠકની શરૂઆતમાં જિલ્લા કલેકટરએ રાજકોટ જિલ્લાની ''પ્રધાનમંત્રી એવોર્ડ'' માટે પસંદગી થઈ હોવાની ખુશી જન પ્રતિનિધિઓ તેમજ અધિકારીઓ સમક્ષ વ્યક્ત કરતા જિલ્લાની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. જન કલ્યાણકારી ૧૧ યોજનાઓ પૈકી ૯ યોજનાઓમાં ૧૦૦ ટકા લક્ષ્યાંક મેળવી સર્વાંગી વિકાસમાં દેશના પાંચ જિલ્લામાં રાજકોટ જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વધુમાં જિલ્લા કલેકટરએ ''સુજલામ સુફલામ જળસંચય'' યોજના અંતર્ગત સંબંધિત અધિકારીશ્રીઓ દ્વારા થનાર કામગીરી અંગે વિગતો મેળવી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર એ.કે.ગૌતમ, આસિસ્ટન્ટ કલેકટરશ્રી મહેક જૈન, પ્રાંત અધિકારી સર્વે ચાંદની પરમાર, શ્રી વિમલ ચક્રવર્તી, આર.આર.ખાંભરા, રાહુલ ગમારા, જિલ્લા પુરવઠા અધિકારી રાજે કે. વંગવાણી સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટમાં ૨૪ કલાકમાં અકસ્માતની વણઝારઃ દસેક લોકો ઈજાગ્રસ્ત થયાં

### સિવિલ હોસ્પિટલમાં ઈજાગ્રસ્તોને સારવાર અપાઈ, મોટાભાગે બાઈક સ્લીપ થવાના બનાવો

### ખાડા ખબડાવાળા રસ્તા અને બેકાર રોડ, એન્જિનિયરિંગના કારણે વધતા અકસ્માતો

રાજકોટ, તા.૧૯

રાજકોટમાં ગઈકાલે ઈન્દિરા સર્કલ પાસે સીટી બસ એ લોકોને કચડી માર્યા હતા. આ ઉપરાંત સીટી બસની ઠોકરે કોઠારીયા રોડ પર સાસુ વહુ ઈજાગ્રસ્ત થયા હતા. રાજકોટમાં અકસ્માતના બનાવવા વધી રહ્યા છે ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં અકસ્માતની જાણે વણઝાર લાગી હતી. નાના મોટા અકસ્માતોમાં ૧૦ જેટલા લોકો ઘવાયા હતા.

બનાવોની વિગત મુજબ, જયાબેન કાનજીભાઈ સોલંકી (ઉંમર વર્ષ ૫૯ રહે. માંડા ડુંગર, હર્ષદ પાર્ક શેરી નંબર ૪)આજે સવારે ૪:૦૦ વાગે રિક્ષામાં બેસીને મોચી બજાર બકાલા માર્કેટ પાસે જતા હતા ત્યારે સામેથી આવતી રિક્ષાએ આ રીક્ષા સાથે ઠોકર મારતા જયાબેનને ઈજા પહોંચી હતી




તેમને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં ખસેડવામાં આવ્યા હતા.

ભાવેશભાઈ રૂખાભાઈ ધોળકિયા ઉંમર વર્ષ ૪૪ ગામ તાલુકો જીલ્લો રાજકોટ ગઈકાલે રાતે ૧૦:૦૦ વાગે મહીકા અને ઠેબચડા વચ્ચે બાઈક લઈને જતા હતા ત્યારે કોઈ કારણોસર બાઈક સ્લીપ થઈ જતા તેમને ઈજા પહોંચતા ભાવેશભાઈ ને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

સુરજભાઈ શાહુકાર ઉંમર વર્ષ ૪૦ ગઈકાલે રાત્રે ૧૦:૦૦ વાગ્યા આસપાસ શીતલ પાર્ક નજીક બાઇક લઈને જતા હતા ત્યારે કોઈ કારણોસર રસ્તામાં ખાડો આવતા બાઇક સ્લીપ થઈ જતા તેઓને ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

સુરેશભાઈ પાસવાન ઉંમર વર્ષ ૩૦ રહે રાજકોટ ગઈકાલે સાંજે ૬:૦૦ વાગે પોતાનું બાઈક લઈને વાવડી ગામ ખાતે જઈ રહ્યા હતા ત્યારે અચાનક બાઈક સ્લીપ થઈ જતા તેઓને ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલના સર્જરી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા.

ઉમેદભાઈ ઓમસિંગ રાજપુત ઉંમર વર્ષ ૨૨ રહે વિમલનગર સવારે ૧૦:૦૦ વાગે બાઈક લઈને જઈ રહ્યા હતા ત્યારે ૧૫૦ ફૂટ રીંગરોડ નજીક પુનિત નગરમાં બાઇક સ્લીપ થઈ જતા માથે શરીરે ઇજા થતાં તેઓને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

આસિફભાઇ યુનુસભાઇ કુરેશી ઉંમર વર્ષ ૩૪ રહે માંદા ડુંગર ખોડીયાર ચોક બજરંગ પાન પાસે ગઈકાલે બપોરે ૧:૦૦ વાગે પોતાનું એકટીવા લઈને ભાવનગર હાઈવે રોડ ઉપર માંના ડુંગર સામે જઈ રહ્યા હતા ત્યારે કોઈ અજાણ્યા વાહને અડફેટ લેતા તેઓને માથામાં અને શરીરે ઇજા થઈ હતી તેઓને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

અમન દેવકીનંદન તિવારી ઉંમર વર્ષ ૩૦ રહે ક્રાઇટ સ્કૂલની પાછળ કાલાવડ રોડ આજે સવારે ૧૧:૩૦ વાગે બાયપાસ સ્થળ બેસીને કાલાવડ રોડ પર જઈ રહ્યા હતા ત્યારે મહિલા અંદર બ્રિજમાં કિસાનપરા ચોક તરફથી આવતા બ્રિજની અંદર બાઈક સ્લીપ થતા માથે શરીરે ઇજા થઈ હતી તેઓને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલના ઇમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવેલ હતા.

રણજીતભાઈ પરમસિંઘ થાપા ઉંમર વર્ષ ૪૫ રહે રહ્યા ગામ પરસોતમભાઈ માર્બલ ની બાજુમાં રાત્રિના ૮:૦૦ વાગે ચાલીને યુનિવર્સિટી રોડ ઉપર જઈ રહ્યા હતા ત્યારે આકાશવાણી ચોકમાં અજાણ્યા બાઈક ચાલકે હડફેટે લેતા તેઓને હાથે અને શરીરે ઇજા થતાં તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલના ઓર્થોપેડિક વિભાગમાં દાખલ કરવામાં આવ્યા હતા.

# શેરબજારમાં તેજીનો અસલી રંગ; સેન્સેકસમાં ૧૫૫૦ પોઈન્ટનો ઉછાળો

### ટેરિફનો ગભરાટ ગાયબ થવા સાથે નવા સાનુકુળ પરિબળોનાં આશાવાદથી તેજીનો ધમધમાટ

### સેન્સેકસ ૭૮૦૦૦ ને વટાવી ગયોઃ ઈન્વેસ્ટરોની સંપતિમાં પાંચ લાખ કરોડની વૃધ્ધિઃ કુલ માર્કેટ કેપ ૪૧૯.૭૫ લાખ કરોડ

રાજકોટ તા.૧૭

અમેરિકી ટેરિફ વોરનો ગભરાટ સતત હળવો થવા સાથે શેરબજાર ફરી અસલી રંગમાં આવવા લાગ્યુ હોય તેમ આજે ૧૫૦૦ પોઈન્ટથી વધુનો ઉછાળો નોંધાયો હતો. સેન્સેકસ ૭૮૫૦૦ ની સપાટીને વટાવી ગયો હતો. ડોલર સામે રૂપિયો પણ વધુ ઉંચકાયો હતો.

શેરબજારમાં આજે શરૂઆત સાવચેતી સાથે નબળા ટોને થયા બાદ બપોરથી એકાએક તેજીનો વળાંક આવી ગયો હતો.અમેરિકન ટેરિફ મામલે વાટાઘાટો કરવા માટે જાપાન પણ મંત્રણાનાં ટેબલ પર આવી ગયુ છે. એકમાત્ર ચીન અને અમેરિકા વચ્ચે હાકલા પડકારા છે. બહુ ગંભીર અસર નહિં થવાનો આશાવાદ વ્યકત થતો હતો.ટ્રેડવોર વચ્ચે પણ ભારતીય આર્થિક વિકાસદર ૬.૫ ટકાના દરે વધવાના રીપોર્ટથી તેજીને ટેકો મળ્યો હતો. આગામી ચોમાસુ નોર્મલથી વધુ ઘટાડાનો આશાવાદ, મોંઘવારીમાં રાહત, ક્રુડ સસ્તુ અને આયાત બીલ ઘટવાના સંજોગો સહિતના કારણો તેજીને ટેકો આપનારા બન્યા હતા.વિદેશી નાણા સંસ્થાઓએ સતત બીજા દિવસે મોટી ખરીદી હોવાથી તેજીનુ નવુ કારણ મળ્યુ હતું. વિદેશીઓ સતત ખરીદી કરવા લાગે તો માર્કેટ વધુ



ઉંચકાઈ શકે છે. જાણીતા શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે માર્કેટમાં એકાએક નવા તેજીના કારણો ઉભા થઈ ગયા હોવાથી અગાઉ જેવો ધમધમાટ આવી ગયો છે. નવો વિશ્વાસ બંધાવા લાગે તેવુ ચિત્ર છે.

શેરબજારમાં આજે મોટાભાગનાં શેરોમાં તેજી હતી. બેંક શેરો વધુ ઝળકયા હતા. બેંક નીફટી ૧૨૫૦ પોઈન્ટથી વધુ ઉંચકાયો હતો. આઈસીઆઈસીઆઈ બેંક, સ્ટેટ બેંક, એકસીસ બેંક, બજાજ ફાઈનાન્સ, એચડીએફસી બેંક, ઈન્ડુસઈન્ડ બેંક, કોટક બેંક, ઉછળ્યા હતા. ભારતી એરટેલ પાવર ગ્રીડ, રીલાયન્સ, ટીસીએસ, ટાઈટન, અદાણી પોર્ટ, ભારતી એરટેલ, લાર્સન, મહિન્દ્ર, મારૂતી, એનટીપીસી વગેરે ઉંચકાયા હતા. વીપ્રો, ટેક મહેન્દ્ર, જેએસડબલ્યુ સ્ટીલ, કોલ ઈન્ડીયા વગેરેમાં જોડાયા હતા. મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૧૫૩૦ પોઈન્ટના ઉછાળાથી ૭૮૫૭૪ સાંપડયો હતો. તે ઉંચામાં ૭૮૬૧૬ તથા નીચામાં ૭૬૬૬૫ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નીફટી ૪૨૧ પોઈન્ટના ઉછાળાથી ૨૩૮૫૮ હતો તે ઉંચામાં ૨૩૮૬૮ તથા નીચામાં ૨૩૨૯૮ હતો. બીએસઈમાં ૪૭૩૩ શેરોમાં ટ્રેડીંગ હતું તેમાંથી ૨૪૨૧ માં સુધારો અને ૧૪૨૬ માં ઘટાડો હતો. ૭૨ શેરો વર્ષની ઉંચાઈએ પહોંચ્યા હતા. ૩૦૨ માં તેજી હતી. બીએસઈનું માર્કેટ કેપ પાંચ લાખ કરોડ વધીને ૪૧૦.૭૫ લાખ કરોડ થયુ હતું.

## રાહુલ ગાંધી અમેરિકા જશેઃ બ્રાઉન યુનિવર્સીટીમાં ભાષણ આપશે



નવી દિલ્હી તા.૧૭

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી આગામી સપ્તાહે અમેરિકા જશે આ દરમ્યાન તેઓ બ્રાઉન યુનિવર્સીટીમાં ભાષણ આપશે. તેઓ ફેકલ્ટીનાં સભ્યો અને છાત્રો સાથે વાતચીત પણ કરશે. કોંગ્રેસનાં મીડીયા અને પ્રચાર વિભાગનાં પ્રમુખ પવન ખેડાએ જણાવ્યું હતું કે ૨૧ અને ૨૨ એપ્રિલે રાહુલ અમેરીકા જશે.

રાહુલ એનઆરઆઈ સમુદાયનાં સભ્યોની સાથે સાથે ઈન્ડીયન ઓવરસીઝ કોંગ્રેસ (આઈઓસી)નાં પદાધિકારીઓ અને સભ્યોની પણ મુલાકાત લેશે.

## ગળાફાંસો ખાઈ પરિણિતા સરોજબેન સાકરીયાનો આપઘાત

### આજી જીઆઈડીસી વિસ્તારનો બનાવ, પોલીસે કારણ જાણવા તપાસ હાથ ધરી

રાજકોટ, તા.૧૭

આજી જીઆઈડીસી વિસ્તારમાં રહેતા પરિણિતા સરોજબેન અનિલભાઈ સાકરીયા (ઉં. વ. ૩૦)એ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી હતી.

સરોજબેન સાકરીયાએ બુધવારે બપોરે ૩ વાગ્યા આસપાસ પોતાના ઘરે લોખંડના એંગલમાં ચુંદડી બાંધીને પગલું ભરી લીધું હતું. જે અંગે જાણ થતાં જ પરિવારે તુરંત ૧૦૮ ને જાણ કરવામાં આવતાં તબીબી સ્ટાફે તેણીને મૃત જાહેર કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક સરોજબેનના લગ્ન ૬ વર્ષ પૂર્વે થયા હતા. પતિ અનિલભાઈ મજૂરી કરે છે. પોલીસે મૃતકના માવતર પક્ષનું નિવેદન નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે અને આપઘાતનું કારણ જાણવા તપાસ શરૂ કરી હતી.



## પીએસઆઈને પ્રમોશન મળતા પીનઅપ સેરેમની કાર્યક્રમ યોજાયો

### પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા સહિતના અધિકારીઓ હાજર રહ્યા

રાજકોટ,તા.૧૭ : રાજકોટ પોલીસ વિભાગ બે પીએસઆઈને પ્રમોશન મળતા પોલીસ કમિશ્નર કચેરી ખાતે પીનઅપ સેરેમની કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પીસીબીના પી.એસ.આઈ એમ.જે.હુણ અને પ્ર.નગર પી.એમ.આઈ બી.વી.બોરીસાગરને પ્રમોશન સાથે પી.આઈની બઢતી મળતા તેઓનો પીનઅપ સેરેમની યોજાયો હતો આ પ્રસંગે પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા એડી.સીપી મહેન્દ્ર બગડીયા ડીસીપી જગદીશ બાંગરવા ઉપસ્થિત રહ્યા હતાં.અને પ્રમોશન મેળવેલ બંનેને શુભેચ્છા આપી હતી.

## IPL સટ્ટો યથાવતઃ બ્લેક ડાયમંડ અને ડાયમંડ એક્સચેન્જ આઈડી મારફત જુગાર રમતા બે પંટર ઝડપાયા

### સદર બજાર અને શીતલ પાર્ક નજીક પીસીબીની ટીમ ત્રાટકીઃ બુકીના નામ ખોલાવવા તજવીજ

રાજકોટ. તા.૧૭

સદર બજાર,શીતલ પાર્ક અને નવાગામમાં મોબાઈલ આઇડીમાં જુગાર રમનાર બે તેમજ વર્લી ફિચરનો જુગાર રમતાં એક શખ્સને ઝડપી લઇ તેની સામે જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.




દરોડાની વિગત મુજબ, પીસીબી પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં ટીમે શહેરના સદર બજાર વિસ્તારમાં એસ.કે. વેલ્ડીંગ પાસે સંતોષ સીઝન સ્ટોર નજીક ખૂણે અર્ષદ અલ્તાફભાઈ પારેખ (ઉ.વ ૩૨ રહે. નેહરુનગર શેરી નંબર-૩, રૈયા રોડ,રાજકોટ, મૂળ અમરેલી)ને મોબાઈલ આઈડી મારફત જુગાર રમતા ઝડપી લીધો હતો. આરોપી બ્લેક ડાયમંડ ૯.કોમ નામની જુગાર રમવાની માસ્ટર આઇડી રાખી અન્ય આરોપીને મોબાઇલમાંથી જુગાર રમવાની આઈડી ફોરવર્ડ કરી જુગાર રમતો અને રમાડતો હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે આરોપી પાસેથી રૂ. ૫,૦૦૦ ની કિંમતનો મોબાઇલ કબ્જે કરી જરૂરી કાર્યવાહી કરી હતી.

જયારે બીજા દરોડામાં પીસીબીની ટીમે જામનગર રોડ પર શીતલ પાર્ક પાસે બગીચાના ખૂણેથી હર્ષ નિલેશભાઈ દવે (ઉ.વ ૨૮ રહે. હાટકેશ્વર ચોક, પેલેસ રોડ રાજકોટ)ને ડાયમંડ એક્સચેન્જ ૨૪૭.કોમ નામની આઈડી મારફત આઇપીએલની મેચ પર ક્રિકેટ સટ્ટો રમતા ઝડપી લીધો હતો. પીસીબીની ટીમે આઈડી આપનાર બુકીનું નામ ખોલાવવા તપાસ આદરી છે.તેમજ પીસીબીના વધુ એક દરોડામાં નવાગામ વછરાજ હોટલ પાછળ જલારામ ટ્રાન્સપોર્ટની સામે જાહેરમાં વરલી ફિચરના આંકડા લઈ રહેલા તખતસિંહ રામસિંહ સોલંકી (ઉ.વ ૭૦ રહે. માયાનીનગર આરએમસી ક્વાર્ટર) નામના રીક્ષા ચાલકને ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

### રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૨૫-૨૩૭૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૨૭૫-૨૩૨૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૨૩૫-૨૨૮૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૮૫-૨૨૩૫ |
| પામોલીયન તેલ | ૨૦૯૦-૨૦૯૫ |
| મસ્ટર્ડ તેલ | ૨૦૪૦-૨૦૭૦ |
| સનફલાવર તેલ | ૨૧૪૦-૨૧૬૦ |
| મકાઇ તેલ | ૨૦૩૦-૨૦૫૦ |
| વનસ્પતિ ઘી | ૨૩૦૦-૨૩૩૦ |
| કોપરેલ | ૩૯૫૦-૪૦૦૦ |
| દિવેલ | ૨૧૮૦-૨૧૯૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૯૮૦૦૦(+૧૦૦) |

| ચાંદી |
|---|
| ૯૭૮૦૦(-૧૪૫૦) |

વિશ્વ હોમિયોપેથી દિવસ અંતર્ગત

# એલ. આર. શાહ હોમિયોપેથી કોલેજ દ્વારા સતત ત્રીજા વર્ષે બે દિવસીય ગાર્ડી હોમિયોપેથિક કોલોક્વિઅમનું ભવ્ય આયોજન

**૩૫ વર્ષથી વધુ હોમિયોપેથી ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવનાર આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત દિલ્હીના ડો. યોગેશ સેહગલ વિદ્યાર્થીઓ, ઈન્ટર્ન્સ અને તબીબોને માર્ગદર્શન આપશે**


રાજકોટ, તા. ૧૭

રાજકોટની જાણીતી ગાર્ડી વિદ્યાપીઠ સ્થિત એલ. આર. શાહ હોમિયોપેથી કોલેજમાં વિશ્વ હોમિયોપેથી દિવસની ઉજવણીના ભાગરૂપે ગાર્ડી હોમિયોપેથિક કોલોક્વિઅમનું આયોજન ૧૯ અને ૨૦ એપ્રિલના રોજ ગાર્ડી વિદ્યાપીઠ કેમ્પસના વિશાળ ઓડિટોરિયમ માં આયોજિત કરવામાં આવેલ છે. જેમાં વક્તા સ્થાને ૩૫ વર્ષથી વધુ હોમિયોપેથ ક્ષેત્રે બહોળો



અનુભવ ધરાવનાર દિલ્હીના ડો. યોગેશ સેહગલને આમંત્રિત કરવામાં આવ્યા છે. જે આ બે દિવસ દરમિયાન વિદ્યાર્થીઓ, ઈન્ટર્ન્સ અને તબીબોને માર્ગદર્શિત કરશે.

બે દિવસ ચાલનાર સેમિનાર અંગે વધુ માહિતી આપતા એલ. આર. શાહ હોમિયોપેથી કોલેજ પ્રિન્સીપાલ ડો. ભાસ્કર ભટ્ટ એ જણાવ્યું હતું કે હોમિયોપેથીના સ્થાપક ડો. સેમ્યુઅલ હેનેમેનની જન્મજયંતિના સન્માન માટે ઉજવવામાં આવતો આ એક વિશેષ દિવસ છે. વિશ્વભરના લોકોમાં હોમિયોપેથી અને તેના ફાયદા વિશે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશથી તથા સર્વગ્રાહી સ્વાસ્થ્ય અને સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે ડો. હેનેમેનના યોગદાન અને હોમિયોપેથીની પ્રેક્ટસને ઓળખવાના પ્રયાસરુપે સતત ત્રીજા વર્ષે હોમિયોપેથનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, ઈન્ટર્નસ અને તબીબો માટે આ માહિતીસભર સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે.



આ સેમિનારના વકતા સ્થાને આમંત્રિત ડો. યોગેશ સેહગલ એ હોમિયોપેથીમાં ત્રણથી વધુ દાયકાથી કાર્યરત એક જાણીતા અને અનુભવી તબીબ છે.

ગાર્ડી વિદ્યાપીઠના વિશાળ સી.સી હોલ ખાતે સવારે ૧૦ થી બપોરે ૦૪ વાગ્યા સુધી ચાલનાર આ સેમિનારના પ્રથમ દિવસે એટલે કે ૧૯ એપ્રિલના રોજ હોમિયોપેથીના વિદ્યાર્થીઓ માટે આયોજીત સેમિનારના પ્રથમ સેશનમાં કિંગડમ ઓફ માઈન્ડ વિષય ઉપર સવિસ્તાર માર્ગદર્શન આપવામાં આવશે. જ્યારે બીજા સેશનમાં આર્ટ ઓફ કેસ ટેકિંગ, અન્ડરસ્ટેન્ડીંગ ઓફ મેન્ટલ સ્ટેટ અને એપ્લાઈંગ એક્યુરેટ ઓફ માઈન્ડ રુબ્રિક્સ જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવશે. તબીબો અને ઈન્ટર માટે આયોજીત સેમિનારના બીજા દિવસે ૨૦ એપ્રિલના રોજ પ્રથમ સેશનમાં એક્યુટ એન્ડ ક્રોનિક કેસિસ આધારીત વીડિઓ, એક્યુટ એન્ડ ક્રોનિક કેસિસ પોટેન્સી સિલેક્શન જેવા વિષયો પર વક્તવ્ય રજૂ કરવામાં આવશે. જ્યારે બીજા સેશનમાં મેનેજમેન્ટ ઓફ કેસ અને ફોલો ઓન ઓફ ધ બેઝિઝ ઓફ સેહગલ મેથડ જેવા વિષય પર ઉપસ્થિત તબીબો અને ઈન્ટરસને માહિતગાર કરવામાં આવશે.

આ કાર્યક્રમના આયોજન માટે સંસ્થાના ચેરમેન ડી.વી.મહેતા, મેનેજીંગ ડિરેક્ટર જયભાઈ મહેતા અને એલ. આર.



ડો. યોગેશ સેહગલ

શાહ હોમિયોપેથી કોલેજ પ્રિન્સીપાલ ડો. ભાસ્કર ભટ્ટના માર્ગદર્શનમાં ડો. એ. પી. એસ. છાબરા, ડો. પિંકી શ્રીવાસ્તવ, ડો. દિનેશ રાવત, ડો. તુલિકા શિખા, ડો. સમર્થ સિંઘ, ડો પુનમ પટેલ, ડો વિમલા, ડો. પીયૂષ જિંજુવાડીઆ, ડો. ઉત્સવ, ડો. વિવેક વસોયા અને ડો. વૈદેહી ભટ્ટ જહેમત ઉઠાવી રહ્યા છે.

# જન્મ-મરણનો દાખલો મેળવવા કેન્દ્રમાં લાં....બી લાઈનો





રાજકોટ મહાનગર જન્મ નોંધ અને મરણ નોંધ બાદ જન્મ-મરણના દાખલા માટે મ્યુ.કમિશ્નર કચેરી ખાતે કેન્દ્ર કાર્યરત છે. આ કેન્દ્ર દરરોજ સવારથી જ અરજદારોની કતારો લાગી રહી છે. સવારે ૧૦ કલાકે જન્મ-મરણ વિભાગની કચેરી ખુલે તે પહેલાં જ અરજદારોની લાઈનો લાગી રહી છે.સવારથી સાંજના પાંચ કલાક સુધી દિવસભર અરજદારો જન્મ-મૃત્યુ નોંધનો દાખલો મેળવવા ઉમટી રહ્યા છે.જન્મ-મૃત્યુ નોંધની પ્રથમ પાંચ નકલ ફીમાં મળી રહે છે.પાંચ વધારે નકલ મેળવવા નિયત આજે વસુલવામાં આવે છે જન્મ-મરણ વિભાગમાં દરરોજ અરજદારોની લાંબી કતારો જોવા મળી રહી છે.

(તસ્વીર: દેવેન અમરેલીયા)





# અમદાવાદની નર્તન સ્કૂલની પ્રશિતા સુરાણાને ગોલ્ડ મેડલ : ગૌરવ

અમદાવાદની નર્તન ડાન્સ સ્કૂલના ડાયરેકટર શ્રીમતી સ્મિતાશાસ્ત્રીની શિષ્યા પ્રશિતા સુરાણાએ ભરત નાટયમ નૃત્યની પ્રસ્તૃતિમાં સિદ્ધિ મેળવતાં નાગપુરમાં કવિ કલાગુરૂ કાલીદાસ સંસ્કૃત યુનિ.દ્વારા બે સન્માનપત્ર તથા ગોલ્ડ મેડલ મેળવેલ છે તે પ્રસંગની તસ્વીર

મહાવીર મણિભદ્ર જૈનયુવા ગ્રુપ

# આજે રાત્રે માંડવી ચોક દેરાસરે દીક્ષાર્થી કુ.હેત્વીબેન પરમારનું સન્માન કરાશે



રાજકોટ,તા.૧૭

શ્રી મહાવીર મણિભદ્ર જૈન યુવા ગ્રુપ દ્વારા દર ગુરૂવારે શ્રી સુપાર્શ્વનાથ જિનાલય (માંડવી ચોક)માં રાત્રે ૧૦.૩૦ થી ૧૧ જૈનોની બેઠક યોજવામાં આવતી હોય છે.આજે તા.૧૭ના ગુરૂવારે રાત્રે ૧૦ વાગે રાજકોટમાં આગામી તા.૮મી મેના પ્રવ્રજયા અંગીકાર કરનાર મુમુક્ષુ હેત્વીબેન વિમલભાઈ પરમારનું સન્માન કરવામાં આવનાર છે. રાત્રે ૧૦.૩૦ થી ૧૧ સંસ્થાની બેઠક યોજાશે દીક્ષાર્થી ચિ.હેત્વીની દીક્ષા પૂ.પ્રશાંતમૂર્તિ, આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય તીર્થભદ્ર સૂરિશ્વરજીમ.આદિની નિશ્રામાં યોજાશે.

# બાર કાઉન્સિલનાં સભ્યની ખાલી પડેલ જગ્યાની ચૂંટણી માટે જાહેરનામુ પ્રસિદ્ધ

## તા.૨૧ થી ૨૩ સુધી ફોર્મ ભરાશે તા.૨૬મીએ ચૂંટણી

રાજકોટ,તા.૧૭

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે. પટેલ તથા ફાઈનાન્સ કમિટીના ચેરમેન અનિલ કેલ્લા એક અખબારી યાદીમાં જણાવે છે કે બાર કાઉન્સિલ ગુજરાતના છેલ્લા ૫ ટર્મથી ચૂંટાયેલા સિનિયર સભ્ય અફઝલખાન પઠાણનું તા.૧૨/૦૪/૨૦૨૫ ના રોજ આકસ્મિક અવસાન થયેલ અને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા ના નિયમ અનુસાર કોઈપણ ચાલુ સભ્યનું અવસાન થાય તો તેની ખાલી પડેલી જગ્યા ૧૫ દિવસમાં ચૂંટણી દ્વારા ભરવાની હોય છે. અને આ ખાલી પડેલી જગ્યાની ચૂંટણીમાં બાર કાઉન્સિલના ચૂંટાયેલા સભ્યો મતદાન કરી શકતા હોય છે.

આ ચૂંટણીમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે. જે. પટેલે પ્રિસાઈડીંગ ઓફિસર તરીકે કામગીરી કરવાની હોય છે. સભ્ય શ્રી અફઝલખાન પઠાણના અવસાનને કારણે પડેલી ખાલી જગ્યાને ભરવા માટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ઈન્ચાર્જ સેક્રેટરી તરફથી તા. ૧૭/૦૪/૨૦૨૫ ના રોજ ચૂંટણી અંગેનું જાહેરનામું (notification) બહાર પાડવામાં આવશે અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની કચેરીના નોટિસ બોર્ડ પર મુકવામાં આવશે. જેમાં તા.૨૧/૦૪/૨૦૨૫ થી તા. ૨૩/૦૪/૨૦૨૫ એમ ત્રણ દિવસ સવારના ૧૧.૦૦ કલાક થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્યની ઉમેદવારી કરવા માટેનું ફોર્મ બાર કાઉન્સિલના બે ચૂંટાયેલા સભ્યોની સહીથી ભરી શકાશે. અને તા. ૨૪/૦૪/૨૦૨૫ ના રોજ,ફોર્મની ચકાસણી તા.૨૫/૪/૨૦૨૫ના રોજ ઉમેદવાર ફોર્મ પરત લઈ શકશે. અને જો ૨ થી વધુ ઉમેદવાર હશે તો તા.૨૬/૦૪/૨૦૨૫ ના રોજ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની મળનારી સાધારણ સભામાં બેલેટ પેપર દ્વારા લોકશાહી પદ્ધતિ થી ચૂંટણી કરવામાં આવશે. અને જેમાં વધુ મત મેળવનાર ધારાશાસ્ત્રી ઉમેદવારને બાર કાઉન્સિલના ચૂંટાયેલ સભ્ય તરીકે જાહેર કરવામાં આવશે,તેમ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની અખબારીયાદીમાં જણાવેલ છે.તેમ યાદીમાં બીસીજી ઈન્ચાર્જ સેક્રેટરી સિદ્ધિ ડી.ભાવસારે જણાવ્યું છે.

'સાંજ સમાચાર'ના અહેવાલનો પડઘો

# સંત કબીર રોડની જોખમી કડ દૂર કરતું તંત્ર : વાહન ચાલકોને રાહત

## તંત્રની તાત્કાલિક કાર્યવાહીની સરાહના કરતું 'સાંજ સમાચાર'

રાજકોટ, તા. ૧૭

શહેરના પાંજરાપોળની સામે સંતકબીર રોડની શરૂઆતના ભાગમાં જ તૂટેલો રોડ જોવા મળ્યો હતો. રોડના તૂટેલા ભાગની કડ ૫ થી ૬ ઇંચ જેટલી ઊંડી જણાઈ હતી. જો આ ભાગ પર ૨ વ્હીલરનું પૈડું આવે એટલે નક્કી તે ચાલક પડે જ. આ અતિ ટ્રાફિકવાળી જગ્યા હોવાથી અહીં બહોળી સંખ્યામાં વાહનો સત્તત પસાર થતા હોય છે. ખાસ કરીને રાતના અંધારાના સમયમાં વધુ મુશ્કેલી સર્જાઈ શકે તેમ હતી. અહીં પસાર થતા વાહનો માટે આ રોડ અતિ જોખમી જણાતા 'સાંજ સમાચાર'એ ૪ દિવસ પહેલા એક અહેવાલ રજૂ કરી તંત્રનું ધ્યાન દોર્યું હતું. જેના ભાગ રૂપે તંત્ર પણ સફાળું જાગ્યું હતું અને તે તૂટેલા ભાગને તાત્કાલિક ધોરણે રિપેર પણ કરી દેવાયો છે. હવે ચાલકને કોઈ મુશ્કેલી પડે તેમ નથી. તંત્ર દ્વારા લેવાયેલા તાત્કાલિક પગલાની 'સાંજ સમાચાર' સરાહના કરે છે.



(તસ્વીર : દર્શિત ગાંગડીયા)

'સાંજ સમાચાર' અવારનવાર લોક રજુઆતોને ધ્યાનમાં રાખી અહેવાલ પ્રસિધ્ધ કરે છે ત્યારે વધુ એક અહેવાલે લોકોની સમસ્યા દુર કરી છે.





# મનપા સંચાલિત ૩૬૪ આંગણવાડીઓમાં પોષણ પખવાડિયાની ઉજવણી : બાલદિનની ઉજવણી

## મેયરનાં હસ્તે છ માસ પૂર્ણ કરનાર બાળકને અન્નપ્રાશન કરાવાયું

રાજકોટ, તા. ૧૭

ગુજરાત સરકારશ્રીના કુપોષણ મુક્ત ગુજરાત અભિગમને સિદ્ધ કરવા માટે મહિલા અને બાળ વિકાસ વિભાગના માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગરપાલિકાની ૩૬૪ આંગણવાડીઓ ખાતે પોષણ પખવાડિયા વર્ષ ૨૦૨૫-૨૬ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ. તેમજ વેસ્ટ ઝોન ઘટકના વોર્ડ નંબર-૧૨ના આંગણવાડી કેન્દ્રમાં પોષણ પખવાડિયા કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ. વોર્ડ નં.૧૨માં પૂર્વ મેયર ડો.પ્રદિપ ડવ, પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેસાઈની ઉપસ્થિતિમાં આઈ.સી.ડી.એસ. વિભાગમાં પોષણ પખવાડિયા અંતર્ગત બાલદીનની ઉજવણી કરવામાં આવી.


પોષણ પખવાડિયા કાર્યક્રમમાં પૂર્વ મેયર ડો.પ્રદીપ ડવ, કોર્પોરેટર મિતલબેન લાઠીયા અને મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન હરસોડા તેમજ આઈ.સી.ડી.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેસાઈ, સીડીપીઓ અનસૂયાબેન ભેસદડિયા, મુખ્યસેવિકા અને આઇ.સી.ડી.એસ. અર્બન અને ઘટકના તમામ સ્ટાફ હાજર રહી પોષણ પખવાડિયા કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ.

પૂર્વ મેયરશ્રી ડો.પ્રદીપ ડવ દ્વારા ૬ માસ પૂર્ણ થયેલ બાળકને અન્નપ્રાસન કરવામાં આવ્યું તેમજ સગર્ભા માતાનું શ્રીમંત વિધિ કરવામાં આવેલ તેમજ એપ્રિલ મહિનામાં આવતા બાળકના જન્મદિવસની ઉજવણી બાલ શક્તિની કેક બનાવી કેક કાપવામાં આવેલ અને ટેક હોમ રાશનનું મહત્વ સમજવામાં આવેલ છે.

કમિશ્નરના અધ્યક્ષ સ્થાને તમામ શાખા અધિકારીની મિટિંગમાં પોષણ પખવાડા ઉજવણી અંતર્ગત તમામ અધિકારીઓને પોષણ શપથ આઇ.સી.ડી.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર દ્વારા લેવડાવામાં આવેલ.

# રામાપીર ચોકડીની વોર્ડ ઓફિસ પાસે આવેલ શાકમાર્કેટમાં કચરાના ઢગલા

## યોગ્ય સફાઈ માટે અનેકવાર રજુઆત છતા તંત્રના આંખ આડા કાન



રાજકોટ,તા.૧૭

વિશ્વનું સાતમું સૌથી ઝડપથી વિકસતું શહેર, દેશનું નવમું સૌથી સ્વચ્છ શહેર, ઓટો મોબાઈલ પાટ્ર્સનું હબ અને મોજીલું શહેર એટલે રાજકોટ. આજી અને ન્યારી નદીના કિનારે આ શહેર વસેલું છે. એક સમયે રાજકોટ સૌરાષ્ટ્રની રાજધાની હતું. તહેવારોની ઉજવણીમાં રાજકોટવાસીઓ હંમેશા અગ્રેસર હોય છે જેને કારણે રંગીલુ રાજકોટ તરીકે આગવી ઓળખ ઊભી કરી છે. પરંતુ જ્યાં ત્યાં થયેલા કચરાના ઢગલાઓ રાજકોટની છબીને લાંછન લગાડે છે.

રાજકોટના રામાપીર ચોકડીએ આવલી વર્લ્ડ ઓફિસની બાજુમાં શાકમાર્કેટ ભરાય છે જ્યાં હજારો લોકો શાકભાજી ખરીદવા આવતા હોય છે. આ શાક માર્કેટની બાજુમાં જ એટલા મોટા કચરાના ઢગલાઓ છે કે શાકની લારી પણ દૂરથી દેખાતી નથી. વળી આ કચરાના ઢગલાઓના કારણે ગંદકી ફેલાતી હોય તેમજ મચ્છરોનો ઉપદ્રવ પણ વધી રહ્યો છે ત્યારે લોકોના આરોગ્ય સામે ખતરો ઉભો થયો છે. આ વિસ્તારના રહીશો દ્વારા આ બાબતે અનેકવાર અધિકારીઓને રજૂઆત કરવા છતાં પણ આ ખતરના ઢગલાઓનો નિકાલ કરવામાં આવતો નથી ત્યારે લોકોના આરોગ્યને ધ્યાનમાં લઈને તાત્કાલિક ધોરણે આ કચરાના ઢગલાઓ નિકાલ કરવામાં આવે તેવી લોક માંગણી ઉઠવા પામી છે.

# બસ અકસ્માતના હતભાગીઓને નિ:શુલ્ક કાનુની મદદ કરવા એડવોકેટ વિકાસ શેઠની જાહેરાત

રાજકોટ, તા.૧૭

રાજકોટના ઈતિહાસમાં ગઈકાલ તા. ૧૬નો ગોઝારો દિવસ રાજકોટની જનતા ભુલી શકે તેમ નથી. રોડ ઉપર ઉભેલા પ્રજાજનો ઉપર પબ્લીક ટ્રાન્સપોર્ટની કામગીરી કરતા બસ ચાલકે નિર્દોષ ચાર વ્યકિતનો સ્થળ પર જીવ લઈ લીધેલ અને અન્ય પાંચ વ્યકિતઓને ગંભીર ઈજા પહોંચાડેલ. બસ અકસ્માતના હતભાગીઓને નિ:શુલ્ક કાનુની મદદ કરવા એડવોકેટ વિકાસ શેઠએ ભોગ બનનારને એજન્સી પાસેથી સહાયની રકમ અપાવવા તૈયારી બતાવી છે.આ અકસ્માત બન્યા બાદ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનએ બસ કોન્ટ્રાકટ એજન્સી કે જે આ ઘટનામાં મુખ્ય આરોપી છે. તેના વતી ૧૫-૧૫ લાખ રૂપિયાની સહાય જાહેર કરેલ છે. પરંતુ આવી સહાયની રકમ ગુનાહિત કૃત્યમાં સહભાગી એવી એજન્સી પાસેથી વસુલવી જોઈએ. તેવી રકમ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને બસ કોન્ટ્રાકટ એજન્સી કે જે દિલ્લીની છે, તેની તથા તેના રાજકોટના વહીવટકર્તા અને મેનેજરો પાસેથી વસુલવાની કાર્યવાહીમાં પણ નિ:શુલ્ક કાનૂની માર્ગદર્શન આપવાની એડવોકેટ વિકાસ શેઠ તૈયારી દર્શાવેલ છે.

# એચડીએફસી બેન્ક પરિવર્તને ગ્રામીણ વિકાસ પહેલ હેઠળ સીમાડાના ૨૯૮ ગામોને આવરી લીધા

અમદાવાદ : ભારતની ટોચની ખાનગી સેકટરની બેન્ક એચડીએફસી બેન્કે તેના સીએસઆર જુથ પરિવર્તન મારફત આયોજિત ગ્રામીણ વિકાસ પહેલ હેઠળ દેશભરના સીમાડાના ૨૯૮ ગામોને આવરી લીધા છે. આ ગામડાઓ આસામ, અરૂણાચલ પ્રદેશ, બિહાર, ગુજરાત, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, રાજસ્થાન, સિકકીમ, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડના સરહદી વિસ્તારોમાં સ્થિત છે. બેન્ક આગામી વર્ષોમાં સીમાડાના વધુ ૧૫૦ ગામોને આવરી લેવાની યોજના ધરાવે છે. આ પહેલ કેન્દ્રના બોર્ડર એરીયા ડેવલપમેન્ટ પ્રોગ્રામ અને વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામમાં દર્શાવેલ રાષ્ટ્રીય વિકાસ લક્ષ્યો સાથે સંરેખિત છે.ઉત્તર અને ઉત્તરપૂર્વીય હિમાલય પ્રદેશો અને પશ્ચિમી રણપ્રદેશ સાથે જોડાયેલા સીમાડાના ગામડાઓ ઘણીવાર મુશ્કેલ ભૂ-પ્રદેશ, આવશ્યક સેવાઓની મર્યાદિત પહોંચ અને અંતરિયાળ વિસ્તારોમાં આર્થિક પડકારો સહિત અનેક મુશ્કેલીઓનો સામનો કરે છે. પરિવર્તને આ વિસ્તારોમાં જરૂરીયાત આધારીત હસ્તક્ષેપો કરી આશરે પાંચ લાખ લોકોના જીવન ધોરણમાં સુધારો કર્યો છે.

# જીએચસીએલએ વર્ષ ૨૦૩૦ સુધીમાં સ્કોપ ૧ અને ૨ ઉત્સર્જનને ઘટાડીને ૩૦% કરવાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક નિર્ધારીત કર્યો

અમદાવાદ : ગ્રીન મેન્યુફેકચરીંગને જબરદસ્ત પ્રોત્સાહન આપવા માટે ભારતની અગ્રણી સોડા એશ ઉત્પાદનકર્તા કંપની જીએચસીએલ લિમિટેડએ વર્ષ ૨૦૩૦ સુધીમાં સ્કોપ ૧ અને ૨ કાર્બન ઉત્સર્જનને ઘટાડીને ૩૦% કરવાનું તેનું લક્ષ્યાંક જાહેર કર્યુ છે. આ પગલું સસ્ટેનેબલ ઇન્ડસ્ટ્રીયલ પ્રેકટીસીસ પ્રત્યેની કંપનીની વ્યાપક કટીબધ્ધતાનો એક હિસ્સો છે. સ્કોપ ૧ ઉત્સર્જન કંપનીની માલીકીના કે તેના દ્વારા નિયંત્રીત થતાં સ્ત્રોતોમાંથી સીધા ઉત્સર્જિત થતા ગ્રીનહાઉસ ગેસ (જીએચજી)ને સંદર્ભિત કરે છે. જયારે સ્કોપ ૨ ઉત્સર્જન ખરીદવામાં આવેલી વીજળી, વરાળ, ઉષ્મા કે ફલિંગના ઉત્પાદનમાંથી પરોક્ષ રીતે ઉત્સર્જિત થતા જીએચજીને સંદર્ભિત કરે છે.

ગ્રીન અને સસ્ટેનેબલ મેન્યુફેકચરીંગ માટેના જીએચસીએલના પ્રયાસો આ વર્ષની વર્લ્ડ અર્થ ડેની થીમ, અવર પાવર, અવર પ્લાનેટની સાથે સુસંગત છે. જે પુન: પ્રાપ્ય ઉર્જાને અપનાવવા પર ભાર મૂકે છે અને તેનો ઉદ્દેશ્ય વર્ષ ૨૦૩૦ સુધીમાં પુન: પ્રાપ્ય સ્ત્રોતોમાંથી વૈશ્વિક વીજ ઉત્પાદન ત્રણ ગણું કરવાનો છે.





તસ્વીર: પંકજ શિશાંગીયા

# મવડી રોડ પર આડેધડ વાહન પાર્કિંગની ભારે સમસ્યા : વેપારીઓ ત્રસ્ત

**આડેધડ વાહન પાર્કિંગથી અડધો રસ્તો બ્લોક : ઉકેલ લાવવા માંગ**

રાજકોટ, તા. ૧૭

મવડી વિસ્તારમાં બાપાસિતારામ ચોકથી મવડી ચોકડી સુધીના રોડ પર આડેધડ વાહન પાર્કિંગની ભારે સમસ્યા જોવા મળી હતી. 'સાંજ સમાચાર'ની ટીમે ત્યાંના વેપારીઓ સાથે વાત કરતા જાણવા મળ્યું છે કે; અહીં આ રસ્તા પર આડેધડ વાહન પાર્કિંગ કરવામાં આવી રહ્યા છે. જેને લઇને એક બાજુનો અડધો રસ્તો બ્લોક થઇ જાય છે.

આ સિવાય અહીંનો રોડ પણ સારી હાલતમાં નથી તેમજ ધૂળ ઉડવાથી ત્યાંના કાયમી દુકાનદારોને મુશ્કેલી પડી રહી છે. વિરાટ કાંટાની સામે જતા રોડ પર એક બાજુ વાહનો પાર્ક કરાય છે. જેને લઇને રોડના શરૂઆતના ભાગે ચોકમાં જ દબાણ કરવાથી અહી કાયમી પસાર થતાં લોકોને મુશ્કેલી વેઠવી પડે છે. જો ત્યાં વાહન પાર્ક ન કરવા દેવામાં આવે તો એ રોડ સારી રીતે ખુલ્લો થાય તેમજ અહીંની ટ્રાફિક સમસ્યા પણ હળવી બની જાય. આ ચોકમાં રોડની વચ્ચે એક તૂટેલો અને ખાડા વાળો ભાગ પણ મુશ્કેલીનું કારણ બન્યો છે. જો કે હાલમાં તંત્રએ અહીં બેરિકેટિંગ કર્યું છે.

# કાલાવડના શીશાંગ ગામે રંગીલા હનુમાનજી દાદાના મંદિરે હનુમાન જયંતિ મહોત્સવની ઉજવણી





રાજકોટ,તા.૧૭

કાલાવડના શીશાંગ ગામે તા :૧૨-૦૪-૨૦૨૫ ને શનીવારના રોજ શ્રી રંગીલા હનુમાનજી દાદા ના સાનીધ્યમા પધારેલા દરેક ભાવિક ભક્તો તેમજ ગ્રામજનોના સાથ સહકારથી ખુબજ ધામધૂમ પૂર્વક હનુમાન જયંતિ (જન્મોત્સવ) ઉજવાયો .જેમા હનુમાનજી દાદાની ધજા ચડાવવા આવી હતી તેમજ બાળકો અને પધારેલા દરેક ભાવિક ભક્તો માટે મહા પ્રસાદનુ આયોજન કરવામા આવીયુ તેમજ ભાવિક ભક્તો માટે લીંબુ સરબતનો પ્રસાદ આપવા આવેલ હતો આ સાથે પ્રસાદ લેવા આવેલ દરેક બાળકોને કપાસ બોક્સ સ્કેચપેન કલર તેમજ સ્ટેશનરી કીટ ની ભેટ આપવામા આવી હતી.

# શનિ-રવિ બે દિવસ સૌરાષ્ટ્ર-કચ્છના મેડિકલ ફિલ્ડ માટે ઉપયોગી ફિઝિશિયન કોન્ફરન્સ







## રાજકોટના ફિઝિશિયન એસોસિએશન દ્વારા ભવ્ય આયોજન : દેશભરના જાણીતા તબીબો લેકચર આપશે

## વિદ્યાર્થીઓ દ્વારા ચાલીસ જેટલાં પેપર પ્રેઝન્ટેશન કરવામાં આવશે : કોન્ફરન્સમાં સૌરાષ્ટ્ર-કચ્છના ૬૦૦થી વધુ ફિઝિશિયન ભાગ લેશે

રાજકોટ તા. ૧૭

એસોસીએશન ઓફ ફિઝીશીયન ઓફ રાજકોટ દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છના ફિઝીશીયનો માટે આગામી તા. ૧૯-૨૦ (શનિ-રવિ) એપ્રિલ એમ બે દિવસ માટે અગત્યની કોન્ફરન્સ એ.પી.આર.કોન-૨૦૨૫નું રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સમાં દેશભરના વિવિધ રોગના નિષ્ણાત તબીબો દ્વારા મેડિકલ ક્ષેત્રે થયેલ અદ્યતન સારવાર પધ્ધતિઓ વિશે માર્ગદર્શન આપવામાં આવશે. કોન્ફરન્સમાં સૌરાષ્ટ્ર-કચ્છના ૬૦૦થી વધુ ફિઝીશીયન ભાગ લેશે.એમ સાંજ સમાચારની મુલાકાતે આવેલા એસોસીએશનના પ્રમુખ ડો. મયંક ઠક્કર અને સેક્રેટરી ડો. મિલાપ ઠકરારએ જણાવ્યું હતું.

એસોસીએશન ઓફ ફિઝીશીયન ઓફ રાજકોટના પ્રમુખ ડો. મયંક ઠક્કરના જણાવ્યા અનુસાર રાજકોટ એ સૌરાષ્ટ્રનું પાટનગર છે અને અહીં મેડિકલ ક્ષેત્રે ખૂબ પ્રગતિ થઈ છે. રાજકોટમાં મોટા ભાગના રોગ માટે વિશ્વ કક્ષાની સારવાર અને નિષ્ણાત તબીબોની સેવા ઉપલબ્ધ છે ત્યારે એસોસીએશન દ્વારા તબીબો અને સમાજ પ્રત્યેની ફરજ નિભાવવા સૌરાષ્ટ્ર-કચ્છના ફિઝીશીયનોની કોન્ફરન્સ રાજકોટમાં રાખવામાં આવે છે. આગામી તા. ૧૯ અને ૨૦ એપ્રિલ ૨૦૨૫ એમ બે દિવસ માટે રીઝન્સી લગુન હોટલ ખાતે સૌરાષ્ટ્ર-કચ્છના ફિઝીશીયનોની કોન્ફરન્સ એ.પી.આર.કોન-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યુ છે.

જેમાં સૌરાષ્ટ્ર-કચ્છના ૬૦૦ થી વધુ ફિઝીશીયન ભાગ લેશે. કોન્ફરન્સમાં દેશભરમાંથી વિવિધ રોગના નિષ્ણાત એવા ૩૯ જેટલાં તબીબો ખાસ પધારશે અને જે તે રોગના નિદાન અને સારવાર ક્ષેત્રે થયેલ અદ્યતન શોધ વિશે માર્ગદર્શન આપશે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના તબીબો મેડિકલ સાયન્સ ક્ષેત્રે વિશ્વભરમાં થતી વિવિધ શોધ વિશે માહિતગાર બને, એક બીજા સાથે પોતાના જ્ઞાનની આપલે કરે અને પોતાના જ્ઞાનમાં વધારો કરે જેથી આપણા સૌરાષ્ટ્ર-કચ્છના દર્દીઓને પણ વિશ્વકક્ષાની સારવાર સારી રીતે ઉપલબ્ધ બની શકે.

એસોસીએશન ઓફ ફિઝીશીયન ઓફ રાજકોટના સેક્રેટરી ડો. મિલાપ ઠકરારના જણાવ્યા અનુસાર મેડિકલ સાયન્સમાં જે તે તબીબ માટે પોતાના જ્ઞાનની વૃદ્ધિ સાથે વિશ્વ કક્ષાની સારવાર બાબત જાગૃત રહેવુ જરૂરી છે. અમોએ રાજકોટ સાથે સૌરાષ્ટ્ર-કચ્છના તબીબો પણ તેમના જ્ઞાનમાં વૃધ્ધી કરી સમાજમાં સારી સેવા આપી શકે એવા ઉમદા હેતુ સાથે રાજકોટમાં સૌરાષ્ટ્ર-કચ્છના તબીબો માટે કોન્ફરન્સ રાખવાનું નક્કી કર્યા બાદ આ ત્રીજી વખત આવી કોન્ફરન્સ યોજી રહ્યા છીએ. દર વખતે દેશભરના જે તે રોગના નિષ્ણાત કહી શકાય એવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત તબીબોને રાજકોટ બોલાવી તેમની પાસેથી વિવિધ રોગના નિદાન અને સારવાર વિશે માર્ગદર્શન મેળવીએ છીએ. આપણા વિસ્તારના તબીબોના જ્ઞાનમાં થતો વધારો અંતે આપણા ક્ષેત્રના દર્દીઓ માટે ફાયદારૂપ બનતો હોય છે. આ કોન્ફરન્સમાં સૌરાષ્ટ્રભરના ૬૦૦થી વધુ ફિઝીશીયન, સુપર સ્પેશ્યાલીસ્ટ ફેકલ્ટીની સાથે એમ.ડી.નો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ જોડાવાના છે. વિદ્યાર્થીઓ દ્વારા ચાલીસ જેટલાં પેપર પ્રેઝન્ટેશન કરવામાં આવશે.

કોન્ફરન્સના સાયન્ટીફીક સેક્રેટરી ડો. ગુંજન જોષીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, આ કોન્ફરન્સમાં કાર્ડિયોલોજી, ગેસ્ટ્રોએન્ટ્રોલોજી. ન્યુરોલોજી, નેફ્રોલોજી, રૂમેટોલોજી, ઈન્ફેકશનને લગતા રોગ, એન્ડ્રોકાઈનોલોજી, પલ્મેનોલોજી, ઓન્કો-હેમેટોલોજી વગેરે ક્ષેત્રના દેશભરના જાણીતા તબીબો ખાસ પધારશે અને જે તે ફિલ્ડમાં વર્તમાન સમયમાં થયેલ અદ્યતન નિદાન-સારવારની પધ્ધતિ વિશે માર્ગદર્શન આપશે. કોન્ફરન્સમાં એઈમ્સ-નવી દિલ્હી, મુંબઈ, પુના, હૈદ્રાબાદ, બેંગ્લોર, કોઈમ્બતુરના જે તે રોગના આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત ૩૯ જેટલાં તબીબો દ્વારા સૌરાષ્ટ્રના તબીબોને માહિતી આપવામાં આવશે. કોન્ફરન્સમાં લાઈફ સ્ટાઈલ ડિસીસની સાથે જીનેટીક રોગ, સંપૂર્ણ હેલ્થ ચેકઅપ વખતે કરવામાં આવતા વિવિધ રીપોર્ટ દ્વારા યોગ્ય નિદાન કેન્સર વગેરે બિમારીમાં ટારગેટ આધારીત અદ્યતન સારવાર પધ્ધતિ, મેદસ્વીતાથી છૂટકારો મળે એ માટે મેડિકલ ક્ષેત્રે થયેલ આધુનીક દવાઓની શોધ, ચીંતામુક્ત રહી તંદુરસ્ત જીવન જીવી શકાય એ પ્રકારની જીવનશૈલી બાબત માર્ગદર્શન વગેરે મુદ્દાઓ પર દેશભરના નિષ્ણાતો દ્વારા ગહન ચર્ચા કરવામાં આવશે અને તબીબો એક બીજાના જ્ઞાનની આપલે કરશે.

કોન્ફરન્સના આયોજન માટે એ.પી.આર.કોન-૨૦૨૫ના પ્રેસીડન્ટ ડો. મયંક ઠક્કર, સેક્રેટરી ડો. મિલાપ ઠકરાર, સાયન્ટીફીક સેક્રેટરી ડો. ગુંજન જોષી, ઉપ પ્રમુખ ડો. પારસ શાહ, આઈ.પી.પી. ડો. જયેશ ડોબરીયા, પ્રેસીડન્ટ ઈલેકટ ડો. તેજસ કરમટા, જોઈન્ટ સેક્રેટરી ડો. અર્ચિત રાઠોડ, ટ્રેઝરર ડો. સુનિલ ઉકાણી, ડો. વિશાલ પોપટાણી, ડો. વિરલ બલદાણીયા, સાયન્ટીફીક કમીટીના ડો. ડેનીશ સાવલીયા, ડો. નિરજ મહેતા, ડો. મનિષ બાવળીયા, ડો. મેઘાવી ભપલ, એડવાઈઝરી કમીટીના ડો. ગિરીશ પટેલ, ડો. પ્રતાપ જેઠવાણી, ડો. કિરીટ દેવાણી, ડો. પ્રફુલ ગજ્જર, એકઝીક્યુટીવ કમીટીના ડો. અભીષેક રાવલ, ડો. અંકુર સીણોજીયા, ડો. ધ્રુવ કોટેચા, ડો. કૌમીલ કોઠારી, ડો. કિષ્ના મોરી, ડો. કૃતાર્થ કાંજીયા, ડો. મુકેશ રંગાણી, ડો. નિલેશ દેત્રોજા સહિતના તબીબોની ટીમ કાર્યરત છે. કોન્ફરન્સના કો ઓર્ડીનેટર તરીકે ડો. સંજય ભટ્ટ, ડો. પંકજ પટેલ, ડો. તુષાર પટેલ સેવા આપે છે. કોન્ફરન્સના મેડિયો.કો ઓર્ડીનેટર તરીકે વૈભવ ગ્રૂપના વિજય મેહતા સેવા આપે છે.

## દેશભરમાંથી વિવિધ રોગના નિષ્ણાત એવા ૩૯ જેટલાં તબીબો ખાસ પધારશે

આ કોન્ફરન્સમાં મુંબઈના ડો. સતીષ ખડીલકર, ડો. ઉદય જાદવ, ડો. જોય દેસાઈ, ડો. મનોજ ચઢા, ડો. સમીર શાહ, ડો. નલીની શાહ, ડો. નિતીન શાહ, ડો. રાહુલ પંડીત, ડો. ભૂપેન દેસાઈ, લોહી રોગ અને કેન્સરના નિષ્ણાત મુંબઈના ડો. એમ. બી. અગ્રવાલ, સુરતના ડો. સલીલ વાણીયાવાલા, ડો. પિયુષ દેસાઈ, ડો. વત્સા પટેલ, ગુરુગ્રામના ડો. જાજીત વાસીર, રોહતકના ડો. સમીર અગ્રવાલ, અમદાવાદના ડો. હજીર્ત ડુમરા, ડો. ઓમ લાખાણી, ડો. સુરભી મદાન, ડો. સપના પંડયા, ડો. પ્રકાશ દરજી, ડો. જય કોઠારી, ડો. અનિષ ચંદારાણા, ડો. બંસી સાબુ, ડો. નવનીત શાહ, ડો. વિવેક પટેલ, ડો. વિવેક આર્યા, ડો. શાલીન શાહ, દિલ્હીના ડો. દીપક ખંડેલવાલ, ડો. સંદીપ શેઠ, ડો. ઓ.પી. યાદવ, પુનાના ડો. સુજીત જગતાપ, ગાંધીધામના ડો. કુનાલ ઠક્કર, નાસીકના ડો. ચૈતન્ય બુવા, આણંદના ડો. નીખીલ પટેલ, નડીયાદના ડો. શીશીર ગંગ સહિત અનેક જાણીતા તબીબો દ્વારા જે તે વિષય પર લેક્ચર લેવામાં આવશે.

## વર્તમાન સમયમાં લાઈફ સ્ટાઈલ ડીસીસ વધ્યા;કેન્સર, હદયને લગતા રોગ, પેટના રોગ વગેરેમાં પણ ચિંતાજનક વધારો:ડો. મયંક ઠક્કર

ડો. મયંક ઠક્કરે જણાવ્યું કે, વર્તમાન સમયમાં લાઈફ સ્ટાઈલ ડીસીસ વધ્યા છે. અનિયમીત જીવન, કસરતનો અભાવ, જંક ફૂડ સહિત અપૌષ્ટીક ખોરાક, કામના ભારણના કારણે તથા અમુક સામાજીક કારણોસર માણસ સતત ચિંતામાં રહેતા હોય એના કારણે થતી અનેક શારીરિક સમસ્યા વગેરેના કારણે ડાયાબીટીસ, બી.પી., મેદસ્વીપણું, ચીડીયાપણું વગેરે રોગ વધ્યા છે. કેન્સર, હદયને લગતા રોગ, પેટના રોગ વગેરેમાં પણ ચિંતાજનક વધારો થયો છે. રોગ વધ્યા છે એની સામે હવે જે તે રોગની સારવારમાં પણ પ્રગતિ થઈ છે, દરેક રોગ માટે યોગ્ય નિદાન અને સારવાર માટે હવે અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ બની છે. અને વિશ્વમાં જે તે રોગની સારવારમાં અપડેટ આવ્યા હોય તેની સાથે આપણા વિસ્તારના તબીબો પણ તાલ મિલાવી સતત પોતાનું જ્ઞાન અપડેટ કરતા રહે છે.

# ડબલ સિઝન! અનેક રાજયોમાં ગરમીનો પ્રકોપ, કેટલાકમાં વરસાદનો કહેર

## ગુજરાત, રાજસ્થાન, પંજાબ સહિતના રાજયોમાં હિટવેવ



નવી દિલ્હી તા.૧૭

દેશમાં ભરઉનાળામાં ડબલ સિઝન સર્જાય હોય તેમ ગુજરાત સહિતના રાજ્યોમાં પ્રચંડ ગરમીનો પ્રકોપ છે જયારે ઉત્તર-પશ્ચીમના પર્વતીય રાજ્યોમાં ભારે વરસાદ તથા આંધી-તોફાનનો કહેર રહ્યો હતો.

દેશના મધ્ય ભારતમાં સૂર્યકોપ રહ્યો છે. ગુજરાત-પંજાબ જેવા રાજયોમાં તાપમાનનો પારો ૪૩ ડીગ્રી જયારે રાજસ્થાનમાં ૪૫ ડીગ્રીને પાર થયો છે. હવામાન વિભાગે આવતા બે દિવસ માટે રાજસ્થાન તથા ગુજરાત માટે હીટવેવનુ એલર્ટ જારી કર્યુ છે. બીજી તરફ હિમાચલ પ્રદેશ સહિત પશ્ચીમી હિમાલયન ક્ષેત્રોમાં વરસાદ અને કરાવૃષ્ટિનો દોર ૨૦ એપ્રિલ સુધી ચાલુ રહેવાનુ અનુમાન દર્શાવાયુ છે. હિમાચલપ્રદેશમાં વરસાદ તથા કરાવૃષ્ટિનુ ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના રીપોર્ટ પ્રમાણે આવતા ત્રણ દિવસે મધ્યભારતમાં તાપમાનમાં વધુ ૨થીૃ૩ ડીગ્રીનો વધારો થવાની સંભાવના છે. મહારાષ્ટ્ર-ગુજરાતમાં બે દિવસમાં તાપમાનમાં ત્રણ ડીગ્રીનો ઘટાડો થવાની સંભાવના છે. રાજસ્થાનમાં આવતીકાલ સુધી હીટવેવની સંભાવના છે. ઉતરપ્રદેશમાં રાત્રીનું તાપમાન પણ ઉંચુ રહી શકે છે. પંજાબમાં તાપમાન ૪૩.૩ ડીગ્રીએ પહોંચી ગયુ છે.


## દક્ષિણના રાજયોમાં પણ વરસાદ વચ્ચે હવામાન પલ્ટો

બીજી તરફ પર્વતીય રાજયોમાં વરસાદ સાથે આંધી ફુંકાઈ હતી. ૮૦ કિલોમીટરની ઝડપે પવન સાથે વરસાદમાં મકાનોની છત, વૃક્ષો-થાંભલા ઉખડી ગયા હતા. મકાનોના કાચ પણ તૂટી ગયા હતા. નવુ વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ સક્રિય થવાથી આ સ્થિતિ સર્જાઈ હતી. લાહૌલ ઘાટીના ઉંચાઈવાળા ભાગોમાં હળવી હિમવર્ષા તથા મેદાની ભાગોમાં વરસાદ થયો હતો. પરિણામે તાપમાનનો પારો નીચે સરકયો હતો. બદલતા હવામાન વચ્ચે મનાલી-લેહનો માર્ગ આ વર્ષે એક મહિનો મોડો ખોલવાની જાહેરાત કરવામાં આવ્યુ છે. હજુ ૫૭ કી.મી.ના માર્ગ પર બરફ-કાટમાળ હટાવવાનું બાકી છે. ૧૩૦૦૦ ફુટની ઉંચાઈ ધરાવતા માર્ગ પર સતત હિમવર્ષા વચ્ચે અત્યારે પણ તાપમાન માઈનસ ૧૨ ડીગ્રી છે અને અનેક સ્થળે ૪૦-૫૦ ફુટની બરફની દિવાલો છે.

## હિમાચલમાં ભારે વરસાદ-આંધીથી વ્યાપક નુકશાન

# આમિરખાન અને રજનીકાંત મોટા પડદા પર સાથે જોવા મળશે

મુંબઇ : રજનીકાંત અને આમિર ખાને આજ સુધી કોઈ ફિલ્મ કે પ્રોજેક્ટમાં સાથે કામ કર્યું નથી, પરંતુ હવે બંને કલાકારો સાથે સ્ક્રીન શેર કરતા જોવા મળશે. રજનીકાંત હાલમાં તેમની ફિલ્મ કુલીને લઈને સમાચારમાં છે, જેનું શૂટિંગ હાલમાં ચાલી રહ્યું છે. આ ફિલ્મમાં



આમિર ખાન પણ જોવા મળશે. આ વાતની પુષ્ટિ અભિનેતા ઉપેન્દ્ર રાવે કરી છે. ઉપેન્દ્ર રાવે તાજેતરમાં જ તેમની ફિલ્મ કુલી વિશે વાત કરી. તેમણે રજનીકાંત સાથે કામ કરવાનો પોતાનો અનુભવ પણ શેર કર્યો. એ પણ જાહેર થયું કે આમિર ખાન પણ કુલીમાં હશે. આમાં આમિરનો કેમિયો હશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઉપેન્દ્ર રાવે કહ્યું કે તે કુલીમાં રજનીકાંત, નાગાર્જુન અને આમિર ખાન સાથે જોવા મળશે. નિર્માતાઓએ કુલીમાં નાગાર્જુન અને ઉપેન્દ્ર રાવની એન્ટ્રી પહેલાથી જ કન્ફર્મ કરી દીધી હતી પરંતુ આમિરનો રોલ ગુપ્ત રાખવામાં આવ્યો હતો. હવે ઉપેન્દ્ર રાવે પણ પોતાનું નામ કન્ફર્મ કર્યું, પરંતુ વધુ વિગતો આપવાનું ટાળ્યું. અહેવાલો અનુસાર, કુલીમાં રજનીકાંતનું પાત્ર થોડું નકારાત્મક હશે. ફિલ્મમાં નાગાર્જુન અને આમિર પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓ ધરાવે છે જે વાર્તામાં એક વળાંક લાવશે. તેનું દિગ્દર્શન લોકેશ કનાગરાજે કર્યું છે. હાલમાં ફિલ્મના બીજા શેડ્યૂલનું શૂટિંગ ચાલી રહ્યું છે.

બાયોપિક ફિલ્મનો રાજા 'અક્ષયકુમાર' !

# કેસરી-૨ પહેલા પણ અક્ષયકુમારે વાસ્તવિક જીવનના નાયકોની વાર્તાઓ પરથી ફિલ્મો કરી છે : રીયલ લાઈફ હીરો







મુંબઈ : અક્ષય કુમાર હાલ પોતાની આગામી ફિલ્મ કેસરી ચેપ્ટર ૨ના શૂટિંગમાં વ્યસ્ત છે. જલિયાંવાલા બાગ હત્યાકાંડ પર આધારિત આ ફિલ્મમાં અક્કી વકીલ સી શંકરન નાયરની ભૂમિકા નિભાવી રહ્યો છે. આ પહેલીવાર નથી જ્યારે અક્ષય રિયલ લાઈફ હીરોની બાયોપિકમાં કામ કરતો જોવા મળી રહ્યો છે. આ પહેલાં પણ તે ઘણી વખત આવું કરી ચૂક્યો છે

લાંબા સમયથી સિનેમા જગતમાં બાયોપિક ફિલ્મો બની રહી છે. ક્યારેક સપોર્ટ પર્સન તો ક્યારેક સુપરસ્ટારની સ્ટોરી પડદા પર બતાવવામાં આવે છે. જો કે અક્ષય કુમાર એક એવો અભિનેતા છે જે ફિલ્મોમાં રિયલ લાઈફ હીરોની કહાની બતાવે છે. કેસરી ચેપ્ટર ૨ પણ આ કળીની ફિલ્મ છે.

જલિયાંવાલા બાગ હત્યાકાંડ પર આધારિત આ ફિલ્મમાં અક્કીએ બ્રિટિશ શાસન સામે કાનૂની લડત લડનારા વકીલ સી શંકરન નાયરનો રોલ કર્યો છે. પરંતુ આ પહેલાં અક્ષય કુમાર આવી ઘણી બાયોપિકના હિસ્સા બની ચૂક્યા છે. ચાલો એક નજર કરીએ તે ફિલ્મોની યાદી પર....

### સ્કાય ફોર્સ

આ વર્ષે અક્ષય કુમારે સ્કાય ફોર્સ ફિલ્મ દ્વારા હિટ ફિલ્મોનું ખાતું ખોલાવ્યું છે. આ હવાઈ એક્શન થ્રિલર ભારતીય વાયુસેનાના પાઈલટ અઝામદ બોપૈયા દેવૈયાની બહાદુરીનો પરિચય આપે છે. આ ફિલ્મમાં અક્ષયે ગ્રુપ કેપ્ટન ઓપી તનેજાનો મહત્વનો રોલ કર્યો હતો.

### એરલિફ્ટ

એક અભિનેતા તરીકે અક્ષય કુમાર સમયાંતરે ઐતિહાસિક ઘટનાઓ પરથી પ્રેરિત થઈને ફિલ્મો બનાવતા રહ્યા છે. આ મામલે તેની ફિલ્મ એરલિફ્ટનું નામ પણ યાદ રાખવા જેવું છે. તેણે રણજિત કાત્યાલ (સની મેથ્યુ)ની ભૂમિકા ભજવી હતી, જેણે ૯૦ના દાયકામાં કુવૈત અને ઈરાક યુદ્ધ વચ્ચે હજારો ભારતીયોને સુરક્ષિત રીતે એરલિફ્ટ કર્યા હતાં.

### પેડ મેન

પેડ મેન ફિલ્મમાં અક્ષય કુમારે સાઉથ ઈન્ડિયન અરુણાચલમ મુરુગનાન્થમનો રોલ કર્યો હતો. આ તે જ માણસ છે જેણે મહિલાઓ માટે વપરાતા સસ્તા સેનિટરી પેડ્સની નવી ક્રાંતિ શરૂ કરી હતી. આ ઉપરાંત તેમણે સમાજનાં લોકોમાં માસિક ધર્મ અંગે જાગૃતિ પણ ફેલાવી હતી.

### ગોલ્ડ


વર્ષ ૨૦૧૮માં રિલીઝ થયેલી અક્ષય કુમારની ફિલ્મ ગોલ્ડમાં ભારતીય હોકી ટીમે દેશની આઝાદી બાદના ઓલિમ્પિકમાં જીતેલાં સૌપ્રથમ ગોલ્ડની કહાની રજૂ કરી છે. ભારતીય હોકી ટીમના મેનેજર કિશન લાલના ઓન-સ્ક્રીન પાત્ર તપન દાસના પાત્રમાં અક્કીએ પોતાના દમદાર અભિનયની છાપ છોડી હતી,

### કેસરી

કેસરી ચેપ્ટર ૨ પહેલાં અક્ષય કુમાર સારાગઢીના યુદ્ધ પર આધારિત ફિલ્મ કેસરીમાં પણ જોવા મળ્યાં છે. આ ફિલ્મમાં ખિલાડી કુમારે હવાલદાર ઈશર સિંહનો રોલ કર્યો હતો. તેમણે ૨૧ શીખોનું નેતૃત્વ કર્યું હતું, જેઓ દસ હજાર અફઘાનો સામે લડ્યાં હતાં. આ તો બોક્સ ઓફિસ પર બમ્પર સફળતા મેળવનાર અક્ષય કુમારની આ સફળ બાયોપિક રહી હતી. આ ઉપરાંત અક્કીએ મિશન રાનીગંજ, સમ્રાટ પૃથ્વીરાજ અને બેલબોટમ જેવી ફિલ્મોમાં પણ આવા જ પાત્રો ભજવ્યાં છે.

# એપ ખોલ્યા વગર જ કરી શકો છો વોટ્સએપ કોલ

નવી દિલ્હી : આજકાલ મોટાભાગનાં લોકો વોટ્સએપ કોલનો ઉપયોગ કરવા લાગ્યા છે. જેને ધ્યાનમાં રાખીને વોટ્સએપે એક કમાલનું ફીચર લોન્ચ કર્યું છે. જો કે, તે દરેક માટે ઉપલબ્ધ નથી. આ ફીચરની મદદથી હવે તમે વોટ્સએપને ડિફોલ્ટ એપ તરીકે સેટ કરી શકશો. એટલે કે જ્યારે પણ તમે કોઈને કોલ કરવા માંગો છો તો નંબર ડાયલ કર્યા બાદ કોલ તમારા સિમના માધ્યમથી જવાને બદલે સીધાં વોટ્સએપના માધ્યમથી થશે.




### ડિફોલ્ટ એપ્લિકેશન શું છે?

તમારા ફોનમાં ઘણી એપ્લિકેશનો માટે કેટલાક કાર્યો અગાઉથી નક્કી કરવામાં આવે છે. દાખલા તરીકે, તમારી મેસેજિંગ એપ્લિકેશન પર સંદેશા આવે છે અને તમારે ફોન કોલ્સ કરવા માટે ડાયલરનો ઉપયોગ કરવો પડે છે. આ એપ્સને ડિફોલ્ટ એપ્સ કહેવામાં આવે છે. વોટ્સએપ હવે તેમને બદલવાની તક આપી રહ્યું છે. ખરેખર, અત્યાર સુધી તમે ફોનના ડાયલરનો ઉપયોગ કોલ કરવા માટે કરતાં હતાં અને વોટ્સએપ કોલ કરવા માટે તમે એપ્લિકેશનમાં જઈને પછી કોલ કરતાં હતાં. હવે તમે વોટ્સએપના નવા ફીચરનો ઉપયોગ કરીને વોટ્સએપને ડિફોલ્ટ એપ તરીકે સેટ કરી શકો છો. આવી સ્થિતિમાં, તમારે વોટ્સએપ કોલ્સ માટે વોટ્સએપ એપ્લિકેશન પર જવાની જરૂર રહેશે નહીં. કોલને તમારા ફોન ડાયલર સાથે મેચ કર્યા પછી, તમારો કોલ આપમેળે વોટ્સએપ દ્વારા કરવામાં આવશે. આ સુવિધા હાલમાં ફક્ત આઈફોન યુઝર્સ માટે જ ઉપલબ્ધ છે.

### વોટ્સએપને આ રીતે ડિફોલ્ટ એપ બનાવો

- કંઈ પણ કરતાં પહેલાં, ખાતરી કરી લો કે વોટ્સએપ લેટેસ્ટ વર્ઝનમાં અપડેટ હોય. આ ફીચરને સક્ષમ કરવા માટે વોટ્સએપને વર્ઝન ૨૫.૧૦.૭૨ પર અપડેટ કરવાની જરૂર છે.
- સેટિંગ્સમાં, એપ્સ પર જાઓ. એપ્લિકેશન્સની અંદર, 'ડિફોલ્ટ એપ્લિકેશન્સ' વિકલ્પ પર ટેપ કરો. ડિફોલ્ટ એપ્લિકેશન્સ વિભાગમાં, કોલિંગ પર ટેપ કરો.
- કોલિંગ સેક્શનમાં વોટ્સએપને તમારી ડિફોલ્ટ કોલિંગ એપ તરીકે પસંદ કરો. આ પછી, તમે પુષ્ટિ કરી શકશો કે હવે કોલ કરવા માટે વોટ્સએપનો ઉપયોગ કરવામાં આવશે.

# ભારતીય હિરાની નિકાસ ફરીથી ચમક મેળવી શકશે ?

## ટ્રમ્પના ટેરીફ વોરને કારણે વૈશ્વિક માંગ અને અનિશ્ચિતતામાં ઘટાડો થવાથી ડાયમંડની નિકાસ બે દાયકામાં સૌથી નીચી સપાટીએ

નવી દિલ્હી : ડોનાલ્ડ ટ્રમ્પના નવા લાદવામાં આવેલા ટેરિફને કારણે વૈશ્વિક માંગ અને અનિશ્ચિતતામાં ઘટાડો થવાને કારણે ભારતની કટ અને પોલિશ્ડ ડાયમંડની નિકાસ બે દાયકામાં સૌથી નીચી સપાટીએ આવી ગઈ છે. ઉદ્યોગ માટે નાણાકીય વર્ષ ૨૬ કેવું દેખાશે ? અને નિકાસને પુનર્જીવિત કરવા માટે તે શું કરવું જોઈએ? તે વિશે સમજીએ...

### ડેટા શું દર્શાવે છે?

હીરા અને ઝવેરાતની નિકાસ વર્ષોથી સંઘર્ષ કરી રહી છે. નાણાકીય વર્ષ ૨૫માં હિરા અને ઝવેરાતની લગભગ તમામ કેટેગરીની નિકાસમાં ઘટાડો થયો છે. રોઇટર્સના જણાવ્યા અનુસાર, ખાસ કરીને કટ અને પોલિશ્ડ હીરાની નિકાસ વાર્ષિક ધોરણે લગભગ ૧૫% ઘટીને ૧.૧૨ ટ્રિલિયન થઈ ગઈ છે, જે લગભગ ૨૦- વર્ષની નીચી સપાટીએ છે. આ દરમિયાન જેમ્સ અને જ્વેલરીની એકંદર નિકાસમાં વાર્ષિક ધોરણે લગભગ ૧૦ ટકાનો ઘટાડો થયો છે. આ સતત ત્રીજું વર્ષ છે કે જ્યારે કટ અને પોલિશ્ડ હીરાની નિકાસ અને એકંદર ઝવેરાતની નિકાસ યુએસ ડોલરના મૂલ્યમાં ઘટી રહી છે. પરિણામે, રફ ડાયમંડની આયાતમાં પણ નાણાકીય વર્ષ ૨૫માં ૧૬ ટકાથી વધુનો ઘટાડો થયો છે.

### વેપારને શું નબળું પાડે છે ?

કોવિડના વર્ષોમાં આ ઉદ્યોગને પ્રથમ અસર થઈ હતી કારણ કે લોકડાઉન પ્રતિબંધોએ ઉત્પાદન અને વેપારને અસર કરી હતી. તે પછી, જેમ યુ.એસ. તરફથી કોવિડ પછીની માંગથી વેપારને વેગ મળ્યો, તે પછી રશિયા પરનાં પ્રતિબંધો શરૂ થયાં. રશિયન ખાણો એ રફ હીરાનો મુખ્ય સ્રોત છે. આ વર્ષે, યુ.એસ. અને ચીનમાં ગ્રાહકોની માંગમાં ઘટાડો - મૂલ્યની દ્રષ્ટિએ



વિશ્વના સૌથી મોટા લક્ઝરી બજારો- નિકાસને નુકસાન પહોંચાડી રહ્યાં છે. હવે, યુ.એસ.ના 'લિબરેશન ડે' ટ્રેડ ટેરિફને કારણે વૈશ્વિક અનિશ્ચિતતા વધી છે, કારણ કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે ભારતીય નિકાસ પર તીવ્ર પારસ્પરિક દરો લાદ્યા હતા, ત્યારબાદ તેમને ૯૦ દિવસ માટે સસ્પેન્ડ કરી દીધા હતાં.

### અહીં કોઈ આશાની કિરણ છે ?

કદાચ સોનાના આભૂષણોની નિકાસમાં વૃદ્ધિ રહી છે, જો કે તે કુલ જેમ્સ અને જ્વેલરીની નિકાસનો પ્રમાણમાં નાનો ભાગ છે. પારસ્પરિક ટેરિફ પરના વિરામ સાથે ઉદ્યોગને પણ ચિંતા ઘટી છે. કેટલાક લોકો એ છૂટથી આશા મેળવી રહ્યાં છે કે ટ્રમ્પ યુ.એસ.માં અન્ય આયાત માટે રોલઆઉટ કરી રહ્યાં છે, જેમાં ફાર્માસ્યુટિકલ્સ અને હવે, સ્માર્ટફોનનો સમાવેશ થાય છે.

### અહીંથી નિકાસ થતાં ઘરેણાં ક્યાં જાય છે ?

ટ્રમ્પના ટેરિફ અને યુ.એસ. અને ચીનમાં ગ્રાહકની માંગમાં મંદી ઉદ્યોગ માટે તાત્કાલિક ચિંતા હશે. યુએસ જ્વેલરી માર્કેટમાં ૨૦૨૪માં ૫%નો વધારો થયો હતો, પરંતુ ગ્રાહકોના ખર્ચની ટેવમાં ફેરફાર થતાં તેમાં વધારો થવાની સંભાવના નથી. તદુપરાંત, કુદરતી હીરાના લગભગ દસમા ભાગની કિંમતના લેબમાં તૈયાર કરવામાં આવતાં હીરા કુદરતી હીરાની ઝવેરાતની વૈશ્વિક માંગને નુકસાન પહોંચાડે છે અને કિંમતોમાં ઘટાડો કરી રહ્યા છે. ગયા વર્ષે, સુરતની ઘણી ફેક્ટરીઓ બંધ થઈ ગઈ હતી અને કુશળ કામદારોને મોટી સંખ્યામાં છૂટા કરવામાં આવ્યાં હતાં,

### ઉદ્યોગના નસીબને શું ઉલટાવી શકે છે?

ઉદ્યોગ સંસ્થાઓ સરકાર પાસેથી સુરક્ષા અને સોપ્સની માંગ કરી રહી છે, જેમાં કુદરતી હીરાને પ્રોત્સાહન આપવા અને પ્રયોગશાળામાં તૈયાર કરવામાં આવતા હીરાના વેચાણ અને માર્કેટિંગને નિયંત્રિત કરવાનો સમાવેશ થાય છે. જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલે પણ સરકારને વિનંતી કરી છે કે તેઓ કુદરતી હીરાના પ્રમોશન અભિયાનમાં ભંડોળ ફાળો આપે અને ઉદ્યોગને રત્ન - ટ્રેડિંગ બોર્સ સ્થાપવામાં મદદ કરે, વેપાર કેન્દ્રોમાં નાના પાયે એકમોને સસ્તી ક્રેડિટ આપે અને કેપિટલ ગેઇન ટેક્સ અને કિંમતી ઝવેરાત પરની આયાત ડ્યુટીમાં ઘટાડો કરે.

# મ્યુ.કોર્પો. દ્વારા ભગવતીપરામાં મેગા ડીમોલીશનઃ ૪૪ દુકાન, ૧૫ મકાનોના દબાણોની સાફસુફી

## વોર્ડ નં.૪ના ૧૮ મીટરના ટીપી રોડ પર અનઅધિકૃત રીતે ખડકાયેલા ૬૧ બાંધકામો તોડી પાડી કરોડો રૂપિયાની ૭૦૦.૨૮ ચો.મી. જમીન ખુલ્લી કરાઈ



રાજકોટ તા.૧૭

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે શહેરના વોર્ડ નં.૪ના ભગવતીપરા વિસ્તારમાં ૧૮.૦૦ મીટરના ટીપી રોડ પર અનઅધિકૃત રીતે ખડકાયેલા દબાણો હટાવી કરોડો રૂપિયાની ૭૦૦.૨૮ ચો.મીટર જમીન ખુલ્લી કરવામાં આવી હતી.

મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા ભગવતીપરા વિસ્તારના ૧૮.૦૦ મીટર ટીપી રોડ પર છેલ્લા લાંબા સમયથી ખડકાયેલા આ દબાણોને હટાવવા માટે અગાઉ દબાણકારોને નોટીસ ફટકારવામાં આવ્યા બાદ આજે મેગા ડીમોલીશન, પોલીસ બંદોબસ્ત હેઠળ હાથ ધરી આ દબાણોની સાફસુફી કરી હતી.

જેમાં વોર્ડ નં.૪ના ટીપી સ્કીમ નં.૩૧ના આ ટીપી રોડ ઉપર જુદી જુદી જગ્યાઓ પર આવેલ ૪૪ જેટલી દુકાનો પર બુલડોઝર ફેરવી ૪૨૯.૩૨ ચો.મી. જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. આવી જ રીતે આ રોડ પર વિવિધ જગ્યાઓ પર અનઅધિકૃત રીતે ખડાયેલા ૧૫ જેટલા મકાનોને પણ હટાવી ૨૩૦.૬૮ ચો.મીટર જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી.

તેની સાથોસાથ આ જ રોડ પરની જુદી જુદી જગ્યાઓ પરથી કંપાઉન્ડ વોલ અને પ્લીન્થના બે બાંધકામો હટાવી ૪૦.૨૮ ચો.મી. જમીન ખુલ્લી કરવામાં આવી હતી. મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા આજના આ ડીમોલીશનમાં ૭૦૦.૮૮ ચો.મી. જમીન કે જે રૂપિયા કરોડોની થાય છે તેના ઉપર ગેરકાયદેસર રીતે ખડકાયેલા આ દબાણોને તોડી પાડવામાં આવેલ હતા. આ મેગા ડીમોલીશન સીટી ઈજનેર એમ.આર. શ્રીવાસ્તવના માર્ગદર્શન હેઠળ કરવામા આવેલ હતું જેમાં ટાઉન પ્લાનીંગ, રોશની શાખા, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, ફાયર અને ઈમરજન્સી વિભાગ સહિતની મ્યુ.કોપો.ની વિવિધ શાખાઓના કર્મચારીઓ જોડાયા હતા.

### જીએસટી વેચાણ પર નહિં, સપ્લાય પર લાગતો હોવાનું અવલોકન

# વેપારી સાથે ઠગાઈ થઈ હોય તો પણ GST ચુકવવો પડે

અમદાવાદ તા.૧૭

એક દેશ એક કાનુનનાં ભાગરૂપે લાગુ થયેલા જીએસટી કાયદાની કેટલીક અટપટી જોગવાઈઓની વખતોવખત વિવાદના કિસ્સા સામે આવતા જ રહ્યા છે. આવા જ એક વિવાદીત કેસમાં ગુજરાત જીએસટી ઓથોરીટી ફોર એડવાન્સ રૂલીંગ દ્વારા એવો ચુકાદો આપવામાં આવ્યો છે કે વેપારી ઠગબાજોની ચૂંગાલમાં ફસાયો હોય તો પણ માલના વેચાણ પર જીએસટી ચુકવવો જ પડે. જીએસટી વસુલાત વેચાણ પર નહીં પણ સપ્લાય પર આધારીત છે.એટલે વેપારીને વેચેલા માલનું પેમેન્ટ ન મળે અને છેતરપીંડી થાય તો પણ તેને સપ્લાય કરેલ માલ પર ટેકસ ચુકવવો પડે.

રાજકોટ સ્થિત સબ મર્સીબલ ઉત્પાદક એકયુબ એન્જીટેક કંપનીએ આસામ સ્થિત કંપની દ્વારા થયેલી છેતરપીંડીને આગળ ધરીને જીએસટી ચુકવવા મામલે ઓથોરીટી પાસેથી સ્પષ્ટતા





### રાજકોટની સબમર્સીબલ કંપનીના કેસમાં જીએસટી ઓથોરીટી ફોર એડવાન્સ રૂલીંગનો ચુકાદો

માંગી હતી. ૨૦૨૩ માં કંપનીએ રૂા.૧૪.૫૧ કરોડની કિંમતનાં ૫૬૬૦ પંપ માતક ઓટોનોમસ કાઉન્સીલને મોકલ્યા હતા. પછી એવુ માલુમ પડયુ કે બોગસ દસ્તાવેજોનાં આધારે આ વ્યવહાર કરાયો હતો. આ મામલે પોલીસ ફરિયાદ થઈ હતી.જીએસટીની જવાબદારી વિશે ઓથોરીટી પાસે જીએસટીની જવાબદારી વિશે ઓથોરીટી પાસે સ્પષ્ટતા માગવામાં આવી હતી. આઈજીએસટીની કલમ સાથે આગળ ધરવામાં આવી હતી.

ઓથોરીટીએ આપેલા ચુકાદામાં એમ કહ્યુ છે કે આઈજીએસટી કાયદાની કલમ ૨૦ તથા સીજીએસટીની કલમ ૧૨ હેઠળ કંપનીએ માલની સપ્લાય કરી છે. જીએસટી કાયદા મુજબ માનવ વપરાશના શરાબ સિવાયના માલ તથા સેવાની સપ્લાય પર ટેકસ લાગુ પડે છે.માલની ફીઝીકલ ડીલીવરી થઈ છે ત્યારે બનાવટી ઓર્ડરનાં આધારે છેતરપીંડીની દલીલ લાગુ પડતી નથી. છેતરપીંડીની બાબત કરારમાં લાગુ પડે છે પરંતુ અરજદાર 'સપ્લાય'માંથી બાકાત રહ્યા નથી.





# રાજકોટમાં સતત ત્રીજા દિવસે ૪૩ ડિગ્રી



### જિલ્લામાં હજુ ચાર દિવસ દરમ્યાન તાપમાનનો પારો ૪૪ ડિગ્રી સુધી પહોંચી જશે

રાજકોટ, તા. ૧૭

રાજકોટમાં હિટવેવ કંડીશનનાં પગલે આજે સતત ત્રીજા દિવસે ૪૩ ડિગ્રી સુધી તાપમાન પહોંચી જતા લોકો શેકાયા હતા. આજે બપોરે ૨.૩૦ કલાકે શહેરનું તાપમાન ૪૨.૬ ડિગ્રીએ પહોંચી જતા આજે પણ મહતમ તાપમાન ૪૩ ડિગ્રી થઇ જવાથી પૂરી શકયતા છે. જયારે બપોરે હવામાં ભેજ ૨૨ ટકા રહ્યો હતો અને પવનની ઝડપ ૮ કિ.મી. પ્રતિ કલાક રહેવા પામી હતી.

(અનુસંધાન ૧૨ મા પાને)

Auto E-INVOICE / E-WAY BILL
શ્રી
એકાઉન્ટ, બીલીંગ તથા સ્ટોક માટેનો શ્રેષ્ઠ સૌથી સરળ કોમ્પ્યુટર પ્રોગ્રામ
FOR DEMO : C-POINT
9773428998, 0281-2464241

યુ-ફોમ ગાદલા સોફા મટીરીયલ્સ
વ્યાજબી ભાવે છુટક તથા જથ્થાબંધ મળશે
આપની ડીઝાઈન મુજબ સોફાસેટ બનાવી આપીશું
લાલા ફોમ એજન્સી
વ્રજ આર્કેડ, ૨-ભકિતનગર સ્ટેશન રોડ, બેંક ઓફ બરોડાની બાજુમાં, રાજકોટ.
સંપર્ક : 98253 60033, 98242 18687

ધાધર!!! થી પરેશાન છો ?
તો માત્ર ૭ દિવસમાં રાહત મેળવો
બાલાજી ફાર્મસી 2 to 5 pm બંધ
રાજશ્રી ટોકીઝ સામે, ભુપેન્દ્ર રોડ, રાજકોટ.
70401 99999

કાર રીમોટ
ઓરીજનલ રીમોટ સેલ (પાવર) ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836

હોસ્પિટલ લાયક જગ્યા ભાડે - વેચાણથી આપવાની છે
મેઈન રોડ ટચ, ફર્સ્ટ ફલોર, રૈયા રોડ, આશરે 500 સ્કે. ફુટ
Mo. 80001 11388

સાંજ સમાચાર
રાજકોટ સીટી આવૃત્તિ
રજૂ કરે છે
ગૃહિણી વિશેષ વાર્ષિક લવાજમ યોજના
2025-26

યોજના નં.૧
₹ ૧૧૦૦
આખું વર્ષ સાંજ સમાચાર સાથે
ગેરેન્ટેડ ગીફ્ટ ફ્રી
VARMORA
વરમોરા કંપનીની
ઈન્સ્યુલેટેડ વોટર બોટલ
ગરમ અને ઠંડા બન્ને માટે ઉપયોગી
અથવા
DAAWAT
૧ કિલો દાવત કંપનીના
બાસમતી ચોખા

આ ઉપરાંત
૧૦/૫/૨૫ સુધીમાં
લવાજમ ભરનાર દરેક ગ્રાહકને
બોનસ ભેટ ૧ કિલો ખાંડ
(યોજના નં.૧ અથવા ૨ કોઈપણ યોજનામાં સમય મર્યાદામાં લવાજમ ભરનારને જ આ ગીફટનો લાભ મળશે)
તથા
દર વર્ષની જેમ
ઈનામી ડ્રો
કુલ ઈનામો
૧૫૧૫

પહેલું ઈનામ
LED ટીવી
૧૦ ગ્રાહકોને
બીજું ઈનામ
એરકુલર
૧૦ ગ્રાહકોને
ત્રીજું ઈનામ
મોબાઈલ
૧૦ ગ્રાહકોને
ચોથુ ઈનામ
સ્માર્ટ વોચ
૧૦ ગ્રાહકોને
પાંચમું ઈનામ
હેન્ડ બ્લેન્ડર
૧૦ ગ્રાહકોને
છઠ્ઠું ઈનામ
બ્લુટુથ સ્પીકર
૨૦ ગ્રાહકોને
સાતમું ઈનામ
૫૦૦ ગ્રામ ચા
૧૪૪૫ ગ્રાહકોને

યોજના નં.૨
₹ ૧૩૦૦
આખું વર્ષ સાંજ સમાચાર સાથે
ગેરેન્ટેડ ગીફ્ટ
VARMORA
વરમોરા કંપનીનો
૫ લીટરનો વોટર જગ
અથવા
ALFA PROTEINS
૨ લીટર સીંગતેલ

લવાજમ સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૦/૦૫/૨૦૨૫
લવાજમનો સમય ૧/૪/૨૦૨૫ થી ૩૧/૩/૨૦૨૬

સાંજ સમાચાર લવાજમની મુદત
તા. ૦૧/૦૪/૨૦૨૫ થી ૩૧/૦૩/૨૦૨૬

ઈનામી ડ્રો માં તમામ ઈનામો
૧-રાજકોટ શહેર આવૃત્તિ તથા
૧-જામનગર-સૌરાષ્ટ્ર આવૃત્તિમાં અપાશે

ખાસ નોંધ : ઈનામી ડ્રો કુપન આધારિત રહેશે
જેના કુપન સમય મર્યાદાની અંદર લવાજમ ભરનાર ગ્રાહકે એજન્ટ ભાઈઓ પાસે મેળવી લેવાના રહેશે.

વધુ વિગત માટે આપના ગામના/શહેરના/વિસ્તારના સ્થાનિક એજન્ટ ભાઈઓ અથવા વિતરક બંધુઓનો સંપર્ક સાધોઃ સાંજ એડવર્ટાઈઝર્સ, સાંજ સમાચાર કોર્પોરેટ હાઉસ, બીજા માળે, કસ્તુરબા રોડ, શારદાબાગની બાજુમાં, રાજકોટ-૧. મો. ૯૬૬૨૨ ૯૬૬૫૫

વિશેષ નોંધ : લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ધારકોને લાગુ પડશે નહિં. • ઈનામની રકમ અથવા વસ્તુ પર કોઈપણ પ્રકારનો સરકારી ટેકસ અથવા ઈન્કમટેકસ ઈનામ વિજેતા ગ્રાહકોએ જ ભરવાનો રહેશે. લવાજમ ભરનાર ગ્રાહકોએ 'સાંજ સમાચાર'ની 'સાંજ એડવર્ટાઈઝર્સ'ની છાપેલ કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો. અનઅધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી 'સાંજ સમાચાર'ની રહેશે નહિં. • આ ઉપરાંત 'સાંજ સમાચાર'ની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.

વિશ્વ હોમિયોપેથી દિવસ અંતર્ગત

# એલ. આર. શાહ હોમિયોપેથી કોલેજ દ્વારા સતત ત્રીજા વર્ષે બે દિવસીય ગાર્ડી હોમિયોપેથિક કોલોક્વિઅમનું ભવ્ય આયોજન

## ૩૫ વર્ષથી વધુ હોમિયોપેથી ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવનાર આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત દિલ્હીના ડો. યોગેશ સેહગલ વિદ્યાર્થીઓ, ઈન્ટર્ન્સ અને તબીબોને માર્ગદર્શન આપશે

રાજકોટ, તા. ૧૭

રાજકોટની જાણીતી ગાર્ડી વિદ્યાપીઠ સ્થિત એલ. આર. શાહ હોમિયોપેથી કોલેજમાં વિશ્વ હોમિયોપેથી દિવસની ઉજવણીના ભાગરૂપે ગાર્ડી હોમિયોપેથિક કોલોક્વિઅમનું આયોજન ૧૯ અને ૨૦ એપ્રિલના રોજ ગાર્ડી વિદ્યાપીઠ કેમ્પસના વિશાળ ઓડિટોરિયમ માં આયોજિત કરવામાં આવેલ છે. જેમાં વકતા સ્થાને ૩૫ વર્ષથી વધુ હોમિયોપેથ ક્ષેત્રે બહોળો



અનુભવ ધરાવનાર દિલ્હીના ડો. યોગેશ સેહગલને આમંત્રિત કરવામાં આવ્યા છે. જે આ બે દિવસ દરમિયાન વિદ્યાર્થીઓ, ઈન્ટર્ન્સ અને તબીબોને માર્ગદર્શિત કરશે.

બે દિવસ ચાલનાર સેમિનાર અંગે વધુ માહિતી આપતા એલ. આર. શાહ હોમિયોપેથી કોલેજ પ્રિન્સીપાલ ડો. ભાસ્કર ભટ્ટ એ જણાવ્યું હતું કે હોમિયોપેથીના સ્થાપક ડો. સેમ્યુઅલ હેનેમેનની જન્મજયંતિના સન્માન માટે ઉજવવામાં આવતો આ એક વિશેષ દિવસ છે. વિશ્વભરના લોકોમાં હોમિયોપેથી અને તેના ફાયદા વિશે જાગૃતિ



ફેલાવવાના ઉદ્દેશથી તથા સર્વગ્રાહી સ્વાસ્થ્ય અને સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે ડો. હેનેમેનના યોગદાન અને હોમિયોપેથીની પ્રેક્ટિસને ઓળખવાના પ્રયાસરુપે સતત ત્રીજા વર્ષે હોમિયોપેથનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, ઈન્ટર્નસ અને તબીબો માટે આ માહિતીસભર સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે.

આ સેમિનારના વકતા સ્થાને આમંત્રિત ડો. યોગેશ સેહગલ એ હોમિયોપેથીમાં ત્રણથી વધુ દાયકાથી કાર્યરત એક જાણીતા અને અનુભવી તબીબ છે.

ગાર્ડી વિદ્યાપીઠના વિશાળ સી.સી હોલ ખાતે સવારે ૧૦ થી બપોરે ૦૪ વાગ્યા સુધી ચાલનાર આ સેમિનારના પ્રથમ દિવસે એટલે કે ૧૯ એપ્રિલના રોજ હોમિયોપેથીના વિદ્યાર્થીઓ માટે આયોજીત સેમિનારના પ્રથમ સેશનમાં કિંગડમ ઓફ માઈન્ડ વિષય ઉપર સવિસ્તાર માર્ગદર્શન આપવામાં આવશે. જ્યારે બીજા સેશનમાં આર્ટ ઓફ કેસ ટેકિંગ, અન્ડરસ્ટેન્ડીંગ ઓફ મેન્ટલ સ્ટેટ અને એપ્લાઈંગ એક્યુરેટ ઓફ માઈન્ડ રુબ્રિક્સ જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવશે. તબીબો અને ઈન્ટર માટે આયોજીત સેમિનારના બીજા દિવસે ૨૦ એપ્રિલના રોજ પ્રથમ સેશનમાં એક્યુટ એન્ડ ક્રોનિક કેસિસ આધારીત વીડિઓ, એક્યુટ એન્ડ ક્રોનિક કેસિસ પોટેન્સી સિલેકશન જેવા વિષયો પર વક્તવ્ય રજૂ કરવામાં આવશે. જ્યારે બીજા સેશનમાં મેનેજમેન્ટ ઓફ કેસ અને ફોલો ઓન ઓફ ધ બેઝિઝ ઓફ સેહગલ મેથડ જેવા વિષય પર ઉપસ્થિત તબીબો અને ઇન્ટરસને માહિતગાર કરવામાં આવશે.આ કાર્યક્રમના આયોજન માટે સંસ્થાના ચેરમેન ડી.વી.મહેતા, મેનેજીંગ



ડો. યોગેશ સેહગલ

ડિરેક્ટર જયભાઈ મહેતા અને એલ. આર. શાહ હોમિયોપેથી કોલેજ પ્રિન્સીપાલ ડો. ભાસ્કર ભટ્ટના માર્ગદર્શનમાં ડો. એ. પી. એસ. છાબરા, ડો. પિંકી શ્રીવાસ્તવ, ડો. દિનેશ રાવત, ડો. તુલિકા શિખા, ડો. સમર્થ સિંઘ, ડો પુનમ પટેલ, ડો વિમલા, ડો. પીયૂષ જિંજુવાડીઆ, ડો. ઉત્સવ, ડો. વિવેક વસોયા અને ડો. વૈદેહી ભટ્ટ જહેમત ઉઠાવી રહ્યા છે.

# જન્મ-મરણનો દાખલો મેળવવા કેન્દ્રમાં લાં....બી લાઈનો





રાજકોટ મહાનગર જન્મ નોંધ અને મરણ નોંધ બાદ જન્મ-મરણના દાખલા માટે મ્યુ.કમિશ્નર કચેરી ખાતે કેન્દ્ર કાર્યરત છે. આ કેન્દ્ર દરરોજ સવારથી જ અરજદારોની કતારો લાગી રહી છે. સવારે ૧૦ કલાકે જન્મ-મરણ વિભાગની કચેરી ખુલે તે પહેલાં જ અરજદારોની લાઈનો લાગી રહી છે.સવારથી સાંજના પાંચ કલાક સુધી દિવસભર અરજદારો જન્મ-મૃત્યુ નોંધનો દાખલો મેળવવા ઉમટી રહ્યા છે.જન્મ-મૃત્યુ નોંધની પ્રથમ પાંચ નકલ ફીમાં મળી રહે છે.પાંચ વધારે નકલ મેળવવા નિયત આજે વસુલવામાં આવે છે જન્મ-મરણ વિભાગમાં દરરોજ અરજદારોની લાંબી કતારો જોવા મળી રહી છે.

(તસ્વીર: દેવેન અમરેલીયા)

# જામનગર રોડ પર સાંઢિયા પૂલને ડીસમેન્ટલ કરી નવા ફલાયઓવર બ્રિજની નિર્માણ કામગીરી પુરજોશમાં

## ૧૨૦ પૈકી ૧૦૧ ગડરનું આર.સી.સી. કામ પૂર્ણ : એક વર્ષમાં ૪૫% ફિઝિકલ-૩૬% ફાઈનાન્સિયલ પ્રોગ્રેસ





રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના જામનગર રોડ પર હયાત સાંઢિયા પૂલને ડીસમેન્ટલ કરી નવા ફ્લાયઓવર બ્રિજ બનાવવાનું કામ હાલ પુરજોશમાં ચાલી રહ્યું છે. આ કામ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૂ.૭૪.૩૨ કરોડના ખર્ચે એજન્સી ખત. ચેતન કન્સ્ટ્રકશન કંપનીને તા.૧૪-૦૩-૨૦૨૪થી સોંપવામાં આવેલ છે.

આ કામગીરીની સમયમર્યાદા બે વર્ષ છે. આ કામે અંદાજિત એક વર્ષમાં ૪૫% ફીઝીકલ પ્રોગ્રેસ તથા ૩૬% ફાઇનાન્સિયલ પ્રોગ્રેસ થયેલ છે. જામનગર રોડ ખાતે બની રહેલ નવા ફ્લાયઓવર બ્રિજના કામમાં કુલ ૨૦ પૈકી ૧૮ ફૂટીંગનું આર.સી.સી. કામ, કુલ-૪૦ પૈકી ૩૦ પિયરનું આર.સી.સી. કામ, કુલ ૨૦ પૈકી ૧૨ પિયર કેપ તથા કુલ ૧૨૦ પૈકી ૧૦૧ ગડરનું આર.સી.સી. કામ પૂર્ણ થયેલ છે.

મ્યુનિસિપલ કમિશનરશ્રી તુષાર સુમેરાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ શાખાધિકારીશ્રીઓની રીવ્યુ મીટિંગમાં આ કામ સમયમર્યાદામાં પૂર્ણ કરવા સંબંધિત અધિકારીશ્રીને સુચના આપી હતી.

# બાર કાઉન્સિલનાં સભ્યની ખાલી પડેલ જગ્યાની ચૂંટણી માટે જાહેરનામુ પ્રસિદ્ધ

## તા.૨૧ થી ૨૩ સુધી ફોર્મ ભરાશે તા.૨૬મીએ ચૂંટણી

રાજકોટ,તા.૧૭

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે. પટેલ તથા ફાઇનાન્સ કમિટીના ચેરમેન અનિલ કેલ્લા એક અખબારી યાદીમાં જણાવે છે કે બાર કાઉન્સિલ ગુજરાતના છેલ્લા ૫ ટર્મથી ચૂંટાયેલા સિનિયર સભ્ય અફઝલખાન પઠાણનું તા.૧૨/૦૪/૨૦૨૫ ના રોજ આકસ્મિક અવસાન થયેલ અને બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા ના નિયમ અનુસાર કોઈપણ ચાલુ સભ્યનું અવસાન થાય તો તેની ખાલી પડેલી જગ્યા ૧૫ દિવસમાં ચૂંટણી દ્વારા ભરવાની હોય છે. અને આ ખાલી પડેલી જગ્યાની ચૂંટણીમાં બાર કાઉન્સિલના ચૂંટાયેલા સભ્યો મતદાન કરી શકતા હોય છે.

આ ચૂંટણીમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે. જે. પટેલે પ્રિસાઇડીંગ ઓફિસર તરીકે કામગીરી કરવાની હોય છે. સભ્ય શ્રી અફઝલખાન પઠાણના અવસાનને કારણે પડેલી ખાલી જગ્યાને ભરવા માટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ઇન્ચાર્જ સેક્રેટરી તરફથી તા. ૧૭/૦૪/૨૦૨૫ ના રોજ ચૂંટણી અંગેનું જાહેરનામું (notification) બહાર પાડવામાં આવશે અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની કચેરીના નોટિસ બોર્ડ પર મુકવામાં આવશે. જેમાં તા.૨૧/૦૪/૨૦૨૫ થી તા. ૨૩/૦૪/૨૦૨૫ એમ ત્રણ દિવસ સવારના ૧૧.૦૦ કલાક થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્યની ઉમેદવારી કરવા માટેનું ફોર્મ બાર કાઉન્સિલના બે ચૂંટાયેલા સભ્યોની સહીથી ભરી શકાશે. અને તા. ૨૪/૦૪/૨૦૨૫ ના રોજ,ફોર્મની ચકાસણી તા.૨૫/૪/૨૦૨૫ના રોજ ઉમેદવાર ફોર્મ પરત લઈ શકશે. અને જો ૨ થી વધુ ઉમેદવાર હશે તો તા.૨૬/૦૪/૨૦૨૫ ના રોજ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની મળનારી સાધારણ સભામાં બેલેટ પેપર દ્વારા લોકશાહી પદ્ધતિ થી ચૂંટણી કરવામાં આવશે. અને જેમાં વધુ મત મેળવનાર ધારાશાસ્ત્રી ઉમેદવારને બાર કાઉન્સિલના ચૂંટાયેલ સભ્ય તરીકે જાહેર કરવામાં આવશે,તેમ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની અખબારીયાદીમાં જણાવેલ છે.તેમ યાદીમાં બીસીજી ઈન્ચાર્જ સેક્રેટરી સિદ્ધિ ડી.ભાવસારે જણાવ્યું છે.

# મહાવીર મણિભદ્ર જૈનયુવા ગ્રુપઆજે રાત્રે માંડવી ચોક દેરાસરે દીક્ષાર્થી કુ.હેત્વીબેન પરમારનું સન્માન કરાશે

રાજકોટ,તા.૧૭

શ્રી મહાવીર મણિભદ્ર જૈન યુવા ગ્રુપ દ્વારા દર ગુરૂવારે શ્રી સુપાર્શ્વનાથ જિનાલય (માંડવી ચોક)માં રાત્રે ૧૦.૩૦ થી ૧૧ જૈનોની બેઠક યોજવામાં આવતી હોય છે.આજે તા.૧૭ના ગુરૂવારે



રાત્રે ૧૦ વાગે રાજકોટમાં આગામી તા.૮મી મેના પ્રવ્રજયા અંગીકાર કરનાર મુમુક્ષુ હેત્વીબેન વિમલભાઈ પરમારનું સન્માન કરવામાં આવનાર છે. રાત્રે ૧૦.૩૦ થી ૧૧ સંસ્થાની બેઠક યોજાશે દીક્ષાર્થી ચિ.હેત્વીની દીક્ષા પૂ.પ્રશાંતમૂર્તિ, આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય તીર્થભદ્ર સૂરિશ્વરજીમ.આદિની નિશ્રામાં યોજાશે.

# બસ અકસ્માતના હતભાગીઓને નિઃશુલ્ક કાનુની મદદ કરવા એડવોકેટ વિકાસ શેઠની જાહેરાત

રાજકોટ, તા.૧૭

રાજકોટના ઈતિહાસમાં ગઈકાલ તા. ૧૬નો ગોજારો દિવસ રાજકોટની જનતા ભુલી શકે તેમ નથી. રોડ ઉપર ઉભેલા પ્રજાજનો ઉપર પબ્લીક ટ્રાન્સપોર્ટની કામગીરી કરતા બસ ચાલકે નિર્દોષ ચાર વ્યકિતનો સ્થળ પર જીવ લઈ લીધેલ અને અન્ય પાંચ વ્યકિતઓને ગંભીર ઈજા પહોંચાડેલ. બસ અકસ્માતના હતભાગીઓને નિ:શુલ્ક કાનુની મદદ કરવા એડવોકેટ વિકાસ શેઠએ ભોગ બનનારને એજન્સી પાસેથી સહાયની રકમ અપાવવા તૈયારી બતાવી છે

.આ અકસ્માત બન્યા બાદ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનએ બસ કોન્ટ્રાકટ એજન્સી કે જે આ ઘટનામાં મુખ્ય આરોપી છે. તેના વતી ૧૫-૧૫ લાખ રૂપિયાની સહાય જાહેર કરેલ છે.

પરંતુ આવી સહાયની રકમ ગુનાહિત કૃત્યમાં સહભાગી એવી એજન્સી પાસેથી વસુલવી જોઈએ. તેવી રકમ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને બસ કોન્ટ્રાકટ એજન્સી કે જે દિલ્લીની છે, તેની તથા તેના રાજકોટના વહીવટકર્તા અને મેનેજરો પાસેથી વસુલવાની કાર્યવાહીમાં પણ નિ:શુલ્ક કાનૂની માર્ગદર્શન આપવાની એડવોકેટ વિકાસ શેઠ તૈયારી દર્શાવેલ છે.

‘સાંજ સમાચાર’ના અહેવાલનો પડઘો

# સંત કબીર રોડની જોખમી કડ દૂર કરતું તંત્ર : વાહન ચાલકોને રાહત

## તંત્રની તાત્કાલિક કાર્યવાહીની સરાહના કરતું ‘સાંજ સમાચાર’

રાજકોટ, તા. ૧૭

શહેરના પાંજરાપોળની સામે સંતકબીર રોડની શરૂઆતના ભાગમાં જ તૂટેલો રોડ જોવા મળ્યો હતો. રોડના તૂટેલા ભાગની કડ ૫ થી ૬ ઇંચ જેટલી ઊંડી જણાઈ હતી. જો આ ભાગ પર ૨ વ્હીલરનું પૈડું આવે એટલે નક્કી તે ચાલક પડે જ. આ અતિ ટ્રાફિકવાળી જગ્યા હોવાથી અહીં બહોળી સંખ્યામાં વાહનો સત્તત પસાર થતા હોય છે. ખાસ કરીને રાતના અંધારાના સમયમાં વધુ મુશ્કેલી સર્જાઈ શકે તેમ હતી. અહીં પસાર થતા વાહનો માટે આ રોડ અતિ જોખમી જણાતા ‘સાંજ સમાચાર’એ ૪ દિવસ પહેલા એક અહેવાલ રજૂ કરી તંત્રનું ધ્યાન દોર્યું હતું. જેના ભાગ રૂપે તંત્ર પણ સફાળું જાગ્યું હતું અને તે તૂટેલા ભાગને તાત્કાલિક ધોરણે રિપેર પણ કરી દેવાયો છે. હવે ચાલકને કોઈ મુશ્કેલી પડે તેમ નથી. તંત્ર દ્વારા લેવાયેલા તાત્કાલિક પગલાની ‘સાંજ સમાચાર’ સરાહના કરે છે.



(તસ્વીર : દર્શિત ગાંગડીયા)

‘સાંજ સમાચાર’ અવારનવાર લોક રજુઆતોને ધ્યાનમાં રાખી અહેવાલ પ્રસિધ્ધ કરે છે ત્યારે વધુ એક અહેવાલે લોકોની સમસ્યા દુર કરી છે.

# રામાપીર ચોકડીની વોર્ડ ઓફિસ પાસે આવેલ શાકમાર્કેટમાં કચરાના ઢગલા

## યોગ્ય સફાઈ માટે અનેકવાર રજુઆત છતા તંત્રના આંખ આડા કાન



રાજકોટ,તા.૧૭

વિશ્વનું સાતમું સૌથી ઝડપથી વિકસતું શહેર, દેશનું નવમું સૌથી સ્વચ્છ શહેર, ઑટો મોબાઈલ પાર્ટ્સનું હબ અને મોજીલું શહેર એટલે રાજકોટ. આજી અને ન્યારી નદીના કિનારે આ શહેર વસેલું છે. એક સમયે રાજકોટ સૌરાષ્ટ્રની રાજધાની હતું. તહેવારોની ઉજવણીમાં રાજકોટવાસીઓ હંમેશા અગ્રેસર હોય છે જેને કારણે રંગીલુ રાજકોટ તરીકે આગવી ઓળખ ઊભી કરી છે. પરંતુ જયાં ત્યાં થયેલા કચરાના ઢગલાઓ રાજકોટની છબીને લાંછન લગાડે છે.

રાજકોટના રામાપીર ચોકડીએ આવલી વર્લ્ડ ઓફિસની બાજુમાં શાકમાર્કેટ ભરાય છે જ્યાં હજારો લોકો શાકભાજી ખરીદવા આવતા હોય છે. આ શાક માર્કેટની બાજુમાં જ એટલા મોટા કચરાના ઢગલાઓ છે કે શાકની લારી પણ દૂરથી દેખાતી નથી. વળી આ કચરાના ઢગલાઓના કારણે ગંદકી ફેલાતી હોય તેમજ મચ્છરોનો ઉપદ્રવ પણ વધી રહ્યો છે ત્યારે લોકોના આરોગ્ય સામે ખતરો ઉભો થયો છે. આ વિસ્તારના રહીશો દ્વારા આ બાબતે અનેકવાર અધિકારીઓને રજૂઆત કરવા છતાં પણ આ ખતરના ઢગલાઓનો નિકાલ કરવામાં આવતો નથી ત્યારે લોકોના આરોગ્યને ધ્યાનમાં લઈને તાત્કાલિક ધોરણે આ કચરાના ઢગલાઓ નિકાલ કરવામાં આવે તેવી લોક માંગણી ઉઠવા પામી છે.




# અમદાવાદની નર્તન સ્કૂલની પ્રશિતા સુરાણાને ગોલ્ડ મેડલ : ગૌરવ

અમદાવાદની નર્તન ડાન્સ સ્કૂલના ડાયરેકટર શ્રીમતી સ્મિતાશાસ્ત્રીની શિષ્યા પ્રશિતા સુરાણાએ ભરત નાટયમ નૃત્યની પ્રસ્તૃતિમાં સિદ્ધિ મેળવતાં નાગપુરમાં કવિ કલાગુરૂ કાલીદાસ સંસ્કૃત યુનિ.દ્વારા બે સન્માનપત્ર તથા ગોલ્ડ મેડલ મેળવેલ છે તે પ્રસંગની તસ્વીર

# જીએચસીએલએ વર્ષ ૨૦૩૦ સુધીમાં સ્કોપ ૧ અને ૨ ઉત્સર્જનને ઘટાડીને ૩૦% કરવાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક નિર્ધારીત કર્યો

અમદાવાદ : ગ્રીન મેન્યુફેકચરીંગને જબરદસ્ત પ્રોત્સાહન આપવા માટે ભારતની અગ્રણી સોડા એશ ઉત્પાદનકર્તા કંપની જીએચસીએલ લિમિટેડએ વર્ષ ૨૦૩૦ સુધીમાં સ્કોપ ૧ અને ૨ કાર્બન ઉત્સર્જનને ઘટાડીને ૩૦% કરવાનું તેનું લક્ષ્યાંક જાહેર કર્યુ છે. આ પગલું સસ્ટેનેબલ ઇન્ડસ્ટ્રીયલ પ્રેકટીસીસ પ્રત્યેની કંપનીની વ્યાપક કટીબધ્ધતાનો એક હિસ્સો છે. સ્કોપ ૧ ઉત્સર્જન કંપનીની માલીકીના કે તેના દ્વારા નિયંત્રીત થતાં સ્ત્રોતોમાંથી સીધા ઉત્સર્જિત થતા ગ્રીનહાઉસ ગેસ (જીએચજી)ને સંદર્ભિત કરે છે. જ્યારે સ્કોપ ૨ ઉત્સર્જન ખરીદવામાં આવેલી વીજળી, વરાળ, ઉષ્મા કે ફલિંગના ઉત્પાદનમાંથી પરોક્ષ રીતે ઉત્સર્જિત થતા જીએચજીને સંદર્ભિત કરે છે.

ગ્રીન અને સસ્ટેનેબલ મેન્યુફેકચરીંગ માટેના જીએચસીએલના પ્રયાસો આ વર્ષની વર્લ્ડ અર્થ ડેની થીમ, અવર પાવર, અવર પ્લાનેટની સાથે સુસંગત છે. જે પુન: પ્રાપ્ય ઉર્જાને અપનાવવા પર ભાર મૂકે છે અને તેનો ઉદ્દેશ્ય વર્ષ ૨૦૩૦ સુધીમાં પુનઃ પ્રાપ્ય સ્ત્રોતોમાંથી વૈશ્વિક વીજ ઉત્પાદન ત્રણ ગણું કરવાનો છે.





તસ્વીર: પંકજ શિશાંગીયા

# મવડી રોડ પર આડેધડ વાહન પાર્કિંગની ભારે સમસ્યા : વેપારીઓ ત્રસ્ત

## આડેધડ વાહન પાર્કિંગથી અડધો રસ્તો બ્લોક : ઉકેલ લાવવા માંગ

રાજકોટ, તા. ૧૭

મવડી વિસ્તારમાં બાપાસિતારામ ચોકથી મવડી ચોકડી સુધીના રોડ પર આડેધડ વાહન પાર્કિંગની ભારે સમસ્યા જોવા મળી હતી. ‘સાંજ સમાચાર’ની ટીમે ત્યાંના વેપારીઓ સાથે વાત કરતા જાણવા મળ્યું છે કે; અહીં આ રસ્તા પર આડેધડ વાહન પાર્કિંગ કરવામાં આવી રહ્યા છે. જેને લઇને એક બાજુનો અડધો રસ્તો બ્લોક થઇ જાય છે.

આ સિવાય અહીંનો રોડ પણ સારી હાલતમાં નથી તેમજ ધૂળ ઉડવાથી ત્યાંના કાયમી દુકાનદારોને મુશ્કેલી પડી રહી છે. વિરાટ કાંટાની સામે જતા રોડ પર એક બાજુ વાહનો પાર્ક કરાય છે. જેને લઇને રોડના શરૂઆતના ભાગે ચોકમાં જ દબાણ કરવાથી અહી કાયમી પસાર થતાં લોકોને મુશ્કેલી વેઠવી પડે છે. જો ત્યાં વાહન પાર્ક ન કરવા દેવામાં આવે તો એ રોડ સારી રીતે ખુલ્લો થાય તેમજ અહીંની ટ્રાફિક સમસ્યા પણ હળવી બની જાય. આ ચોકમાં રોડની વચ્ચે એક તૂટેલો અને ખાડા વાળો ભાગ પણ મુશ્કેલીનું કારણ બન્યો છે. જો કે હાલમાં તંત્રએ અહીં બેરિકેટિંગ કર્યું છે.

# કાલાવડના શીશાંગ ગામે રંગીલા હનુમાનજી દાદાના મંદિરે હનુમાન જયંતિ મહોત્સવની ઉજવણી





રાજકોટ,તા.૧૭

કાલાવડના શીશાંગ ગામે તા :૧૨-૦૪-૨૦૨૫ ને શનીવારના રોજ શ્રી રંગીલા હનુમાનજી દાદા ના સાનીધ્યમા પધારેલા દરેક ભાવિક ભક્તો તેમજ ગ્રામજનોના સાથ સહકારથી ખુબજ ધામધૂમ પૂર્વક હનુમાન જયંતિ (જન્મોત્સવ) ઉજવાયો .જેમા હનુમાનજી દાદાની ધજા ચડાવવા આવી હતી તેમજ બાળકો અને પધારેલા દરેક ભાવિક ભક્તો માટે મહા પ્રસાદનુ આયોજન કરવામા આવીયુ તેમજ ભાવિક ભક્તો માટે લીંબુ સરબતનો પ્રસાદ આપવા આવેલ હતો આ સાથે પ્રસાદ લેવા આવેલ દરેક બાળકોને કપાસ બોક્સ સ્કેચપેન કલર તેમજ સ્ટેશનરી કીટ ની ભેટ આપવામા આવી હતી.